॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥


# શ્રી ઠાકોરજીની સેવા રીતિ

***(વૈષ્ણવ સેવા રીતિ આધારિત)***

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**: લેખક :**

ગોરધનભાઈ વાલજીભાઈ સીતાપરા (અમદાવાદ)



**: પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: પ્રકાશન તિથિ :**

કારતક સુદ-૧૧પ્રબોધિની એકાદશી

**: પ્રકાશક :**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ વતી
મહંત સ્વામીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**: આવૃત્તિ :**

પ્રથમ વિ.સં. ૨૦૬૬

**: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: ટાઈપ સેટીંગ અને મુદ્રક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# પ્રસ્તાવના

આ પૃથ્વી પર કરોડો મનુષ્યો છે. તે પૈકી ઘણા મનુષ્યો પોતાની બુદ્ધિથી મોક્ષનો માર્ગ શોધી રહ્યા છે. પરંતુ આપણને તો મોક્ષની રીત સ્વયં આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને શીખવાડી છે. પોતે આ પૃથ્વી પરથી અંતર્ધાન થયા તે પહેલા પોતાના વિકલ્પ તરીકે પોતાના સ્વરૂપો શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, ગોપીનાથજી મહારાજ આદિક દેવો પધરાવ્યા અને ત્યાર પછી પોતાના જ અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યશ્રીને ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર આપ્યો તથા તે ઠાકોરજીની સેવા રીતિ પણ શીખવાડી.

શ્રીહરિએ ઉદ્ધવ સંપ્રદાયનું એક નિશ્ચિત બંધારણ કર્યું છે. સંપ્રદાયના બંધારણમાં રહીને કોઈ ઠાકોરજીની સેવા કરે તો મુક્તિ થાય છે અને બંધારણની બહાર વર્તીને સેવા કરે તો બંધન થાય છે. કારણ કે બંધારણની બહાર તો ઠાકોરજીને આગળ કરીને વ્યક્તિ પૂજા થાય છે. એટલે શ્રીહરિ પોતાની માયારૂપી શક્તિ વડે કરીને તેવા ગુરુ-શિષ્ય બન્નેને બંધનમાં ધકેલી દે છે, જો કે શ્રીહરિ તો દરેક જીવાત્માને સંસૃતિની જાળમાંથી મુક્ત કરવા તત્પર છે, પરંતુ ઘણા અવળી બુદ્ધિના જીવાત્માઓ પોતાના માન, અહંકાર જેવા દોષો વડે કરીને યમયાતના, પ્રેતયોનિ તથા જન્મ-મરણ વગેરેનું દુઃખ ખોતરીને ઉભું કરે છે.

શ્રીહરિ સર્વોપરિ છે. તેથી શ્રીહરિની સેવારીતિ પણ સર્વોપરિ હોવી જોઈએ. શ્રીહરિ ઉત્તમ વસ્તુના ભોક્તા છે. શ્રીહરિ ગરીબ જીવણ ભક્તના ભાવને વશ થઈને તેનો મઠનો રોટલો ખૂબજ પ્રેમથી આરોગે છે, પરંતુ ધનવાન ભક્ત હોય અને હલકા ફૂલનો પાતળો હાર લઈને શ્રીહરિની મૂર્તિનું પૂજન કરવા આવે તો તેનો લોભ તથા શ્રદ્ધાના અભાવને જાણી જઈને મૂર્તિ દ્વારા પ્રત્યક્ષપણે તેને ટકોર કરે છે અને સેવાની રીત શીખવાડે છે.

શ્રીહરિએ જેઓને ધર્મધુરા સોંપી છે, એવા આપણાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રીએ, આપણા સંપ્રદાયમાં ઠાકોરજીની પરંપરાગત સેવારીતિ ચાલુ રહે, કોઈ પ્રકારની ક્ષતિઓ રહેતી હોય તો દૂર થાય, ત્યાગી-ગૃહી જે કોઈપણ



ઠાકોરજીની સેવા કરતા હોય તેવા દરેક વર્ણી તથા સંત-હરિભક્તોને આ પુસ્તક ઉપયોગી બને તેવા શુભ હેતુથી સેવારીતિનું આ પુસ્તક લખવાની મને શુભાર્શીવાદ સહ આજ્ઞા આપી જે મારું મહદ્ ભાગ્ય છે. સેવારીતિનું આ સુંદર પુસ્તક મારા દ્વારા લખી શકાયુ તે માટે શ્રી નરનારાયણદેવની કૃપા તેમજ પ.પૂ. મહારાજશ્રીના શુભાર્શીવાદ કારણભૂત છે.

આ પુસ્તકમાં આપણા મંદિરોમાં ઠાકોરજી સેવારીતિ ઉપરાંત ઠાકોરજીનું પ્રત્યક્ષપણું, વિવિધ સ્વરૂપોમાં એકત્વ, સેવા મહત્તા તેમજ પૂજારીના ગુણો વગેરેનો સમાવેશ કર્યો છે. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના આધારે ઉત્સવ સેવાનું વિશેષ આલેખન કર્યું છે. ઠાકોરજી સમક્ષ સેવારીતિની આવડત કરતા પણ ભક્તનું ભોળું હૃદય, શુદ્ધ ભાવ, શ્રદ્ધા, નિખાલસપણું અને ઠાકોરજી પ્રત્યે સાચો સ્નેહ વધારે ઉપયોગી છે તે બાબતનું નિરૂપણ કર્યું છે. પૂજારીશ્રીએ રાખવું જોઈતું આંતર બાહ્ય શૌચ, આચાર-વિચાર વગેરે બાબતનો પ્રકાશ પાડ્યો છે. તેમજ અંત ભાગમાં ઠાકોરજીની સેવા ઉપરાતં શ્રીહરિની આજ્ઞા મુજબ આચાર્યશ્રી, સંત, માતા-પિતા, રોગી તથા દુઃખીની સેવા કરવાની પણ ટકોર કરી છે. આપણા સાંપ્રદાયિક શાસ્ત્રો ઉપરાંત વૈષ્ણવ પુષ્ટિ સેવા રીતિના એક પુસ્તકના આધારે તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ ઠાકોરજીની સેવામાં રહેલા બ્રહ્મચારી સ્વામીના માર્ગદર્શનથી લખાયેલું આ પુસ્તક ત્યાગી-ગૃહી તમામને ઉપયોગી થાય તેવું બન્યું છે.

આ ગ્રંથમાં જે પણ કાંઈ સારુ છે તે મારા પર શ્રી નરનારાયણદેવની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદનું પરિણામ છે અને જે ક્ષતિઓ જણાય છે, તે મારી પોતાની મતિ દોષ કે પ્રેસ દોષને કારણે છે. શ્રીહરિના સર્વે ભક્તજનો નીરક્ષીર ન્યાયે તે સ્વીકારી મારા ઉપર રાજી રહેજો તેવી ભાવના સાથે.

ગોરધનભાઈ વાલજીભાઈ સીતાપરા
(બાપુનગર)

# નિવેદનમ્

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પ-પ્રેરણાથી ઠાકોરજીની સેવા રીતિ પુસ્તિકા સત્સંગીઓ માટે ખૂબજ ઉપયોગી બનશે.

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને એમના સ્વરૂપો આપણા મહા મંદિરોમાં પ્રસ્થાપિત તેમજ આત્મનિવેદી ભક્ત જે ઠાકોરજીની સેવા પૂજા કરતા હોય તેની અદ્‌ભુત સેવા રીતિની પરંપરા આ નાની પણ ખૂબજ ઉપયોગી એવી પુસ્તિકામાં લેખકશ્રી ગોરધનભાઈ સીતાપરાએ અક્ષરઃસહ ઠાકોરજીને હૃદયમાં ઉતારીને તેનું સુંદર આલેખન કર્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ્કીમ કમિટીએ આવું સંપ્રદાયને ઉપયોગી સાહિત્ય પ્રકાશિત કરવા સર્વાનુંમતે ઠરાવ કરીને આવા સંપ્રદાયના સાહિત્યના પ્રચાર પ્રસારમાં ઉમદા કામ કર્યું છે.

અમારા સાહિત્ય પ્રકાશન કાર્યમાં સંકળાયેલા પૂ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી, શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ આ પ્રકાશનમાં ખૂબજ શ્રધ્ધા ભક્તિથી સેવા કરી છે અને સતત કરતા રહે છે. તથા આ સુંદર પ્રકાશનમાં આર્થિક સેવા કરનાર પ.ભ. રસિકભાઈ સવજીભાઈ કાછડીયા, અમદાવાદ ● પ.ભ. જયશ્રીબેન રમેશભાઈ પટેલ (મોતીપુરાવાળા),અમદાવાદ ● પ.ભ. હાર્દિકકુમાર બળદેવભાઈ સુહાગીયા, અમદાવાદ ● પ.ભ. અ.નિ. ભગવાનદાસ રેવીદાસ પટેલ (ઈટાદરાવાળા), અમદાવાદ હ. નરેન્દ્રભાઈ ભગવાનદાસ પટેલ ● પ.ભ.અ.નિ. જયંતીલાલ રણછોડભાઈ માંડાણી, ગઢડા હ. ગં.સ્વ. વસંતબેન જયંતીલાલ માંડાણી, શાખપુર ● પ.ભ. પ્રવિણભાઈ વલ્લભભાઈ



નસીત, અમદાવાદ ● પ.ભ. સોમાભાઈ કાનદાસ પટેલ, અમદાવાદ ● પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગા● નિલકંઠ ટાયર એજન્સી, વિરાટનગર-અમદાવાદ, હ. પ.ભ. હર્ષદભાઈ જી. કથીરીયા ● પ.ભ. ઝવેરભાઈ વલ્લભભાઈ  ઠુંમર, અમદાવાદ હરિભક્તોને અનેકાનેક ધન્યવાદ.

લી.

મહંત સ્વામી,

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ

## કમિટિના સર્વ સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી | પ્રમુખ |
| ૨. | સ.ગુ. બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી | |
| ૩. | સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી | |
| ૪. | હજુરી પાર્ષદ શ્રી વનરાજ ભગત | |
| ૫. | પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ | અમદાવાદ |
| ૬. | પ.ભ. રમણભાઈ પ્રાણભાઈ પટેલ | અમદાવાદ |
| ૭. | પ.ભ. જી. કે. પટેલ (વિમલ પેઈન્ટસ) | મહેસાણા |
| ૮. | પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ | અમદાવાદ |
| ૯. | પ.ભ. ડૉ. કાંતિભાઈ ખુશાલભાઈ પટેલ | હિંમતનગર |

# અનુક્રમણિકા


| અનુ. | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | ગ્રંથ મંગલાચરણ | ૧ |
| ૨. | શ્રી ઠાકોરજીની મૂર્તિ એ સ્વયં ઠાકોરજી જ છે ! | ૨ |
| ૩. | શ્રીજી મહારાજના વિવિધ સ્વરૂપોમાં એકત્વ | ૭ |
| ૪. | શ્રી ઠાકોરજીની સેવા મહત્તા | ૧૧ |
| ૫. | સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઠાકોરજીનું સેવ્ય સ્વરૂપ | ૨૦ |
| ૬. | ઠાકોરજીના પૂજારીના ગુણો | ૨૨ |
| ૭. | વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીએ કહી જે સેવારીતિ | ૨૭ |
| ૮. | શિખરબધ્ધ મંદિરોમાં શ્રી ઠાકોરજીની સેવારીતિ | ૨૮ |
| | નિત્ય સેવા | ૨૮ |
| | ઉત્સવ સેવા | ૪૬ |
| | જન્માષ્ટમી (શ્રાવણ વદ-૮) | ૪૭ |
| | ગણેશ ચતુર્થી (ભાદરવા સુદ-૪) | ૫૨ |
| | રાધાષ્ટમી (ભાદરવા સુદ-૮) | ૫૩ |
| | જલઝીલણી એકાદશી (ભાદરવા સુદ-૧૧) | ૫૩ |
| | વામન જયંતી (ભાદરવા સુદ-૧૨) | ૫૪ |
| | વિજયા દશમી (આસો સુદ-૧૦) | ૫૫ |
| | શરદ પૂનમ (આસો સુદ-૧૫) | ૫૫ |
| | ધન તેરસ (આસો વદ-૧૩) | ૫૭ |
| | કાળી ચૌદશ (આસો વદ-૧૪) | ૫૮ |
| | દિવાળી (આસો વદ-૩૦) | ૫૮ |
| | બેસતુ વર્ષ (કારતક સુદ-૧) | ૫૯ |
| | ગોપાષ્ટમી (કારતક સુદ-૮) | ૬૩ |
| | પ્રબોધની એકાદશી (કારતક સુદ-૧૧) | ૬૪ |
| | દેવ દિવાળી (કારતક સુદ-૧૫) | ૬૭ |
| | ધનુર્માસ ઉત્સવ | ૬૮ |
| | વસંત પંચમી (મહા સુદ-૫) | ૬૯ |





| | | |
|---|---|---|
| | શિવરાત્રી (માઘ વદ-૧૪) | ૭૧ |
| | ફૂલ દોલોત્સવ | ૭૨ |
| | સંવત્સર ઉત્સવ | ૭૩ |
| | મત્સ્ય જયંતિ | ૭૪ |
| | રામનવમી અને હરિજયંતી (ચૈત્ર સુદ-૯) | ૭૪ |
| | વિમલા એકાદશી (ચૈત્ર સુદ-૧૧) | ૭૫ |
| | કૂર્મ પ્રાદૂર્ભવોત્સવ (વૈશાખ સુદ-૧) | ૭૫ |
| | અખાત્રીજ (વૈશાખ સુદ-૩) | ૭૬ |
| | નૃસિંહ જયંતિ (વૈશાખ સુદ-૧૪) | ૭૮ |
| | ગંગા દશહરા ઉત્સવ (જેઠ સુદ-૧૦) | ૭૮ |
| | સ્નાન યાત્રોત્સવ (જેઠ સુદ-૧૫) | ૭૯ |
| | રથયાત્રા (અષાઢ સુદ-૨) | ૭૯ |
| | ગુરૂ પૂર્ણિમા (અષાઢ સુદ-૧૫) | ૮૦ |
| | હિંડોળા ઉત્સવ | ૮૧ |
| | વરાહોત્સવ (શ્રાવણ સુદ-૪) | ૮૧ |
| | પવિત્રા ધારણોત્સવ (શ્રાવણ સુદ-૧૧-૧૨) | ૮૨ |
| | રક્ષાબંધન (શ્રાવણ સુદ-૧૫) | ૮૨ |
| | ગ્રહણ સંબંધી રીતિ | ૮૪ |
| ૯. | હરિ મંદિરમાં ઠાકોરજીની સેવા રીતિ | ૮૫ |
| ૧૦. | ઘર મંદિરમાં ઠાકોરજીની સેવા રીતિ | ૮૯ |
| ૧૧. | વ્યક્તિગત પૂજા | ૯૬ |
| ૧૨. | ગ્રંથ માહાત્મ્ય નિરૂપણ | ૧૦૪ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ગ્રંથ મંગલાચરણ

શ્રી ધર્મદેવ-ભક્તિમાતાના પુત્ર રૂપે શ્રી છપૈયાપુરને વિશે પ્રગટ થયેલા મુક્તાનંદાદિ સંત-વર્ણી, પાર્ષદોથી વિંટળાયેલા, અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ, ક્ષર-અક્ષરથી પર, સર્વાવતારી, સર્વોપરિ, સર્વાંતર્યામી, જેના સંકલ્પ માત્રથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય થાય છે, બ્રહ્માદિક દેવો પણ જેના ભયથી પોતાને સોંપેલા કાર્યો કરવામાં તત્પર રહે છે, જેઓ સકલ મંગલ તથા સર્વ પ્રકારનું સુખ તથા શાંતિના દાતા છે, જેઓ કરુણાના સાગર છે તથા ધર્મકુળ આશ્રિત પોતાના ભક્તોનું આત્યંતિક શ્રેય કરનારા છે. એવા મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું હું મારા હૃદયમાં નિરંતર ધ્યાન કરું છું તથા સાષ્ટાંગ દંડવત પ્રણામ કરું છું.

હે પુરુષોત્તમ ! તમારા નામો, ગુણો, જન્મો, કર્મો, રૂપ વગેરે ઐશ્વર્યોનું નિરૂપણ કરવા, 'આટલું જ છે' એમ માપ કરવા કોઈ શક્તિમાન નથી. હે દેવાધિદેવ ! શુદ્ધ નિર્ગુણ સર્વોત્તમ એવા તમારા દ્રશ્યમાન રૂપને જો તમે પ્રકાશ ન કરો તો કેવળ વેદ શાસ્ત્રના પઠન શ્રવણ માત્રથી જ જીવાત્માનું કલ્યાણ ન થાય અને તમારા સ્વરૂપનું જ્ઞાન પણ ન થાય. હે સ્વામિનારાયણ ભગવાન ! આપે કળિયુગમાં સ્થાપેલા આ સત્સંગમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર સ્વરૂપે આપ સદા પ્રત્યક્ષ છો. આજે પણ આચાર્ય સ્વરૂપે રહીને સત્સંગ ઉત્કર્ષ માટે, સંત-હરિભક્તોને દિવ્ય સુખ આપવા માટે આ પૃથ્વી ઉપર દેશ-વિદેશમાં નિરંતર વિચરણ કર્યા કરો છે. આપ આચાર્યશ્રી સ્વરૂપે મને 'ઠાકોરજીની સેવા રીતિ' નામનો ગ્રંથ રચવાની આજ્ઞા કરતા હતા તે શ્રીહરિ આ ગ્રંથની સમાપ્તિ ખૂબજ ઝડપથી મારા વડે થાય તેવી આપ કૃપા કરજો.

શ્રીકૃષ્ણના અવતાર રૂપ તથા શિવ-પાર્વતીના પુત્ર, ભગવાનના ભક્તોના વિઘ્ન દૂર કરવામાં તત્પર એવા હે વિઘ્ન વિનાયક દેવ ! આ ગ્રંથ નિર્વિઘ્ન પૂરો થાય એવી આપના ચરણોમાં પ્રાર્થના કરું છું.



સર્વે ધર્મવંશી આચાર્યશ્રી, ધર્મકુળ, મુક્તાનંદાદિ નંદ સંતો, સર્વે સંત-વર્ણી, પાર્ષદો તથા હરિભક્તો આ ગ્રંથ ખૂબ જ સુંદર અને શ્રેષ્ઠ થાય એ માટે આપ સર્વે મને શુભ આશીર્વાદ આપજો. ગ્રંથના મંગલા ચરણમાં આપ સૌને હું હાથ જોડી પગે લાગુ છું. ગ્રંથ કરવામાં બુદ્ધિ સૂઝે એ માટે આપ સૌના આશીર્વાદ જ કારણભૂત છે.

# શ્રી ઠાકોરજીની મૂર્તિ એ સ્વયં ઠાકોરજી જ છે !

જે પરમાત્માએ આપણને મનુષ્ય દેહ આપ્યો એ પરમાત્મા જ આપણા પર અનુગ્રહ કરીને જન્મ-મરણમાંથી છોડાવી શકવા સમર્થ છે. પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટે સદાચાર રૂપી ધર્મ પાળીને પરમાત્માની સેવા પૂજા તથા ભજન કરવું આવશ્યક છે. મોટા મોટા દેવો પણ ભગવાનને ભજે છે.

મૂર્તિ પૂજા વેદોક્ત છે. વચનામૃતમાં પણ શ્રીહરિએ પોતાની અષ્ટપ્રકારની પ્રતિમાનું પ્રતિપાદન કરેલું છે. કળિયુગમાં મૂર્તિ પૂજાનો મોટો ફાયદો એ છે કે મૂર્તિની મર્યાદામાં રહીને ઠાકોરજી કોઈની સાથે બોલતા નથી. તેથી મૂર્તિનો કોઈને અવગુણ આવતો નથી. ભગવાન જ્યારે મનુષ્ય દેહ ધારે છે ત્યારે મનુષ્યની જેમ વર્તે છે, ક્યારેક માનુષી લીલા કરે છે, ભક્તો સાથે વાતો કરે છે. ઘણીવાર નિરંતર સાથે રહેવા વાળાને પણ પાકા નિશ્ચયના અભાવે મનુષ્યરૂપધારી પરમાત્માનો અવગુણ આવી જાય છે, જેથી એ પરમાત્માના સ્વરૂપનો દ્રોહ કરવા લાગી જાય છે અને તેથી કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે. મૂર્તિ પૂજામાં આ ભય નથી. મૂર્તિમાં પરમાત્માનો પ્રત્યક્ષ ભાવ રાખીને સેવા-પૂજા કરવાથી એ જીવાત્માનું નિશ્ચે કલ્યાણ થાય છે.

ઠાકોરજીની મૂર્તિ ક્યારેય બોલતી નથી એવું પણ નથી. પોતાના પ્રિય એકાંતિક ભક્તો સાથે ઘણીવાર પરમાત્મા મૂર્તિ સ્વરૂપે રહીને પણ વાતો કરે છે, બોલે છે, એવા ઈતિહાસમાં, શાસ્ત્રોમાં અસંખ્ય દાખલાઓ છે. જેથી

પરમાત્મા મૂર્તિ સ્વરૂપે પણ પ્રત્યક્ષ જ હોય છે એ વાત સિદ્ધ થાય છે.

મીરા, નરસિંહ મહેતા, ધ્રુવ આદિક ભક્તો મૂર્તિમાં જ પ્રગટ ભાવ લાવીને, ભગવાન ભજીને તરી ગયા છે. ઈતિહાસના પાને કેટલાય લોકોના મૂર્તિ પૂજાના વિરોધી તરીકે નામ નોંધાયા છે. કેટલાય મનુષ્યો શાસ્ત્રોની વાતો અવગણીને પોતાની બુદ્ધિથી સમાજ સુધારણા માટે પરિશ્રમ કરી ગયા, આજે પણ કેટલાય લોકો એ મતના હશે, પરંતુ સમાજ સુધારણાનું કામ કોઈનાથી સચોટ થઈ શક્યું નથી. સ્વામિનારાયણ ભગવાને મૂર્તિ પૂજાની વેદોક્ત પરંપરા ચાલુ રાખીને સમાજ સુધારણાનું કામ કરી બતાવ્યું છે. આજે આ ઘોર કળિયુગમાં પણ મોટા ભાગનો જન સમુદાય મૂર્તિની સેવા પૂજામાં શ્રધ્ધા ધરાવે છે, કારણ કે હિન્દુ ધર્મના વેદ પુરાણોમાં મૂર્તિ પૂજાનું પ્રતિપાદન કરેલું છે.

પરમાત્મા સાકાર છે અને પોતાના ધામમાં પણ દિવ્યરૂપે દ્વિભુજ સદા સાકારરૂપે રહેલા છે, અને મૂર્તિરૂપે પણ સાકાર સ્વરૂપે જ દર્શન સુખ આપે છે. ગ.પ્ર.પ્ર. ૮, ગ.પ્ર.પ્ર. ૩૭ તથા ગ.પ્ર.પ્ર. ૪૫ માં શ્રીહરિએ પરમાત્માના સ્વરૂપને સાકાર રૂપે પ્રતિપાદન કર્યું છે. શ્રીહરિએ પરમાત્માના સ્વરૂપને નિરાકાર માનનારાને પંચ મહાપાપ કરનાર કરતા પણ અધિક પાપી કહ્યા છે. જેથી જે મનુષ્યો પરમાત્માને સાકારપણે માને છે એ જ મનુષ્યો ભગવાનની મૂર્તિને માને છે અને મૂર્તિની સેવા-પૂજા તથા ધ્યાનનું સુખ લઈ શકે છે. શ્રીહરિ કહે છે કે અમે જેવા અક્ષરધામમાં છીએ તેવા જ પૃથ્વી ઉપર મનુષ્યરૂપે દર્શન આપીએ છીએ. તે મૂર્તિને આ મૂર્તિ એક જ છે. શ્રીહરિએ મોટા મંદિરો બંધાવી તેમાં પોતાના વિવિધ સ્વરૂપો પધરાવ્યા અને કહ્યું કે અમારામાં અને અમે પધરાવેલી આ મૂર્તિઓમાં લેશમાત્ર ફેર નથી. સ્વામિનારાયણ ભગવાન જ્યારે મનુષ્યદેહ ધારણ કરીને સત્સંગમાં વિચરણ કરતા હતા, ત્યારે કોઈ ભક્ત દૂર દેશમાં રહીને પ્રતિમા પૂજતો હોય ત્યારે શ્રીહરિ ક્યારેક તેના પ્રેમે કરી, તેણે નૈવેદ્ય કરેલું પદાર્થ મૂર્તિ દ્વારા પ્રગટ જમતા, જેથી ભક્ત આનંદ પામતો.

જન્મ મરણથી છૂટવા માટે પ્રગટ હરિનો નિશ્ચય તે મુખ્ય શુભ માર્ગ છે. બહાર રહેલ અગ્નિ કાષ્ઠમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી કાષ્ઠમાં રહેલ અગ્નિ કાષ્ઠને બાળી શકતો નથી. એજ પ્રમાણે ચેતન-અચેતનમાં વ્યાપીને રહેલા પરમાત્મા પોતાના પ્રગટ સ્વરૂપ વિના કોઈનું કલ્યાણ કરતા નથી. જ્યારે જે રૂપે હરિ પ્રગટ હોય તેને પ્રગટ હરિ જાણવા. સ્વામિનારાયણ ભગવાન આજે કળિયુગમાં પ્રગટ છે.



શ્રીહરિએ વિ.સ. ૧૮૭૮ થી ૧૮૮૫ સુધીના ફક્ત સાત વર્ષના ટૂંકા સમયગાળામાં ગુજરાતમાં નવ મહા મંદિરોનું નિર્માણ કરાવી તે મંદિરોમાં શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી ગોપીનાથજી મહારાજ રાધિકાજી, શ્રી રાધાકૃષ્ણદેવ આદિક પોતાના વિવિધ શ્રીકૃષ્ણ સ્વરૂપો પધરાવ્યા. આ મૂર્તિઓ સ્વરૂપે પોતે જ ભક્તોની સેવા અંગીકાર કરશે એવું વચન આપ્યું, તે મુજબ મૂર્તિપ્રતિષ્ઠા બાદ બે-ત્રણ દિવસે, ક્યારેક પાંચ-છ દિવસે દેશાંતરના ભક્ત શ્રીહરિની આગળ નાના પ્રકારની આશ્ચર્યરૂપ વાર્તાઓ કરતા હતા. તે આશ્ચર્ય ભક્તો અને અભક્તો-પુરુષો અને સ્ત્રીઓ સૌ દેખતા હતા - અનુભવતા હતા.

સત્સંગિજીવન પ્ર.પ, અ. ૬૭ માં આ આશ્ચર્યકારી મૂર્તિપ્રતાપ વર્ણવતા સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે મહીપતે ! કોઈ કોઈ સમયે તે શ્રીહરિની મૂર્તિઓ સાક્ષાત્ - પ્રત્યક્ષ ભગવાનની પેઠે મનોહર વિવિધ ક્રિયાઓ કરતી હતી. ક્યારેક પોતાનું દર્શન કરતા જનોને જોઈ તે મૂર્તિઓ હસવા લાગતી હતી અને ક્યારેક પોતે પુષ્પ, ચંદન, વસ્ત્ર નૈવેદ્યાદિ ઉપહારોને પ્રત્યક્ષ ગ્રહણ કરતી હતી. કોઈ સમયે તે મૂર્તિ પોતાની સન્મુખ ધરેલા થાળને પ્રત્યક્ષ જમતી હતી. ક્યારેક નિવેદન કરેલું દૂધ પ્રત્યક્ષ પીતી હતી. કોઈ સમયે નિવેદન કરેલ જળ પ્રત્યક્ષ પીતી હતી. કોઈ સ્થળે તે મૂર્તિ સંકટથી રોકાઈ ગયેલા અને પોતાનું નિત્ય દર્શન કરવાના નિયમવાળા જનોને અન્ય ગામોમાં પણ પોતાનું પ્રત્યક્ષ દર્શન આપતી હતી. તે મૂર્તિઓ પોતાની પાસે પ્રાર્થના પૂર્વક પુત્ર યાચના કરનાર કેટલાક જનોને પુત્રો આપતી હતી. અને કેટલાક જનોને બળવાન વેરી દ્વારા આવેલા સંકટ થકી નિવારણ કરતી હતી. તે મૂર્તિઓ કોઈક સમયે પોતાની સેવા કરતા એવા નિર્ધન પુરુષોને ધનવાન પુરુષ પ્રત્યે સ્વપ્નમાં પ્રેરણા કરીને ધન અપાવતી હતી. કોઈ સમયે તો તે મૂર્તિઓનું દર્શન કરનારા જનો તે જ ક્ષણે સમાધિને પામી જતા હતા. કોઈ

સમયે તે મૂર્તિઓને જોનારા જનો ઘણું તેજ જોતા હતા. આ વગેરે ઘણા આશ્ચર્યો તે તે કૃષ્ણના મંદિરોમાં (સ્વામિનારાયણ મંદિરોમાં) થતાં હતા. તે આશ્ચર્યોને જોઈને પૃથ્વી ઉપર ઘણા જનો તે મૂર્તિઓનો સમાશ્રય કરતા હતા. ત્યાં ત્યાં થયેલું આ સર્વ આશ્ચર્ય દેખીને કેટલાક દેશાંતરથી ત્યાં આવેલા જનો આ સર્વ આશ્ચર્ય સભામાં વિરાજમાન ભગવાનની આગળ તે તે સમયે નિવેદન કરતા હતા.

નારાયણ મુનિ ઉપરોક્ત વૃતાંત આદરપૂર્વક સાંભળીને તે વૃતાંત કહેનારા જનો અને સભામાં રહેલા પોતાના જનોને કહે છે, ''હે ભક્તો ! પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ (સ્વામિનારાયણ ભગવાન)માં અને નરનારાયણાદિ મૂર્તિઓમાં જરાપણ ભેદ નથી જ એમ તમે જાણો.''

અ. ૬૮ માં શ્રીહરિ કહે છે, ''હું ભૂતલ ઉપર પ્રત્યક્ષરૂપે રહેલો છું. જેમ કે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ તથા ભક્તિ ધર્મથી યુક્ત રહેલો એવો મને જાણો. તથા અમદાવાદમાં શ્રી નરનારાયણ રૂપે રહું છું. તથા શ્રી ગઢપુરમાં શ્રી ગોપીનાથ રૂપે હું રહેલો છું આ પ્રકારે તમે જાણો. મારામાં અને આ જે રૂપો મેં કહ્યાં તેમાં જરા પણ ભેદ નથી જ. ભૂતલ ઉપર મૂર્તિરૂપે રહેલો સાક્ષાત્ હું જ છું એમ નિશ્ચય જાણો. આ પ્રત્યક્ષરૂપ મૂર્તિઓનું સેવન કરનારા જનોને સાક્ષાત્ મારું દર્શન થશે. હાલમાં આ મૂર્તિઓ પ્રત્યક્ષની માફક વર્તે છે. આ મૂર્તિઓનું સેવન તે પ્રત્યક્ષ મારું જ સેવન છે એમ જાણું છું જ માટે તમારે આ પ્રત્યક્ષ સ્વરૂપ મૂર્તિઓનું ભક્તિભાવ પૂર્વક સેવન કરવું. એ પ્રકારે જ મારી આગળ બેઠેલાં અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી આ બંને તમારા ગુરુ (આચાર્ય) મેં કરેલા છે. માટે તેમને તમોએ યથાયોગ્ય માનવા-પૂજવા તથા તમો સર્વેએ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મોમાં અધિકાર પ્રમાણે સર્વદા વર્તવું.''

શ્રીહરિ અંતર્ધાન થયા બાદ વિયોગના દુઃખથી વિહ્વળ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિએ ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી પ્રગટ થઈ હાર પહેરાવેલો. સ.ગુ. પ્રસાદાનંદ સ્વામી લખે છે કે, એક સમયે રામપ્રતાપભાઈ ગઢપુર ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા ગયા ને પડદો નાંખ્યો હતો ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે હમારા ભાઈ હમકું હાથો હાથ



હાર દેવેંગે. તે મૂર્તિના ગળામાંથી હાર ઊછળીને ભાઈના ગળામાં પહેરાઈ ગયો. ગઢપુરમાં ભક્તરાજ શ્રી દાદા ખાચરના બહેન લાડુબા શ્રીહરિની મૂર્તિને જ્યારે પૂજતા અને તે પ્રતિમાને જે જે નૈવેદ્ય ધરતાં તે સર્વ સમગ્ર મૂર્તિ દ્વારા શ્રીહરિ પ્રત્યક્ષપણે સ્વીકારતા. લાડુબાનો બનાવેલો થાળ પણ મૂર્તિરૂપે પ્રત્યક્ષ શ્રીહરિ જમતા. પછી તો દાદા ખાચર અને તેઓના બીજા બહેન જયા તેમણે અર્પણ કરેલા પૂજાના ઉપચારો પણ શ્રીહરિ પોતાની પ્રતિમારૂપે જ ક્યારેક પ્રત્યક્ષ થઈ અંગીકાર કરતા હતા.

ગ્વાલીયર પરગણાના મગરોલી ગામના હરિભક્તોના સંઘમાં દર્શન કરવા આવેલ એક અતિ વૃદ્ધ બાઈને આંખે ઓછું દેખાતું હોવાથી, પોતાના પ્રેમી ભક્તનો મનોરથ પૂર્ણ કરવા માટે છપૈયા નિવાસી ઘનશ્યામ મહારાજ પોતાના સિંહાસન ઉપરથી મૂર્તિ દ્વારાએ ઉતરી આવીને, તે બાઈને પોતાના સહિત દશ મૂર્તિઓના નામ લઈ ઓળખાવી પાછા સિંહાસન ઉપર જઈને પોતાની મૂર્તિમાં લીન થઈ જતા હતા.

વનવિચરણ સમયે શ્રીહરિની પાસે રહેલા શાલિગ્રામ ભગવાને જળ પીધું હતું. જે શાલિગ્રામ ભગવાન આજે પણ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્યશ્રીની પરંપરામાં નિત્ય પૂજાય છે.

સત્સંગમાં એવા અપાર સંત-હરિભક્તો છે કે જેઓએ ધરેલો થાળ તથા જળ શ્રીહરિ મૂર્તિ સ્વરૂપે જમતા અને જળપાન કરતા, તે થાળ તથા જળ ઓછું થયેલું પણ જણાય ! શ્રધ્ધાવાળા તથા ભાવિક ભક્તો શ્રીહરિની મૂર્તિ દ્વારા પણ શ્રીહરિનું પ્રત્યક્ષ સુખ અનુભવે છે. શ્રધ્ધાળુ તથા વિશ્વાસુ ભક્તો માટે મૂર્તિપણ પ્રગટ ઠાકોરજી છે. ઠાકોરજીની મૂર્તિમાં પ્રગટ ભાવ આવે તો જ તે મૂર્તિની શ્રેષ્ઠ ઉપચારોથી સેવા પૂજા થઈ શકે અને તો જ ભક્તને સેવાનું સુખ આવે.

શ્રીહરિ સ્વયં પોતાના આચરણ વડે ભક્તોને મૂર્તિ સેવાની મહત્તા દર્શાવતા. એક સમયે ઉન્મત ગંગાના તીર પર શ્રીહરિ આવી ને બેઠા. તે સમયે એક સંતે આવીને દસ બાર ફૂલના હાર તથા ગુચ્છ તોરા વગેરે શ્રીહરિને ધરાવ્યા. પછી શ્રીહરિએ સંતને પૂછ્યું, લાલજીને ધરાવીને અમને ધરાવ્યા છે ? સંત બોલ્યા કે લાલજીને ધરાવ્યા નથી. ત્યારે શ્રીહરિએ હાર

તોડીને ભૂમિ ઉપર નાખી દીધા અને કહ્યું કે, પૃથુ ભગવાન થયા હતા તે મૂર્તિની સેવા કરતા ત્યારે મૂર્તિનું સન્માન અધિક રાખતા હતા. અમે પણ જ્યારે અયોધ્યા પુરીમાં રહ્યા હતા ત્યારે રામાનંદ મંદિરમાં જઈ રામ, સીતા, લક્ષ્મણની મૂર્તિઓને પૂજતા. શ્રીહરિ તો સ્વયં સર્વાવતારી ભગવાન છે, પરંતુ સત્પુરુષ પોતે મોક્ષને માર્ગે ચાલીને અન્ય જનોને તે રીતિ બતાવે છે. માટે જ ભગવાનની જે આઠ પ્રકારની મૂર્તિ કહી છે, તેમાંથી હરકોઈ પ્રકારની તે પોતાના શિષ્યોને જે આપે, તેને તે મૂર્તિમાં પ્રગટ હરિની બુદ્ધિ રાખીને સેવા કરવી જોઈએ. જેથી નિશ્ચય મોક્ષ થાય છે.

## શ્રીજી મહારાજના વિવિધ સ્વરૂપોમાં એકત્વ :

સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિરોમાં શ્રીહરિના વિવિધ સ્વરૂપોનું દર્શન થાય છે. તેમ છતાં તે મંદિર ‘સ્વામિનારાયણ મંદિર’ થી જ ઓળખાય છે. વિધવિધ સ્વરૂપે સ્વામિનારાયણ ભગવાન ભક્તોને દર્શન આપે છે. શિક્ષાપત્રીમાં શ્રીહરિ લખે છે, ‘‘અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે ‘રાધા કૃષ્ણ’ એવે નામે જાણવા, ને રુકિમણીરૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે ‘લક્ષ્મીનારાયણ’ એવે નામે જાણવા. અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે ‘નરનારાયણ’ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિશે રહે છે ત્યારે તો શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવું. એ હેતુ માટે શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્વરૂપ તેમને વિશે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્ત્રભુજપણું ઈત્યાદિક જે ભેદ જણાય છે, તે તો દ્વિભુજ એવા જે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું.’’

પરમાત્મા એક જ છે, પરંતુ એ પરમાત્મા કેવા સ્વરૂપે દર્શન આપે છે,



તે પરથી પરમાત્માનું નામ પડે છે. ઘણાં વિમુખપંથીઓ એવું કહેતા હોય છે કે તમે રાધિકાજી, લક્ષ્મીજી તથા અર્જુન વગેરે ભક્તોને ભગવાન સાથે પધરાવો છો તો અમે સાધુને ભગવાન સાથે કેમ ન પધરાવીએ ! નર ભગવાન એ માત્ર અર્જુન નથી. એ તો નારાયણનું જ બીજું સ્વરૂપ છે. તેવી જ રીતે શ્રીપ્રભુએ પોતાના જ હૃદયમાંથી પોતાના સ્ત્રી ભાવનું બીજું સ્વરૂપ પ્રકટ કર્યું, તે જ શ્રીરાધિકાજી છે તથા તે જ શ્રીલક્ષ્મીજી છે તથા રામ પણ સીતાજી સાથે જ પૂજાય છે. અત્રે એ વિવેચન જરૂરી નથી, કારણ કે કલમ વિષયની બહાર જતી રહે તો શોભારૂપ ન થાય પરંતુ શાસ્ત્રોના આધારે ટૂંકમાં સમજી જવું ! સ્વામિનારાયણ ભગવાને કોઈપણ સાધુ કે ગૃહસ્થ ભક્તની મૂર્તિ પોતાના કોઈપણ મંદિરમાં પોતાના સ્વરૂપની સાથે ક્યારેય પણ પધરાવી નથી.

નરનારાયણ સ્વરૂપ માટે ભક્તચિંતામણી ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે : ‘છો તો એક ને દીસો છો દોય, એનો ભેદ જાણે જન કોય’ શ્રીહરિના નરનારાયણ સ્વરૂપને સમજવા માટે મૂળ સંપ્રદાયના સત્સંગિજીવન, સત્સંગિભૂષણ તથા વચનામૃત વગેરે શાસ્ત્રોનો અભ્યાસ આવશ્યક છે.

શ્રેષ્ઠ આચાર્યોએ ઉદ્ધવ સંપ્રદાયમાં ઈષ્ટદેવ શ્રીકૃષ્ણના પાંચ પ્રકારે મંદિરો કહેલા છે.એક જ શ્રીકૃષ્ણની મૂર્તિઓના સ્થાન આદિ ભેદથી પાંચ પ્રકાર કહેલા છે. પરંતુ પરમાર્થ પણે તો એક જ ભગવાનના ભિન્ન ભિન્ન સ્વરૂપ હોવાથી વાસ્તવિક એકજ સ્વરૂપ છે.

ભગવાન પ્રથમ ગોલોક નામના પોતાના ધામમાંથી મથુરાપુરીમાં આવી વસુદેવ થકી દેવકીજીમાં પ્રગટ થયા હતા. અદ્‌ભુત આકૃતિવાળા બાલસ્વરૂપ તે ભગવાન કૃષ્ણવાસુદેવ તથા બાલમુકુંદ અને માખણધારી કહેવાય છે. તે જ શ્રીકૃષ્ણ ગોકુલને પામીને નંદજીના ઘેર મોટા થયા, ત્યાં યશોદાજીએ લાલન પાલન કરાયા થકા અનેક દિવ્ય લીલાઓ કરતા હતા.તે જ શ્રીકૃષ્ણને રાધાકૃષ્ણ, ગોપીનાથ, રાધાપતિ, વૃંદાવનવિહારી અને મદનમોહન કહેલા છે.આ ધરાતલ ઉપર મંદિરમાં તે શ્રીકૃષ્ણની મૂર્તિઓ રાધિકાએ સહિત અને બંસી વડે સુશોભિત હસ્તકમળ વાળી જ વર્તે છે.

શ્રીકૃષ્ણે બલરામની સાથે વ્રજથી મથુરામાં જઈને યાદવોનું પ્રિય (કંસ વધ વગેરે) કર્યું ત્યારે શ્રીકૃષ્ણ રામકૃષ્ણ નામથી કહેવાયા, તેમજ મથુરાનાથ અને યાદવ ભૂષણ નામથી પણ કહેવાયા. તે મથુરાનાથની મૂર્તિઓ મંદિરોમાં બલરામે સહિત છે. તે જ શ્રીકૃષ્ણ દ્વારિકામાં આવીને લક્ષ્મીના અવતારભુત રુકિમણી સાથે પરણ્યા. રાજાધિરાજ માફક લીલા જેની છે એવા શ્રીકૃષ્ણ લક્ષ્મી નારાયણ નામે કહેવાયા. ત્યારબાદ તેમને શ્રીદ્વારિકાનાથ તથા યદુપતિ પણ કહેલા છે. અહીંયા મંદિરોમાં દ્વારિકાનાથની મૂર્તિઓ લક્ષ્મીજીની સાથે રહેલી છે.

તે દ્વારિકાનાથ યુધિષ્ઠિરાદિ પાંડવોનું પ્રિય કરતા થકા અર્જુનના સખા અને દ્રૌપદીનું માન વધારતા સતા પાંડવોના હસ્તિનાપુરમાં ઘણું કરીને રહેતા હતા. અર્જુનના સખા તે શ્રીકૃષ્ણ નરનારાયણ નામથી તથા પાંડવ પ્રિય નામથી કહેલા છે. આ લોકમાં મંદિરોમાં શ્રીકૃષ્ણની મૂર્તિઓ અર્જુને સહિત નરનારાયણ નામે વર્તે છે. પાંચ પ્રકારની આ મૂર્તિઓ, કોઈ મંદિરોમાં ચતુર્ભુજ તો કેટલાક મંદિરોમાં બે ભુજાવાળી હોય છે. તેમાં ભેદ ન જાણવો.

સ્વામિનારાયણ ભગવાનના પણ ઘનશ્યામ, હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, નીલકંઠવર્ણી, સરજુદાસ, સહજાનંદ સ્વામી, નારાયણ મુનિ તથા સ્વામિનારાયણ ભગવાન અને શ્રીજી મહારાજ એમ વિવિધ નામો તથા વિવિધ મૂર્તિઓ છે જે વાસ્તવિક પણે એક જ ભગવાન છે. શ્રીહરિ ક્યારેક પોતાના માતા પિતા ધર્મ અને ભક્તિ સાથે દર્શન આપે છે. ધર્મ અને ભક્તિની મૂર્તિ શ્રીહરિએ ફક્ત પોતાના માતા-પિતાના નાતે જ મંદિરોમાં નથી પધરાવી. પરંતુ શ્રીહરિ કહે છે, ધર્મને ભક્તિ એ ભગવાનના અવતારનું મૂળ છે. તથા મોક્ષનું પણ તે મૂળ છે કે જેણે કરીને જીવ ભવસાગર તરી શકે છે ને મનોવાંછિત ફળને પામે છે, માટે પધરાવવા યોગ્ય છે.

શ્રીહરિએ સુરતના એક ચિતારા પાસે ઊંચા હાથ વાળી વાસુદેવની ચિત્રમૂર્તિ તૈયાર કરાવેલી. તે મૂર્તિ જોઈને શ્રીહરિએ પ્રશંસા કરેલી કે શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવની મૂર્તિ છે તેમાં અને આમાં રોમનો ફેર નથી. શાસ્ત્રમાં વર્ણન કર્યું છે તેવી આ મૂર્તિ થઈ છે. ત્યારે સંતો બોલેલા કે, હે શ્રીહરિ ! તમારા નામ અને મૂર્તિઓ અપાર છે. વૃક્ષને જેમ પત્ર, ફૂલ, ફળ,



શાખા એમ અનેક વિભાગ છે, પણ થડની દ્રષ્ટિએ જોઈએ તો એક જ વૃક્ષ છે. તમને થડ માનીએ છીએ. તમારી મૂર્તિઓનો પાર નથી. તમારી મૂર્તિના અનેક નામ છે. જુદા જુદા નામે કરીને જે વિવેકી હોય તે ભૂલો પડતો નથી. વિવેક વિનાનો અંધજન તમારાથી બીજે અધિક ભાવ રાખીને ભવમાં ભટકે છે.

પ્રથમ ધર્મદેવ અને મૂર્તિદેવીથી નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એ ચાર રૂપે પરમાત્મા પ્રગટ થયા હતા. ચારેય મળીને એક સ્વરૂપ છે. ભક્તના મનોરથ પ્રમાણે ભગવાન રૂપ ધારે છે. એક હોવા છતાં અનેક રૂપે અને અનેક હોવા છતાં એકરૂપે પોતાની યોગકળાથી તે રહી શકે છે. તે વાત અક્ષર પર્યંત કોઈના કળ્યામાં આવે તેમ નથી. આપણા મંદિરોમાં મત્સ્ય, કચ્છ, નૃસિંહ, વરાહ, શેષશાયી, સૂર્યનારાયણ, શિવજી, ગણપતિ અને હનુમાનજીની પણ મૂર્તિઓ પધરાવેલી છે. પ્રગટ સ્વામિનારાયણ ભગવાનના જ આ બધાં સ્વરૂપ છે એમ સમજવુ. બીજા નામના સ્વરૂપનો દ્રોહ ન થાય એમ પ્રગટમાં બધી વાત સમજવી. ભગવાન એક હોવા છતાં અપાર મૂર્તિ ધારે છે. જેમાં જેવી સમજણ હોય તેમાં તેવી મોટપ આવે છે. ઈશ્વરની રીતને ઈશ્વર જ સમજે છે. એક બીજાના રૂપની પરસ્પર ઉપાસના કરે તેથી કરીને તેમાં લેશ ભાર ન્યૂનતા આવતી નથી. ઈશ્વર તે ઈશ્વર જ છે. મોક્ષને માર્ગે જે ચાલે તેને ઈશ્વરની વાત સુલટ સમજાય છે.

વૈષ્ણવ મતમાં સેવાની તથા ઉત્સવની રીત સારી છે, પણ શ્રીકૃષ્ણ વ્રજમાં રહ્યા ને ચરિત્ર કર્યા તે મૂર્તિ અને તે ચરિત્રને જ તેઓ માને છે. પછીના ચરિત્રને તેઓ મહત્વ આપતા નથી. તેમ એકની એક મૂર્તિમાં વિભાગ કર્યો છે. તેમાં કોઈ હેતુ નથી. ભગવાન મોટી ઉંમરના થાય તેથી તે ભગવાન મટી જતા નથી.

સ્વામિનારાયણ ભગવાન તથા તેમના અવતારોમાં એકત્વ હોવા છતાં સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી છે એમ જરૂર જાણવું. ચંન્દ્રનું તેજ અધિક હોવા છતાં સૂર્ય ઉદય થાય ત્યારે તે જણાતું નથી. દીવો, મશાલ, વીજળીનો અગ્નિ અને વડવાનળ અગ્નિ, એ બધાં વસ્તુતાએ અભિન્ન હોવા છતાં પ્રતાપમાં અપાર ભેદ છે. એમ અન્ય અવતાર અને

શ્રીહરિનું સમજવું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જે સંત-બ્રહ્મચારીને જે મંદિરમાં ઠાકોરજીનું જે સ્વરૂપ સેવવા માટે મળ્યું હોય તે મૂર્તિમાં પોતાના ઈષ્ટદેવની ભાવના કરીને સેવા, પૂજા કરવી. ધ્યાન પોતાના ઈષ્ટદેવનું કરવું કારણ કે પોતાના ઈષ્ટદેવની મૂર્તિનું ધ્યાન, ભજન, ઉપાસના વધારે સુખ આપે છે. જેને જે સ્વરૂપ મળ્યું હોય તેને સર્વોપરિ સમજે, એજ સર્વોત્તમ મોક્ષનું સાધન છે. આપણને મળ્યા જે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન તેની જ અન્ય તમામ વિવિધ મૂર્તિઓમાં આપણા ઈષ્ટદેવનો ભાવ લાવીને દર્શન, સેવા, પૂજા કરીએ તે જ સર્વોત્તમ સુખનું સાધન છે.

## શ્રી ઠાકોરજીની સેવા મહત્તા

ઘણાંને એમ થાય કે ઠાકોરજીને સેવાની શી જરૂર ? ઠાકોરજી પોતાની સર્વે ક્રિયા જાતે ના કરી લે ? હા ભાઈ ! વાત તો તમારી સાચી છે ! ઠાકોરજીને પોતાનું કામ જાતે કરતા વાર કેટલી ? સંકલ્પ કરે ત્યાં જમવાનો તૈયાર થાળ આવી જાય ! સંકલ્પ કરે ત્યાં પોતાને ઉપયોગી સઘળા પદાર્થો હાજર થઈ જાય ! પરંતુ ભાઈ ! ઠાકોરજી જો એવું કરે તો આપણું મોક્ષ રૂપી કાર્ય ન સરે ! ઠાકોરજીને તો અનંત જીવાત્મા પાસેથી સેવા સ્વીકારીને સર્વેનું કલ્યાણ કરવું છે. વળી ઠાકોરજી કાંઈ ભોળા નથી, હોં ! સેવા કરનાર ભક્તમાં ઠાકોરજી પ્રત્યે પ્રેમ અને ભાવના હોય તો જ તેનો પદાર્થ અંગીકાર કરે છે, નહીં તો પદાર્થ ફેંકી દે છે. ભૂજમાં એક હરિભક્ત લોભને વશ થઈને શ્રીહરિની ફક્ત જળથી સેવા કરે, ઉપરથી એવું દેખાડે કે જે સેવા કોઈ ન કરે તે હું કરું છું. ભગવાન તો અંતર્યામી પણે દરેકનો ભાવ જાણતા હોય છે તેથી તે ભક્તને શ્રીહરિ કહે, તમે ખરેખરા પાકા હરિભક્ત છો !

ઠાકોરજી પદાર્થના ભૂખ્યા નથી, તેઓ તો ભાવના ભૂખ્યા છે. કપટી અને અધર્મી લોકોનું ઠાકોરજી કંઈ સ્વીકારતા નથી. એટલે જ તો શ્રીકૃષ્ણ ભગવાને દુર્યોધનના મેવા ત્યજી દીધા અને વિદુરના ઘેર ભાજી ખાધી. રામચંદ્ર ભગવાને શબરીના બોર ખાધા અને સ્વામિનારાયણ ભગવાને



જેતલપુરમાં જીવણ ભક્તનો મઠનો રોટલો ખૂબ પ્રેમથી આરોગ્યો. હૃદયની ભાવનાથી ભગવાન રાજી થાય છે. ભગવાનને રાજી કરવામાં ઝાઝા ધનની જરૂર પડતી નથી. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે : જે પુરુષ ભક્તિભાવથી મને પત્ર, પુષ્પ, ફળ અથવા જળ જે આપે છે તે હું પ્રેમથી સ્વીકારું છું. અને ભક્તિભાવ વગરનો માણસ મૂલ્યવાન અલંકાર કે પકવાન્ન અર્પણ કરે તે પરમાત્મા સ્વીકારતા નથી. પદાર્થના માધ્યમથી ભક્ત ઠાકોરજી પ્રત્યે પોતાનો ભાવ-પ્રેમ વ્યક્ત કરે છે. ભક્તને એમ થાય છે કે ભગવાન મારું આટલું સ્વીકારે તો કેવું સારું ! અને ભગવાન પણ ભક્તે ભાવનાથી અર્પણ કરેલો એ પદાર્થ સ્વીકારીને ભક્તના હૃદયમાં રહેલી ભાવનાનો સ્વીકાર કરે છે. તમામ પદાર્થોના માલિક તો ઠાકોરજી જ છે. છતાં એવા દયાળુ છે કે પદાર્થમાં પોતાનો માલિકી ભાવ લાવ્યા સિવાય જગતને બધું આપી દીધું છે અને એ જ પદાર્થથી પોતાનો ભક્ત જ્યારે પોતાની સેવા કરે છે ત્યારે રાજી થઈ જાય છે, અને બદલામાં તેને આલોકમાં અનંત ગણું કરીને પાછું આપે છે તથા અંતકાળે તેનો મોક્ષ પણ કરે છે.

મંદિરમાં ઠાકોરજીની મૂર્તિ હોય, તેનાથી કેટલા બધા લોકોનું કલ્યાણ થાય ! મંદિરના બાંધકામમાં યોગદાન આપનાર, સેવા કરનાર, ઠાકોરજીના પુજારી, પ્રતિષ્ઠા - પાટોત્સવના યજમાનો, મંદિરમાં વાળવું કે મંદિરને ઉપયોગી અન્ય કોઈ કામ કરનાર, ઠાકોરજીને થાળ કરાવનાર, ઠાકોરજીને ફળ-ફૂલ, જળ કે વસ્ત્ર - અલંકારો અર્પણ કરનાર, મંદિરના પૂજારી તથા સંત-વર્ણી-પાર્ષદોને રસોઈ આપનાર, ઠાકોરજીનું ભજન કરનાર, નવધા ભક્તિ કરનાર, દર્શન કરનાર દરેકના જીવનું રૂડું થાય છે. જીવાત્માને સેવા તથા પદાર્થના માધ્યમથી પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત થાય છે.

એક મનુષ્ય જ્યારે બીજા મનુષ્યની સેવા કરે છે, ત્યારે સેવા અંગીકાર કરનાર મનુષ્ય સેવા કરનાર મનુષ્ય પર રાજી થાય છે, માણસે પશુની સેવા કરી હોય તો તે પશુ પણ ભૂલતું નથી. પશુને વાચા નથી, પરંતુ તેની આંખોમાં કૃતજ્ઞતા વ્યક્ત થાય છે. ભગવાન તો દયાના સાગર છે. માણસ ક્યારેક કૃતઘ્ની થાય છે, પરંતુ ભગવાન કોઈએ કરેલી સેવાને ક્યારેય ભૂલતા નથી.

ભાલ પ્રદેશના એક ગામમાં એક મુસ્લિમ સ્ત્રીએ ખુદાને દાતણ અર્પણ

કરવાના ભાવથી પોતાના ફળિયામાં બાવળ ઉછેર્યો. ભાલ પ્રદેશમાં વિચરણ કરતા શ્રીહરિને સવારમાં દાતણની જરૂર પડી. શ્રીહરિની ઈચ્છાથી સુરાખાચર દાતણની શોધમાં તે મુસ્લિમ સ્ત્રીના ફળીયામાં જ આવીને ઉભા રહ્યા. બીબડી કહે, આ બાવળ તો અમારા ખુદા માટે ઉછેરેલો છે. સુરા બાપુ કહે, અમારા સ્વામિનારાયણ ભગવાનને તારા ખુદા જાણીને બાવળની ડાળખી આપ. બીબડીએ દાતણ આપ્યું અને બદલામાં બીબડીના અંતકાળે શ્રીહરિ હાથમાં તેનું દાતણ લઈને તેડવા આવ્યા ! જરૂર મુજબની સેવાથી ભગવાન જલ્દી રાજી થઈ જાય છે.

શિક્ષાપત્રી શ્લોક નં. ૧૨૧ માં શ્રીહરિ લખે છે.

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।
तत्र ब्रह्मात्मना कृष्ण सेवा मुक्तिश्च गम्यताम् ॥

અને અમારો જે મત તે વિશિષ્ટા દ્વૈત છે એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું. અને તે ધામને વિશે બ્રહ્મરૂપે રહીને, જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું.

ભગવાનના ધામમાં ભગવાનના મુક્તો પણ શ્રીહરિની સેવા જ કરે છે. ભગવાનના મુક્તોને જન્મ-મરણનો ભય નથી. તેવી રીતે અહીં પણ જે પોતાનું શરીર ભાન ભૂલીને બ્રહ્મરૂપ થઈને ઠાકોરજીની સેવા કરે છે તે અહીં પણ ભગવાનના ધામમાં છે અને દેહ છોડ્યા પછી પણ ભગવાનના ધામમાં જવાનો છે. શ્રીહરિની મૂર્તિ તે અક્ષરધામનું કેન્દ્ર છે. અહીં જેને ઠાકોરજીની સેવા કરવાની રૂચિ હોય તે જ ભગવાનના ધામમાં ભગવાનની સેવા કરી શકે છે. આપણા વિશિષ્ટાદ્વૈત મતમાં ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જાય તો ત્યાં પણ સ્વામી - સેવક ભાવ મટતો નથી. ભક્ત ભગવાનની મૂર્તિમાં ભળી જતો નથી. પરંતુ મુક્ત તરીકે ભગવાનના સેવક તરીકે જ ધામમાં રહે છે અને ત્યાં વિધવિધ સેવાથી ભગવાનને રાજી કરે છે. અને પોતે ભગવાન સંબંધી દિવ્ય સુખ લેતો રહે છે. જીવ અને જગત પરમાત્માની આગળ સંપૂર્ણ પરતંત્ર છે. પરમાત્માની ઉપાસના કરીને તેમાં ઐશ્વર્ય, શક્તિ આવે છે છતાં પણ એ ભગવાનનો દાસ મટી જતો નથી. પરમાત્માની સમાન કોઈ બની શકતું નથી. રામાનુજાચાર્યનો આ વિશિષ્ટાદ્વૈત મત છે.



મહાપ્રભુ વલ્લભાચાર્યજીએ પણ ઠાકોરજીની સેવાને જ મુક્તિ કહી છે. શ્રી મહાપ્રભુજીએ વૈષ્ણવોના આત્મધર્મ તરીકે વ્રજપતિ શ્રીકૃષ્ણની સેવા કરવી તેને જ સ્વધર્મ બતાવ્યો છે. સદાસર્વદા, સર્વાત્મભાવે કરીને, સેવા એ જ ધર્મપુરુષાર્થ, કદાપિ બીજો કોઈપણ નહિ. પુષ્ટિ માર્ગમાં બ્રહ્મ સંબંધ લીધા પછી વૈષ્ણવો માટે ભગવત્સ્વરૂપ પધરાવીને સેવા કરવાનો ખૂબ મહિમા છે. પુષ્ટિ માર્ગીય સેવા-માર્ગના એક કાવ્યમાં લખે છે.

આ મારગનું મૂળ ફળ, શ્રી વલ્લભ સિધ્ધાન્ત,
કરવી સેવા કૃષ્ણની, અવિચ્છિન્ન પ્રેમાંત

સાધન અને ફળ એક જ છે સેવા. વળી એ સેવા કેવી તો કહે છે, અખંડ અને પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરવી.

રાત દિવસ સેવા તણો, મનમાં ઉમંગ અપાર,
ઉઠવું પ્રાતઃ કાલથી, ક્ષણ એક નહિ પરવાર.
બાંધ્યા બંધ શરીરના, હરિ સેવાને હેત,
સેવાના સંચા કર્યા, ઈન્દ્રિય પ્રાણ સમેત.
ઘર સૂનું નવ રાખવું, ક્ષણ વિના સેવ્ય સ્વરૂપ,
ક્રિયા ભાવ વ્રજભક્તના, છે સેવા ફલરૂપ.

સવારમાં ઉઠ્યા ત્યારથી, એક ક્ષણ પણ નવરાશ ન મળે, ઠાકોરજીની સેવા કરવી છે. રાત દિવસ સતત ઠાકોરજીની સેવાનો જ ઉમંગ મનમાં રહ્યા કરે. ઈન્દ્રિયો અને પ્રાણ સહિત માનવ શરીર શ્રીહરિની સેવા માટે જ બનાવ્યું છે. દૈવી જીવોનો દેહ પ્રભુ સેવા માટે જ હોય છે. પોતાના ઘરને ઠાકોરજીના સેવ્ય સ્વરૂપ વિના સૂનું ન રાખવું. સેવામાં તો રસરૂપ ફળનો આસ્વાદ રહેલો છે. પ્રભુના અનંત ઉપકાર આપણી ઉપર છે. મનુષ્યનો દુર્લભ દેહ આપ્યો. એ શરીરને જીવાડવા મફત પાણી, હવા અને અન્ન આપે. ભગવાન વરસાદ વરસાવે ત્યારે અન્ન પાકે છે. ઘણું ઘણું અને વળી કિંમતી વસ્તુ મનુષ્યને મફતમાં આપે, છતાં પણ બોલે નહિ કે આ વસ્તુ હું તને મફતમાં આપું છું. મનુષ્યને વસ્તુ મફતમાં લઈને સંકોચ ન થાય તે માટે હરિ તેની જાહેરાત પણ નથી કરતા ! શ્રીહરિ એમ કહે કે, આજે એક દિવસ કે એક કલાક તમને હવા નહીં મળે, રજા રાખી છે, તો હવાની કિંમત સમજાય જાય !

પ્રભુના આપણે ઋણી છીએ. ઋણ ચુકવવાના પરિતાપથી આપણે પણ પ્રભુને યથાશક્તિ સેવા કરીને સુખ આપવું જોઈએ. સેવકનો સહજ ધર્મ છે કે સ્વામીની સેવા કરવી. સેવા કરીને આપણે કંઈ પ્રભુ ઉપર ઉપકાર કરતા નથી.

'શ્રવણાદિક અંગ ભક્તિના, સેવા છે ફલરૂપ'

કીર્તન ભક્તિ, કથાવાર્તા, નામ સ્મરણ એ ભક્તિના અંગ છે. પણ શ્રીહરિની સ્વરૂપ સેવા તો એ બધાનાય ફળરૂપ છે. બીજું બધું ભલે કરીએ, પણ સ્વરૂપ સેવા વિના અધુરું જ રહેશે. સત્સંગ કરીને પણ શીખવાની વસ્તુ તો ઠાકોરજીની સેવા જ છે. સેવા છોડીને ફક્ત કથા વાર્તાથી ચાલતું નથી. ઠાકોરજીને થાળ કે આરતીનો સમય થયો હોય અને આપણે એ ટાઈમે કથાવાર્તા કરવા બેસી જઈએ તો ચાલે ? આળસ અને પ્રમાદ છોડીને શ્રીહરિની સેવાને વિષે મન જોડી દઈએ તો ધીમે ધીમે શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહ વધતો જાય, પછી હરિસેવા રસરૂપ બની જાય. કંટાળો આવવાને બદલે સુખ આવવા લાગે. જીવન પર્યંત શરીર નિરોગી હોય ત્યાં સુધી શ્રીહરિની નિષ્કામ ભાવે સેવા જ કરવી.

આજે જગતમાં મોટા ભાગના લોકોમાં એવી માન્યતા શરૂ થઈ છે કે 'જન સેવા એજ પ્રભુ સેવા.' જન સેવા ન કરવી એવું વિધાન ક્યાંય પણ પ્રાપ્ત થશે નહિ. પરંતુ ઠાકોરજીને છોડીને ફક્ત જન સેવાથી બહુ બહુ તો સ્વર્ગ સુધી પહોંચી શકાય. ત્યાં પૂણ્ય ખૂટે એટલે ફરી પાછા જન્મ-મરણના ચક્રાવામાં જવુ પડે ! જીવનો મોક્ષ તો એક ભગવાન જ કરી શકે છે. ભગવાનના ધામમાં ગયા પછી જન્મમરણ રહેતું નથી. વળી ત્યાં સુખ પણ એવું છે કે શ્રીહરિ કહે છે કે, 'સ્વર્ગનું સુખ અમારા અક્ષરધામના સુખની આગળ નર્ક તુલ્ય છે.' જન સેવા પણ શ્રીહરિના રાજીપા અર્થે થાય તો બંધન ન થાય. શ્રીહરિને ભૂલીને જન સેવાથી અભિમાન આવે છે કે આ સેવા હું કરું છું. માટે પ્રથમ શ્રીકૃષ્ણ સેવા પરમ આવશ્યક સમજીને પછી જ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે માતા, પિતા, ગુરુ, રોગી આદિક હરકોઈ મનુષ્યની સેવા કરવી.



સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે કે **મલિન વાસના સેવાથી કપાઈ જાય છે.** ઉકા ખાચરના નામનો ઉલ્લેખ કરીને પ્રભુએ કહ્યું કે પ્રેમથી ભગવાનની અને ભગવાનના ભક્તની સેવા કરવાથી મલિન વાસના માત્રનો નાશ થઈ જાય છે.

સ્વામિનારાયણ સંહિતામાં એક પ્રસંગ આવે છે. એક સમયે ગઢડામાં પાંચસો ખાખીની જમાત આવી. તે સવારમાં દાદા ખાચર પાસે સીધા લેવા આવ્યા. તેમને શ્રીજી મહારજે પાકા સીધા અપાવ્યાં. ખાખીએ દિવસનાં પાંચ વાગ્યે ઠાકોરજીને કાળી રોટીનો થાળ ધરીને આરતી કરી ત્યારે શ્રીજી કહે, ''આ સમયે કોણ આરતી કરે છે ?'' ત્યારે સર્વે કહે, ''ખાખી લોકો ઠાકોરજીને થાળ ધરીને આરતી કરે છે.'' ત્યારે શ્રીજી કહે, ''શ્રી રામચન્દ્રજીને એકવીસ લાખ વર્ષ થયા, પણ સેવા ભક્તિ ચાલી આવી છે. માટે આપણે પણ આજથી ઠાકોરજીની સેવા રાખવી, પૂજા કરવી અને મંદિરો કરવા, પ્રભુને ધરીને અન્ન, જળ, વસ્ત્ર વગેરે વસ્તુ વાપરવી.'' જે દેહને તે દેવને. આપણે જે વસ્તુ જોઈએ તે ઠાકોરજીને પણ જોઈએ તેવી ભાવનાથી અન્ન, જળ, વસ્ત્ર, પ્રથમ ઠાકોરજીને ધરાવી પછી આપણે ઉપયોગમાં લઈએ તેજ ઠાકોરજીની સેવા.

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીની વાતોમાં લખ્યું છે કે, જે જન શ્રીજી મહારાજનો કે તેના સાધુનો ગુણ લે છે, તેની અન્ન, જળ, ફળ, ફૂલ, તૃણકાષ્ઠ, છાણાં, પત્ર-પાત્ર ઈત્યાદિ પદાર્થોથી સેવા કરે છે, અથવા તો કંઈ ઉપયોગમાં આવે છે કે ભાવપૂર્વક તેનું દર્શન કે વંદન કરે છે તે અલ્પ બંધન પામ્યા છતાં દરેક જનનું શ્રીજી મહારાજ કલ્યાણ કરે છે. શ્રીજી મહારાજ કે તેના સંતની સેવામાં ઉપોયગી થનારા ગાય, બળદ, ભેંસ, ઘોડા, હાથી, ઊંટ ઈત્યાદિ પશુઓ, મૃગ-શશાદિ વનના પશુ પક્ષીઓ તથા આંબા, રાયણ, મહુડા, જાંબુડા, લીબું, દાડમ, જામફળ, કેળાં, અંજીર, સીતાફળ, મૂળા, મોગરી, વંતાકડીઓ, ગુલાબ વગેરે સર્વે સ્થાવર જંગમ જીવનું પણ શ્રીજી મહારાજ કલ્યાણ કરે છે.

મોક્ષના પદથી પણ શ્રીહરિની સેવાને અધિક માનીને સેવા કરતા હોય તે અનાદિ મુક્ત છે. સ્વાર્થથી સેવા કરે છે તે આધુનિક જાણવા. શ્રીહરિ કહે,

"જે હરિભક્તના ગુણ ગાય તેણે કરેલી સેવા અમને બહુ ગમે છે. હરિભક્તોને ડરાવવા માટે અમારી સેવા કરતો હોય અને તેના અવગુણ દેખાડતો હોય પણ ગુણ કહેતો ન હોય તેની સેવા તો વજ્રના પ્રહાર જેવી અમને લાગે છે. ઘણા અમારા સેવક થઈને સેવા કરે છે પણ તે સૌના જુદા જુદા ભાવ અમે જાણીએ છીએ. ભાવ પ્રમાણે સેવાનો લાભ મળે છે. અમે તો બધાયનું હિત ઈચ્છીએ છીએ."

નારદજીએ અગાઉ ચાર સંતોની ખૂબજ પ્રેમથી નિષ્ઠાપૂર્વક સેવા કરેલી. સત્સંગથી તથા મુનિવરોને બ્રહ્મ જાણીને સેવા કરવાથી નારદજી સમર્થ બન્યા. બીજા પણ એવી રીતે વર્તે તેના ઉરમાં પરિવારે સહિત ધર્મ આવીને વસે છે. અને દિવસે દિવસે વધે છે. કોઈ શ્રીહરિનું ધ્યાન કરે તો પણ સેવામાં તાન ન હોય તો ધ્યાન મિથ્યા છે. સમાધિ ધ્યાન, ધારણા, જપ, તપ, તીર્થ, દાન, પુણ્ય અને આત્મનિષ્ઠા, એ બધાય સાધનોનું ફળ સેવા છે. સેવા વિનાના સાધન કરે તે ફળ વિનાના વૃક્ષ જેવા છે. ચિત્રકેતુ, ઈન્દ્ર વગેરે ઘણાય દેવ તથા મનુષ્યોએ સેવાથી મોટાઈ મેળવી છે. અને માને કરીને પડી ગયા છે. **એક દિવસ પણ શ્રીહરિની સેવા કરનાર કૃતાર્થ થાય છે.** ભક્તના ભાવ પ્રમાણે ભગવાન સેવા સ્વીકારે છે. અને જેવી ભક્તની રુચિ હોય તેવું સેવાનું ફળ ભગવાન તેને આપે છે. ભાવ વિનાની સેવા શ્રીહરિ પરહરે છે. મોક્ષનો જ જેને ખપ હોય તેની સેવા શ્રીહરિ અંગીકાર કરે છે.

સત્સંગમાં શ્રીજીમહારાજે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને સેવા વગેરે બધું બેલેન્સ કરીને આપણને આપ્યું છે. પરોક્ષ દ્વારમાં ભક્તની સેવા પૂજાનું પ્રધાનપણું છે. પરોક્ષ ભક્ત પ્રેમથી પ્રતિમાની સેવા કરે, જગત અને દેહમાં આસક્ત રહે નહિ, મૂર્તિમાં પ્રધાનપણે ચિત્ત ચોંટે, મૂર્તિને નજરે દેખે ત્યારે ગદ્‌ગદ્‌ કંઠ થઈ જાય, માનસી પૂજા પણ તેવી રીતે કરે તે પરોક્ષ ભક્ત વૈકુંઠમાં વસે છે. જેને ભગવાનમાં અસાધારણ હેત હોય પણ આત્મા અનાત્માનો વિવેક બિલકુલ ન હોય, ગોપીઓની પેઠે મૂર્તિ જોવા માટે ઉન્મત થઈ જાય, મૂર્તિમાં વૃત્તિ રાખી અખંડ ગુણગાન કરે તેને દેહ ત્યાગ સમયે દેહાત્માનો વિવેક થાય છે અને હું બ્રહ્મ સ્વરૂપ છુ એમ જ્ઞાન થાય છે ને અક્ષરધામમાં રહે છે. કેવળ ભગવાન વિના બીજી ઈચ્છા ન હોય તે જ



અક્ષરધામમાં ભગવાનના સુખને પામે છે. જેને સત્સંગ થયો છે એવા ઉત્તમ ભક્તોએ પોતાને બ્રહ્મરૂપ માની સેવા જ ઈચ્છવી. ભગવાનની સેવાને જે પ્રવૃત્તિ કહે તેવાં ભક્તને બદરિવન, શ્વેતદ્વીપ વગેરે નિવૃત્તિમય ધામમાં રાખે છે. બધા શાસ્ત્રોનો એટલો જ સાર છે કે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મનો દાસ થઈ સેવા કરવી. સંત હરિભક્તોનો સંગ તજવો નહિ. કુસંગ કરવો નહિ.

શ્રીહરિ તથા શ્રીહરિના સંતોની સેવા તો બ્રહ્માદિક દેવો પણ ઈચ્છે છે. રિધ્ધિ સિધ્ધિ અને ઐશ્વર્ય તથા ધ્રુવમંડળ આદિ સ્થાન તે પણ સેવા વિના મળતું નથી. છતાં શ્રીહરિના ચરણકમળ આગળ તે અત્યંત તુચ્છ છે. જપ, તપ, તીર્થ યજ્ઞાદિ તથા ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, તેમજ બીજા પણ સાધનો શ્રીહરિ તથા શ્રીહરિના સંતની સેવા વિના ફળતા નથી. માથું નમાવી હાથ જોડી, પત્ર, ફળ, ફૂલ, અન્ન, જળ, વસ્ત્ર જે યોગ્ય હોય તે શ્રીહરિને અર્પણ કરવું. **વળી દશમો ભાગ હરિને અર્પણ કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે તે આપવો જ જોઈએ, નહિ તો ગૃહસ્થને પંચ પાપ લાગે છે. તેનું જે નિવારણ નથી કરતો તેને તે પાપ દિવસે દિવસે દસ ગણું વધે છે.** ભરતખંડમાં મનુષ્યતન પામી હરિ સેવામાં ક્યારેય યોગ ન આવ્યો તો બ્રહ્માંડ જેટલું કનક મળે તો પણ છૂટી પડ્યું છે. **બીજી સેવામાં ચિત નહિ દઈને જેણે હરિની સેવા કરી છે તે પળે પળે બ્રહ્માંડ જેટલું સોનું કમાયો છે. હરિની સેવાથી તેનું માયિક તન દિવ્ય થઈ જાય છે.** બીજા જનો ને તે દેખાતું નથી, તેથી બાળી મૂક્યું એમ સમજે છે.

શ્રીહરિના ચરિત્રો અને મૂર્તિમાં રાગ કરવો અને સંસારના રાગને તજવો એજ ભક્તનું કર્તવ્ય છે. ઘરમાં ધન ઘણુંય હોય પણ સંત અને શ્રીહરિને માટે ખર્ચતો ન હોય, તે હરિભક્ત હોય તો પણ મોટી ખોટ કહેવાય. **મોક્ષનું જ્યાં થાણું હોય ત્યાં પોતાનું ધન, તન અર્પણ કરીને સેવા કરવી જોઈએ.** શ્રીહરિના સંબંધમાં આવેલા સંત, હરિભક્ત, તરુ, પશુ, પાષાણ, પંખી, વસ્ત્ર, આભૂષણ, કેસર, ચંદન, ભોજન, પત્ર, પુષ્પ, મૂળ, કંદ ઈત્યાદિ બધીજ વસ્તુઓ અમાયિક થાય છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે, જેને કોઈ પદાર્થની ઈચ્છા ન હોય તે હરિનો એકાંતિક ભક્ત થયો. તેણે પણ હરિ ને હરિના ભક્તની સેવા

તો કરવી. કેમ જે સેવા તો સર્વથી શ્રેષ્ઠ છે ને બીજા સાધન તો એને અર્થે છે. શ્રીહરિ કહે છે, ''ઈન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે, અને અનંત કાળના જે પાપ જીવને વળગ્યા છે તેનો નાશ થઈ જાય છે.''

અમદાવાદ મંદિરમાં શ્રીહરિ જ્યારે નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા પધાર્યા ત્યારે કહે છે, સંત હરિભક્તોના હિતને માટે નરનારાયણદેવ જે નૈષ્ઠિક વ્રત ધારી છે, તે પ્રગટ આવ્યા છે એમ માનજો. સ્વામીના ગુણ સેવકમાં આવે છે. **માટે તેમની સેવાથી પોતાના વ્રતનું પોષણ થશે. તેમની વસ્ત્રાભૂષણ, વાહન, ભવન ભૂમિ, ભોજન, ફળ, પુષ્પ વગેરેથી એકવાર પણ ભાવથી પૂજા કરશે તેને તેનું અનંત ફળ થશે.** તે સમગ્ર પદાર્થના દાતા છે.

ગ.મ.પ્ર. ૪૧ માં શ્રીજી મહારાજે ભગવાન અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી તથા તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારું ન કરવી એવું કહ્યું છે.

ગ.પ્ર.પ્ર. ૩૧ માં ભગવાનના બે પ્રકારના ભક્ત, તેમાં એક તો નિવૃત્તિ પકડીને બેસી રહે છે ને કોઈને વચને કરીને દુઃખવે નહિ એવો છે તથા બીજો તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેની અન્ન-વસ્ત્ર, પુષ્પાદિકે કરીને સેવા કર્યા કરે પણ વચને કરીને કોઈ ને દુઃખવાય ખરું તે પૈકી બીજા ક્રમવાળા ભક્તને એટલે કે સેવાના અંગવાળા ભક્તને શ્રેષ્ઠ કહ્યો છે.

ગ.પ્ર.પ્ર. ૪૩ માં કહ્યું છે, જે ભક્ત ચતુર્ધા મુક્તિને પણ નથી ઈચ્છતો ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે તે નિષ્કામ ભક્ત કહેવાય છે અને એવા જે ભક્ત તે સેવા જે ભગવાનની પરિચર્યા કરવી તે જો ચતુર્ધા મુક્તિમાં ન હોય તો, એને ઈચ્છે જ નહિ, ને એક સેવાને જ ઈચ્છે છે. અને એવા જે નિષ્કામ ભક્ત તેમને ભગવાન પોતાની સેવામાં રાખે છે. અને એ ભક્ત નથી ઈચ્છતા તો પણ બળાત્કારે ભગવાન એને પોતાના ઐશ્વર્ય સુખને પમાડે છે. નિષ્કામ ભક્તને ગીતામાં જ્ઞાની કહ્યો છે. માટે ભગવાનના ભક્તને ભગવાનની સેવા વિના બીજું કાંઈ ન ઈચ્છવું.



ગ.મ.પ્ર. ૬૩ માં કહ્યું છે જે, ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રધ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશે બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી. ભગવાનને ભગવાનના ભક્ત તેને અર્થે જે સેવા બની આવે એજ અતિશે શ્રેષ્ઠ સાધન છે.

ગ.અત્યં. પ્ર. ૨૪ માં અક્ષરધામને વિષે ભગવાનની સેવાની પ્રાપ્તિના ક્યાં ક્યાં સાધન છે તે સાધનના નામ શ્રીજી મહારાજે વર્ણવ્યા છે, માટે જેમણે દેહ છોડીને પણ શ્રીજી મહારાજની સેવામાં રહેવું હોય તેમણે અહીં એ સાધનો કરીને શ્રીજી મહારાજને રાજી કરવા.

પ્રભુ સેવાથી જ સકલ ઈન્દ્રિયોનું પ્રભુમાં વિનિયોગ થાય છે. જે સુખ મોક્ષમાં નથી, તે સુખ સેવામાં છે.

## સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઠાકોરજીનું સેવ્ય સ્વરૂપ

શ્રીહરિ સમકાલીન જેટલા મંદિરો થયા તે મદિરોમાં સ્વયં શ્રીહરિએ નિજ સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ શ્રીહરિએ તે અધિકાર ધર્મકુળના બન્ને આચાર્યશ્રીમાં વેષ્ટિત કર્યો છે. તે મુજબ અમદાવાદ અને વડતાલ દેશમાં જે જે મંદિરોનું નિર્માણ થાય તે મંદિરોમાં જે તે દેશના આચાર્યશ્રી ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા કરે છે અને ત્યારે જ ઠાકોરજીનું તે સ્વરૂપ સેવવા યોગ્ય થાય છે. શિક્ષાપત્રી શ્લોક નં. ૬૨ માં સ્વયં શ્રીહરિએ લખ્યું કે, અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.

જે કોઈ સાધુ, બ્રહ્મચારી કે ગૃહસ્થને ઠાકોરજીની સેવા કરવાની ઈચ્છા થાય તેમણે પ્રથમ પોતાના ઈષ્ટદેવની ઉપરોક્ત આજ્ઞા બાબતે વિચારવું, પછી

જ ઠાકોરજીની સેવા કરવી. સવારની પૂજામાં ચિત્ર પ્રતિમા હોય તો પણ તે સ્વરૂપ આચાર્યશ્રી દ્વારા પ્રસાદીનું કરાવેલું હોય અથવા આચાર્યશ્રી એ માન્ય કરેલું હોય અને મૂળ સંપ્રદાયના મંદિરમાંથી પ્રાપ્ત કરેલું હોય તો એ શ્રીહરિની મરજી પ્રમાણેની આદર્શ રીત ગણાય છે.

શ્રીહરિએ સંપ્રદાયમાં આ રીત પોતાના આચરણ વડે પ્રેકટીકલ અમલમાં મૂકેલી છે. સં.જી. ચતુર્થ પ્રકરણ અ. ૮૯ માં લખે છે, સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન ! પછી શ્રીહરિએ રઘુવીરજી પાસે રાધાકૃષ્ણની અને પોતાની (સહજાનંદ સ્વામી) ચિત્ર પ્રતિમા લક્ષ્મીનારાયણ દેશમાં રહેલા રઘુવીરના શિષ્યોને અપાવી. તેજ પ્રમાણે શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી પાસે તેમના શિષ્યોને શ્રી નરનારાયણ તથા પોતાની ચિત્ર પ્રતિમાઓ અપાવી. પછી વિભાગ પ્રમાણે બન્ને પત્નીઓ (બન્ને આદિ આચાર્યશ્રીની ભાર્યાઓ) પાસે શ્રીહરિએ સ્ત્રીઓને પણ પ્રતિદિન પૂજા કરવા માટે યોગ્ય બે પ્રતિમાઓ પૃથક્ પૃથક્ અપાવી.

સંપ્રદાયની પ્રણાલિકા મુજબ મૂર્તિપ્રતિષ્ઠા કરવાનો અધિકાર માત્ર બે ગાદીના ધર્મવંશી આચાર્યશ્રીનો છે. આ રીત પ્રમાણે પ્રતિષ્ઠા થાય ત્યારે જ ઠાકોરજી મૂર્તિમાં પ્રગટ બિરાજમાન થાય છે. પ્રતિષ્ઠા થયા બાદ શિખરબંધ મંદિરો હોય તો આચાર્યશ્રીની આજ્ઞાથી સંત-બ્રહ્મચારી ઠાકોરજીની નિત્ય સેવા કરે છે. હરિ મંદિર હોય તો સાધુ અથવા સ્થાનિક હરિભક્તો દ્વારા સેવા-પૂજાની વ્યવસ્થા થાય છે. હરિ મંદિરમાં પણ પ્રતિષ્ઠા તો આચાર્યશ્રી જ કરી શકે છે.

ઠાકોરજીનું અન્ય સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે, તે વાત શ્રીહરિએ ઠાકોરજીની મર્યાદા માટે લખેલી છે. દેવના દૈવતનો આધાર તે દેવની પ્રતિષ્ઠા કોણે કરેલી છે તથા ત્યાર પછી તે દેવના પૂજારી કેવા છે તે બે બાબત પર આધાર રાખે છે. તો હવે ઠાકોરજીના પૂજારીના થોડા લક્ષણો જોઈએ.



# ઠાકોરજીના પૂજારીના ગુણો

ત્યાગી હોય કે ગૃહસ્થ તમામે ઠાકોરજીની સેવા પૂજા કરવી હોય તો સૌ પ્રથમ ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા દીક્ષા લેવી અનિવાર્ય છે. સ્ત્રીઓએ આચાર્યશ્રીના પત્ની (પ.પૂ. ગાદીવાળાશ્રી) પાસેથી દીક્ષા લેવાની હોય છે. દીક્ષા બાબતની વાત વિષય બહારની લાગે. પરંતુ સમય પારખીને પાયાની વસ્તુ વારંવાર લખીએ તો અવળે પાટે જેને ગાડી ચડી ગઈ હોય અને આવી વાત ક્યાંયથી વાંચવામાં આવી જાય તો કદાચ થોડી બ્રેક વાગે ! શિક્ષાપત્રી અને સત્સંગિજીવન આ બન્ને ગ્રંથ પ્રમાણે સ્વામિનારાયણ સંપ્રદાયમાં દીક્ષા આપવાનો અધિકાર માત્ર આચાર્યશ્રીને પહોંચે છે, તેમજ બહેનોને દીક્ષા આપવાનો અધિકાર આચાર્યશ્રીના પત્ની પ.પૂ. ગાદીવાળાશ્રીને પહોંચે છે. જે વ્યક્તિએ દીક્ષા લીધી હોય તેને જ ભગવાનની સેવા-પૂજા-ભક્તિ કરવાનો બેઝીક અધિકાર પ્રાપ્ત થાય છે. શ્રી વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં કહે છે, જેઓ વૈષ્ણવી દીક્ષાને પામ્યા હોય એવા ચારેય વર્ણો તથા ચારેય આશ્રમો તથા ચારેય વર્ણની સ્ત્રીઓ, આ સર્વેને પૂજા વિધિમાં અધિકારી કહ્યા છે. પૂજા વિધિમાં અધિકારી થવા માટે પ્રથમ તો સર્વજનોએ સદ્‌ગુરૂ થકી વૈષ્ણવી દીક્ષા લેવી. કેવા સદ્‌ગુરુ ? તો સદાય એકાંતિક ધર્મમાં સ્થિતિ વાળા અને બ્રાહ્મણ જાતિના અને દયાનિધિ હોવા જોઈએ. દીક્ષા લીધા પછી જ જીવ પ્રભુની સેવાનો અધિકારી થાય છે. વૈષ્ણવી દીક્ષા અતિ ઉત્તમ ગણેલી છે. આપણા સંપ્રદાયમાં ગૃહસ્થને ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા સામાન્ય દીક્ષા તથા ત્યાગીને વિશેષ ભાગવતી દીક્ષા આપવામાં આવે છે. જેમ ગંગાજીમાં મળેલા દૂષિત જળ કે સારા જળના દોષ કે ગુણ ગંગામાં મળ્યા પછી જુદા ગણાતા નથી, પરંતુ ગંગાજળ રૂપે જ કહેવાય છે તેમ દીક્ષા લીધા પછી શ્રીહરિને સમર્પણ કરેલા દરેક પદાર્થ પ્રભુના સંબંધથી બ્રહ્મરૂપ થાય છે. દીક્ષાથી જીવાત્માનો ભગવાન સાથે સંબંધ સ્થાપિત થાય છે. ત્યાર પછી જ શ્રીહરિ તેની સેવા-પૂજા અંગીકાર કરે છે.

પૂજારીએ આંતર બાહ્ય શૌચ રાખવું જોઈએ. પૂજારી જો નિષ્કામી, નિર્લોભી, ક્રોધ રહિત, નિર્મળ અંતઃકરણ વાળો, નિષ્કપટ ભાવ વાળો તથા

આળસ-પ્રમાદથી રહિત હોય તો ઠાકોરજીને ગમે છે. વચનામૃત વડતાલ-૮ પ્રમાણે ''દેવને પૂજવાને તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની જ પૂજાને દેવ અંગીકાર કરે છે.'' તેવી જ રીતે સેવકમાં-પૂજારીમાં શ્રધ્ધા અને માહાત્મ્ય જોઈએ. શ્રીહરિલીલામૃત ગ્રંથમાં શ્રીહરિ કહે છે,

''જે દેવ કેરો મહિમા ન જાણે, સેવ્યાની શ્રદ્ધા ઉરમાં ન આણે;
એવાની સેવા અમને ન ભાવે, ઉદાસતા અંતરમાં હી આવે.''

શ્રીહરિ કહે છે, અંબરીષ રાજા જેવી હૃદયમાં જેને સેવા કરવાની શ્રદ્ધા હોય તેની કરેલી સેવા અમને ગમે છે. જે લખ્યું છે,

''શ્રીમંત રાજા અતિ અંબરીષ, સ્વહસ્ત સેવા કરતો અધીશ;
એવી જ શ્રધ્ધા ઉર હોય જેને, સેવા તણો છે અધિકાર તેને.''

મુકુંદ બ્રહ્મચારીની સેવા પણ શ્રીહરિને બહુ ગમતી. પૂજારીને પોતાના સુખનો વિચાર લેશમાત્ર કરવાનો હોતો નથી, ફક્ત ઠાકોરજીના સુખનો જ વિચાર કરવાનો હોય છે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, ''આ મુળજી બ્રહ્મચારી મહાનિષ્કામી છે ને એમના હાથની કરેલ સેવા અમને ગમે છે ને આ બ્રહ્મચારીમાં ઈશ્વરના જેવા ગુણ છે.''

શ્રીજી મહારાજની આજ્ઞા એ જ બ્રહ્મચારીનું જીવન હતું. શ્રીજી મહારાજની સેવા તેઓ ત્વરિત કરતા. એક સમયે વડતાલમાં શિખર પાછળના ચોકમાં મહારાજ સભા કરી વિરાજતા હતા, ઉપર પ્રદક્ષિણામાં બ્રહ્મચારી હતા. ત્યારે મહારાજે પાણી માંગ્યુ એટલે તુર્તજ ત્યાંથી પડતું મેલ્યું અને પાણી પાયું. મહારાજ કહે, બ્રહ્મચારી ! આમ શા માટે કર્યું ? ક્યાંક હાથ-પગ તૂટી જાય તો ! બ્રહ્મચારી કહે, મહારાજ ! આપને પાણી જોઈએ ને હું પગથીયા ઉતરવા જાઉં એમાં વાર થાયને ! બાકી તો રક્ષા કરનાર તમે બેઠા છો. આવી એમની સેવા નિષ્ઠા હતી.

એકવાર શ્રીજી મહારાજે બ્રહ્મચારીને પોતાની સેવામાંથી જતા રહેવાનું કહ્યું તો જતા રહ્યા અને ડભાણમાં રહીને ભજન કરવા લાગ્યા. પછી ઉનાળો આવ્યો, સરસ કેરીઓ પાકી. સત્સંગીઓએ આગ્રહ કર્યો કે થોડી કેરીઓ મહારાજને પહોંચાડો. હેતવાળા હરિભક્તોએ બ્રહ્મચારીની મુશીબત બાજુ



ધ્યાન રાખ્યું જ નહિ અને દોઢમણ કેરીનો ટોપલો માથે ચડાવ્યો. જેઠ મહિનો, ઉઘાડા પગ, ગુજરાતની રેતાળ ધરતી, કૃશ શરીર છતાં દોઢમણ કેરી લઈને ડભાણથી દુર્ગપુર ૬૦ ગાઉ ચાલીને પહોંચ્યા. કેરીનો ટોપલો મહારાજ પાસે મૂકી દંડવત કર્યા પણ મહારાજે સામું પણ ન જોયું. ન કાંઈ બોલ્યા. પછીથી એક વૃદ્ધ ડોશી મહારાજને વઢ્યા ત્યારે મહારાજે બ્રહ્મચારીને બોલાવીને એ કેરીનો રસ તેમની પાસે કઢાવરાવીને જમ્યા. બ્રહ્મચારીને જમાડ્યા અને પાસે રાખ્યા. આટ આટલું બન્યા છતાં બ્રહ્મચારીના મનમાં અખંડ આનંદ જ રહ્યા કરતો. શ્રધ્ધા માહાત્મ્ય માટે શ્રીહરિ એ મુક્તાનંદ સ્વામીનો દાખલો આપતા કહ્યું છે, મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે પણ ગૌણ પડ્યું નથી. માહાત્મ્યને શ્રધ્ધા વિનાના સર્વે યાદવ શ્રીકૃષ્ણ ભગવાન ભેળા જ રહેતા અને જેમ રાજાની સેવા ચાકરી કરે તેમ સેવા ચાકરી કરતા તો પણ તેનું કોઈ નામ જાણતું નથી. અને તે ભક્ત પણ કહેવાયા નથી. અને ઉદ્ધવજી જો શ્રીકૃષ્ણ ભગવાનની શ્રધ્ધા માહાત્મ્યે સેવા ચાકરી કરતા તો તે પરમ ભાગવત કહેવાયા. અને તેની શાસ્ત્રમાં તથા લોકમાં અતિશે પ્રસિદ્ધિ છે.

પૂજારી ઠાકોરજી પ્રત્યે ખૂબ પ્રેમવાળા, સેવા-પૂજાના અંગવાળા - રૂચિવાળા તથા ઉમંગવાળા, પ્રભુ પ્રત્યે શુદ્ધ ભાવવાળા, ભોળા હૃદયવાળા તથા પ્રભુના જ સુખનો વિચાર કરવા વાળા હોય તો ઠાકોરજી પૂજારીની સેવા પ્રેમથી અંગીકાર કરે છે. પ્રેમ વિના અર્પણ કરેલા વસ્ત્ર, આભૂષણ, વાહન, પલંગ, હિંડોળા કે ગમે તેવી અમૂલ્ય ચીજોથી પણ શ્રીહરિ પ્રસન્ન થતા નથી. ગદ્‌ગદ્ ભાવ સાથે પ્રેમથી ફળ, ફૂલ કે જળ શ્રીહરિને અર્પણ કરે તે શ્રીહરિ બહુ ક્ષુધાતુર મનુષ્યની પેઠે દોડીને ગ્રહણ કરે છે.

સેવા પૂજામાં પૂજારીનું મન એકાગ્ર હોવું જોઈએ. શ્રીહરિ લીલામૃત ગ્રંથમાં લખ્યું છે,

''પૂજા કરે ને મન હોય બીજે, પૂજા કરી તેહ નહિ કહી જે,
કરે જનો જે જપ હોમ દાન, સ્મૃતિ વિના તે ન કર્યા સમાન.''

શરીર યંત્રવત્ ઠાકોરજીની સેવામાં હોય, પરંતુ મન ક્યાંય ફરવા જતું

રહેતું હોય તો તેવી સેવા ઠાકોરજીને ન ગમે. ઠાકોરજી મૂર્તિ સ્વરૂપે બધુ જ જાણતા હોય છે. પૂજારીને મૂર્તિમાં ઠાકોરજીનો અખંડ પ્રત્યક્ષ ભાવ રહેવો જોઈએ, વળી પૂજારીને દ્રવ્યમાં કે પગારમાં કે પદાર્થમાં ધ્યાન ન હોવું જોઈએ પરંતુ ઠાકોરજીની સેવામાં પોતાનું જીવન સમર્પિત હોવું જોઈએ. શ્રીજી મહારાજે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા પછી પ્રથમ મંદિરમાં દેવની સેવા માટે એક પૂજારી બ્રાહ્મણને પગારદાર તરીકે રાખ્યા હતા. શ્રીજી મહારાજે ભૂદેવને ભલામણ કરી, બાહ્ય અને આભ્યંતર શુદ્ધિ જાળવીને ઠાકોરજીની સેવા પૂજા કરજો. આભ્યંતર શુદ્ધિ પવિત્ર વિચારોથી થાય છે, સાત્વિક ભાવથી થાય છે. પૂજારી ઠાકોરજી પાસે હોય અને જો તેના મનમાં રાગ-દ્વેષ, રીસ, ક્રોધ, લોભ હોય, અપવિત્ર વિચારો હોય અને શણગાર, વાઘા ને આરતી કરે તો એ પૂજા દેવ સ્વીકારે નહી. બાહ્ય શુદ્ધિ પાણીથી થાય. શિખર બંધ મંદિરોમાં દેવની સેવાના સમયે પૂજારીએ સોળે પવિત્ર રહેવું પડે છે.

સમય જતા ભૂદેવના વિચારો બદલાયા. દેવ પાસે કંઈ ફળ આવે, ભેટ આવે, એ દેવને ધરે નહી. સીધું થેલીમાં નાંખીને ઘેર લઈ જાય. ઉનાળામાં બપોરના સમયે પોતાના ઘરનાં છોકરાં, ખાટલો, ઘોડિયું બધું નરનારાયણદેવના ઘુમ્મટમાં રાખે. ઘુમ્મટમાં છોકરાં રમે, નાના છોકરા ઘુમ્મટ બગાડે; કીકીયારીઓ કરે, દોડે, કૂદે. ભૂદેવ ખાટલો પાથરીને આરામ કરે.

પછી શ્રીજી મહારાજે નક્કી કર્યું કે આજથી આ મંદિર અને હવે પછી જે મંદિરો બનશે એમાં કોઈ પણ પુજારીને પગારદાર તરીકે નથી રાખવા. જેનું જીવન ઈશ્વરને સમર્પણ થયેલુ હોય એ વ્યક્તિઓ જ પૂજા કરશે. આ બ્રહ્મચારીઓને ઠાકોરજીની સેવા કરવાનો બહુ ટાઈમ મળશે, કારણ કે તેઓને ઘર સંસારની કંઈ વિટંબણાઓ હોતી નથી. ભૂદેવને મહારાજે ખૂબ દક્ષિણા, વાઘા, વસ્ત્રો, વીંટીઓ આપીને પુરા સન્માન સાથે છૂટા કર્યા.

પગારમાં જેની દ્રષ્ટિ હોય એની દ્રષ્ટિ પૂજામાં ન હોય. પરમાત્માનાં બધા કાર્યો પરોપકારના છે, પગારના નહિ. દેવ સેવા, કથા - પારાયણ, આ બધી જ વસ્તુ પરોપકારની છે. પરમાત્મા આપણને ક્યારેય કોઈ વસ્તુનું બીલ



મોકલતા નથી તો એ પરમાત્માની સેવા પણ નિઃસ્વાર્થ ભાવથી થવી જોઈએ. શિખરબંધ મંદિરોમાં દેવની સેવામાં બ્રહ્મચારી ન મળે તો તે કાર્ય ત્યાગી સંતો પણ પરંપરાના આચાર્યશ્રીની આજ્ઞાથી સંભાળે છે. સંપ્રદાયમાં આજે ઘણી મોટી સંખ્યામાં શિખરબંધ મંદિરો બન્યા છે. જે દરેક મંદિરોમાં માત્ર અને માત્ર શ્રીહરિને રાજી કરવાના હેતુથી, આચાર્યશ્રીની આજ્ઞાથી નિઃસ્વાર્થભાવે સાધુ, બ્રહ્મચારી ઠાકોરજીની સેવા પૂજા સુંદર રીતે કરે છે તેવી જ રીતે બહેનોના જુદા મંદિરો-હવેલીમાં જો ધાતુ કે પાષાણની શ્રીજી મહારાજની મૂર્તિ હોય તો પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સાંખ્યયોગી બહેનો સેવા કરે છે.

હું ને મારો ઠાકોર, બીજું જગત કાણું,
ઠાકોર બેઠા પારણે ને હું રહ્યો દોરી તાણું.

આ પંક્તિ ઠાકોરજીના પૂજારી માટે બહુ ઉપયોગી છે. જગત સઘળું વિસારી મૂકીને માત્ર અને માત્ર શ્રીહરિની સેવા પૂજામાં મનની એકાગ્રતા કરવી. મૂર્તિને પ્રત્યક્ષ જાણીને પૂજારીએ મૂર્તિની દરેક પ્રકારની મર્યાદા રાખવી જોઈએ. એક સમયે શ્રીહરિ ડાકોર પધાર્યા. ત્યાં મંદિરમાં અનીતિ થતી દેખવામાં આવી. પૂજારીઓ મૂર્તિની મર્યાદા રાખતા નહિ. ધનવાન સ્ત્રીઓ દર્શને આવે તેના હાથ ઝાલી મૂર્તિ પાસે લઈ જતા, બાઈ ભાઈ મર્યાદા તજીને ભેળા દર્શન કરતાં, કેટલાક વિષયી જનો તેટલા માટે જ મંદિરમાં આવતા.

તીર્થનું પાપ વજ્રલેપ થાય છે. પંચ વિષયોના હેતુ ઈન્દ્રિયો અંતઃકરણ છે. તે જીવને લોભાવીને અંધાધૂધી કરી નાખે છે. અને શુભ વિચાર તથા વિવેકનો નાશ કરે છે. શ્રીહરિએ મંદિરમાં પૂજારીને પૂછ્યું કે મૂર્તિમાં દૈવત આવે, તેમાં શું કારણ છે ? અને દૈવત હોય ત્યાં વર્તન કેવું હોય ? મૂર્તિની પૂજા કરે તેના લક્ષણ કેવા હોય ? તે કહો, કારણ કે પૂજાની રીત જાણ્યા વિના પૂજા કરે છે, તેને અપરાધ લાગે છે. પૂજારી સંતોષકારક જવાબ આપી શક્યા નહિ. પછી શ્રીહરિએ શાસ્ત્રની રીતે પૂજારીને ધર્મ મર્યાદા શીખવાડીને પૂજારીએ રાખવો જોઈતો વિવેક શીખવાડ્યો.

# વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીએ કહી જે સેવારીતિ

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રીમાં લખે છે... અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેમના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી, તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા. અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય, તેને જ અનુસરીને સર્વે વ્રતને ઉત્સવ કરવા અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું.

વિષ્ણુ સ્વામી, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને નિમ્બાર્ક એ આચાર્યોએ ધર્મમાર્ગનું પાલન કર્યું હતું ત્યારપછી શ્રી વલ્લભાચાર્યએ પોતાના પુત્ર વિઠ્ઠલનાથજીની સાથે પૃથ્વીમાં શ્રીકૃષ્ણની ભક્તિ પ્રવર્તાવતા ધર્મમાર્ગનું પાલન કર્યું હતું. પુષ્ટિ સંપ્રદાયમાં વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી તરીકે ઓળખાય છે અને વિઠ્ઠલનાથજી 'શ્રીગુંસાઈજી' તરીકે ઓળખાય છે. વલ્લભાચાર્યજી અગ્નિનો અવતાર મનાય છે. તથા શ્રી વિઠ્ઠલનાથજી વિષ્ણુનો અવતાર મનાય છે. છતાં શ્રીહરિ કહે છે, વ્યાસ સમાન કોઈ આચાર્ય નથી. વ્યાસના મતનો આશ્રય લઈને સૌ પોત પોતાના સંપ્રદાય ચલાવે છે. તેમના વચનને ન અનુસરે તો તે સંપ્રદાય કલ્પિત કહેવાય છે.

વૈષ્ણવ મતમાં સેવાની તથા ઉત્સવની રીત સારી છે. વિઠ્ઠલનાથજીએ સમય સમયના ઉત્સવો બાંધ્યા છે. એમણે વ્રત અને ઉત્સવ કેમ ઉજવવા એ સમજાવવા માટે વૈષ્ણવ પધ્ધતિ પ્રમાણે નિર્ણયનું એક શાસ્ત્ર રચ્યું છે. એમાં બતાવેલા નિયમ પ્રમાણે તથા આપણા સંપ્રદાયની શ્રીહરિના સમયથી ચાલી આવતી પરંપરા પ્રમાણે વ્રત અને ઉત્સવ ઉજવવા અને એ પ્રકારે ઠાકોરજીની સેવા રીતિ રાખીને સેવા-ભક્તિ કરવી. શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રભુ સુખનો પૂર્ણપણે વિચાર કરી કલા-સાહિત્ય અને સંગીત દ્વારા ઠાકોરજીને રીઝવવા - ઠાકોરજીને કેવો ભોગ ધરવો, કેવો શ્રૃંગાર કરવો વગેરે સમજાવીને ભક્તોને પણ સેવાનો આનંદ પ્રદાન કર્યો છે. શ્રી વિઠ્ઠલનાથજીએ વૈષ્ણવ સંપ્રદાયમાં પુષ્ટિ માર્ગીય સેવા પ્રણાલીનો વિકાસ તથા વિસ્તાર કર્યો છે. તેઓએ રાગ-ભોગ-શ્રૃંગાર સેવા પ્રકારનો સુંદર રીતે સમન્વય કર્યો છે.



ગોપીજનોએ શ્રીકૃષ્ણ ભગવાન સાથે રહીને, કનૈયાની સેવા કરીને જે સુખની પ્રાપ્તિ કરી, જે સુખ અનુભવ્યુ, તે હાલમાં ઠાકોરજીની મૂર્તિમાં પ્રગટ ભાવ રાખીને સેવા કરવાથી તેવું જ સુખ ભક્તો અત્યારે અનુભવી શકે તેવા હેતુથી પુષ્ટિમાર્ગમાં સેવારીતિ પ્રવર્તે છે. આ માર્ગમાં પહેલેથી છેલ્લે સુધી વ્રજ લીલાના જ દર્શન થાય છે અને જેવી રીતે નંદભવનમાં યશોદાજી પ્રભુને લાડ લડાવતા હતા તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં ગોવર્ધનધર પ્રભુની નિત્ય સેવા ક્રમમાં અને ઉત્સવ વગેરેમાં વ્રજલીલાઓની ભાવનાઓનું પ્રધાન સ્થાન છે. પ્રત્યેક સામગ્રી, વસ્ત્ર, આભૂષણો સર્વ વસ્તુઓ વ્રજજનોના વિવિધ ભાવરૂપ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ શ્રીહરિએ શ્રી વિઠ્ઠલનાથજીએ કહી જે સેવારીતિ તેનો આધાર રાખીને ઠાકોરજીની સેવા રીતિ પ્રવર્તાવી છે. તે મુજબ જ આપણા મંદિરોમાં પૂજારી જુદી જુદી ઋતુ અનુસાર ઠંડી-ગરમીનો વિચાર કરી મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ રાખી ઠાકોરજીને વાઘા-વસ્ત્રો તથા થાળ ધરાવે છે અને ઉત્સવો પણ ઋતુ અનુસારે થાય છે.

# શિખરબધ્ધ મંદિરોમાં શ્રી ઠાકોરજીની સેવારીતિ

શિખરબધ્ધ મંદિરોમાં ઠાકોરજીની ધાતુ કે પાષાણની મૂર્તિ વિવિધ સ્વરૂપે દર્શન આપે છે. દરરોજ નવીન વાઘા તથા શ્રૃંગાર ધરાવાતો હોવાથી દર્શનાર્થીને વિશેષ સુખ આવે છે. સમય સમયે પાંચે આરતી થાય છે. ધાર્મિક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. સંત હરિભક્તો દ્વારા સવાર સાંજ કથા વાર્તા, સત્સંગ પારાયણો થતા હોય છે. દર્શનાર્થીઓની સંખ્યા વધારે રહે છે. દર્શનાર્થી હરિભક્તોને ઠાકોરજીનું દર્શન કરવાથી પ્રભુ મળ્યાનો પ્રત્યક્ષ અવર્ણનીય આનંદ ઉરમાં થતો હોય છે. સંત કે બ્રહ્મચારી ઠાકોરજીની સેવા પૂજા કરતા હોય છે.

**(૧) નિત્ય સેવા :** પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે.....

શ્રીહરિને ખૂબ વહેલા ઉઠવાની ટેવ છે. પરંતુ ક્યારેક વધારે વાર પોઢવાની પણ લીલા કરે. ત્યારે મુક્તાનંદાદિ સંતોને ચિંતા થાય કે હમણા ભક્તજનો મહારાજનું દર્શન કરવા આવશે. અને મહારાજ તો હજુ પોઢ્યા છે. આવી જ એક લીલા શ્રીજી મહારાજે વહેલાલ ગામમાં તળાવની પાળે ગાડા પર પોઢીને કરેલી. વહેલી સવારે સહુ સંતો નાહી, ધોઈ, પૂજા પાઠ કરી પરવારીને પ્રભાતિયાના કીર્તનો ગાવા લાગ્યા. મહારાજ પોઢ્યા પોઢ્યા એ કીર્તનો સાંભળવા લાગ્યા. સવાર પડી. મહારાજ જાગે નહી. ગામના ભક્તો નાહી-ધોઈ મહારાજના દર્શન કરવા આવવા માંડ્યા. મહારાજ તો ગાડા ઉપર પોઢેલા. મુક્તાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને વિનંતી કરી, સ્વામી તમે મહારાજને જગાડોને. બ્રહ્માનંદ સ્વામીએ ગાડાની બાજુમાં બેસીને પ્રાતઃ થયું મન મોહન પ્યારા, પ્રિતમ શું રહ્યા પોઢીને.... એ પ્રભાતિયું ગાયું. સ્વામી ભૈરવ રાગનું સુંદર પ્રભાતિયું બોલે છે, પરંતુ મહારાજ આજે કાને ધરતા જ નથી. સ્વામીને થયું કે ભગવાનને જગાડવા એટલે જગાડવા જ. સ્વામી ઉભા થયા. ગાડા પાસે મહારાજની પાસે પહોંચીને પદનું છેલ્લુ વાક્ય બોલ્યા .... ''બ્રહ્માનંદના નાથ વિહારી ઉઠો આરસ મોડીને'' એમ કહી મહારાજે મુખ ઉપર ઓઢેલી ગોદડી ખેંચી. મહારાજ ! આ બધા ભક્તો આપનું દર્શન કરવા આવ્યા છે. પછી મહારાજ બેઠા થયા. સૌને મંગળા સ્વરૂપના દર્શન કરીને દિવ્યાનંદ થયો.

અહીં નંદ સંતો આપણને પ્રેક્ટીકલી શીખવાડે છે કે પ્રાતઃકાળે ઠાકોરજીને કઈ રીતે ઉઠાડવા. સેવકનો ધર્મ છે કે ઠાકોરજી જાગે તે પહેલા પોતે નાહી ધોઈ પોતાનો નિત્ય ક્રમ પૂજા-પાઠથી પરવારી મંદિરમાં આવી જાય. પૂજારી સ્વામીને ચિંતા થાય કે હમણાં મંગળા આરતીનો સમય થઈ જશે. ભક્તો દર્શન કરવા આવશે. એટલે પૂજારી પોતાના નિત્યક્રમથી પરવારીને કોઈ ન અડ્યું હોય તેવા ધોયેલા સ્વચ્છ પવિત્ર વસ્ત્રો પરિધાન કરીને મંદિરમાં આવી જાય. ભક્તોને પણ ખ્યાલ હોય છે કે આ બ્રહ્મચારી કે સંત દેવની સેવામાં છે. એટલે પૂજારી જ્યારે સોળે હોય એટલે કે બાહ્ય રીતે સંપૂર્ણ પણે પવિત્ર થઈને આવ્યા હોય ત્યારે ભક્તો પણ પૂજારીને ચરણ સ્પર્શ કર્યા વિના દૂરથી જ વંદન કરે. સોળેની રીતમાં બ્રહ્મચારી રેશમી પીતાંબર પહેરીને પછી અન્ય



ધોયા વિનાના સુતરાઉ કપડાને પણ અડકતા નથી અને પાણીમાં બનાવેલી વસ્તુ પણ ખાતા નથી. ગરમ વસ્ત્ર ધોયેલુ ન હોય છતાં વાયુના સ્પર્શથી શુધ્ધ થાય છે.

મંદિર ખોલીને ઘંટાનો ધીમે ધીમે મધુર નાદ કરી ઠાકોરજીને જગાડે. હે દયાળુ ! જાગો. જાગવાનો સમય થયો છે. જળની લોટી સાફ કરી ઠાકોરજીને દંત ધાવન વિધિ માટે ઠાકોરજી સમક્ષ જળથી ભરેલી લોટી તથા કોમળ દાતણ મૂકે. પછી મહારાજને થાળી રાખી મૃતિકા સાથે જળથી હાથ ધોવરાવે. લોટીને માંજીને ફરી સ્નાન માટે લોટીમાં ઉષ્ણકાળ હોય તો શીતળ અને શીતકાળ હોય તો નવશેકું ગરમ પવિત્ર જળ ભરે. સમયના અભાવે ઠાકોરજીને સ્નાન કરાવું છું એવી ભાવનાથી આછા સ્વચ્છ મલમલના ભીના કપડા વડે ચરણથી આરંભીને મુખારવિંદ સુધી સારી રીતે માર્જન કરે. સમય અને શ્રધ્ધા હોય તો પૂજારી ઠોકરાજીને નિત્ય સ્નાન પણ કરાવી શકે. ઉત્સવના નાના ચલ સ્વરૂપ હરિકૃષ્ણ કે લાલજીને નિત્ય સ્નાન કરાવે. સ્નાન કરાવ્યા પછી પૂજારી ઠાકોરજીના ચરણોનુ ચંદન, પુષ્પ અને તુલસીપત્રોથી પૂજન કરે. આ સમયે પૂજારી જનમંગલ નામાવલીનો એક પાઠ કરતા કરતા ઠાકોરજીના ચરણોમાં તુલસી પત્રો અર્પણ કરે. પ્રાતઃ વિધિ ચાલુ હોય એ દરમિયાન સંત-હરિભક્તોએ મંદિરમાં બેસીને નંદ સંતો રચિત પ્રભાતિયાના પદો ગાવા જોઈએ.

કીજીયે ધ્યાન શ્રી ધર્મના કુંવરનું, સર્વ પહેલા ઉઠી પ્રાતઃ કાળે.....
અધમ ઉધ્ધારણ અવિનાશી તારા બિરુદની બલિહારી રે.....
પ્રાતઃ થયું મન મોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને.....
રસિયોજી રાય આંગણ બેઠા, કોમળ દાતણ કરવાને.....
પ્રાત સમે મારા પ્રાણ જીવનનું, મુખડું જોવા જાઈએરે.....
મહી માખણ માગે રે માવો, મહી માણખ માગે;
પ્રભાતે ઉઠીને માવો, મહી માખણ માગે.....
ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, જે થકી સર્વ સંતાપ નાસે;
કોટિ રવિ ચન્દ્રની કાંતિ ઝાંખી કરે, એવા તારા ઉર વિષે નાથ ભાસે.....
સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;

નિગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે.....

વગેરે પ્રભાતી રાગ, ભૈરવ રાગ, ભૈરવી રાગ, કેદારો પ્રભાતી રાગ તથા ભરવી પ્રભાતી રાગના વિધિ વિધ પ્રકારના પ્રભાતિયાના પદો પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીએ બનાવ્યા છે. નંદ સંતોએ રચેલા તથા ગાયેલા આ પ્રભાતિયાના પદો સાંભળીને ગાનાર સંત-હરિભક્ત ઉપર ઠાકોરજી પ્રાતઃ કાળે જ રાજી થઈ જાય છે. ભક્ત કવિ નરસિંહ મહેતાએ પણ,

"જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનુમાં કોણ જાશે ?"

વગેરે પ્રભાત રાગના પ્રભાતિયા બનાવ્યા છે. પુષ્ટિ માર્ગમા,

"જાગો કૃષ્ણ જશોદા જુ બોલે, ઈહિં ઔસર કોઈ સોવે હો"

વગેરે પ્રભાતિયાના પદો બોલીને ઠાકોરજીને જગાડે છે.

આખી રાત્રિ પસાર થઈ ગઈ હોવાથી ઠાકોરજીને ભૂખ પણ લાગી હોય છે. માટે જ કનૈયો કહે છે, "મૈયે મોહિ માખન મિશ્રી ભાવે, મીઠો દહિ, મીઠાઈ મધુ ધૃત અપને કરસોં ક્યોં ન ખવાવે..... મૈયા ! મને સાકર સાથેનું દૂધ, દહીં, માખણ તથા મીઠાઈ ભાવે છે, તારા હાથથી તું મને કેમ ખવડાવતી નથી !

મંગળ ભોગમાં પૂજારી ઠાકોરજીને સાકર, ઈલાયચી, કેસર વગેરેથી ઉકાળેલું કઢેલું દૂધ તથા મીઠાઈમાં મગસ વગેરેના લાડુ ધરાવે તથા સાથે જળ ધરાવે. મંગળ ભોગમાં ઠાકોરજીને સાકર, સુકોમેવો, પેંડા, દહી, માખણ, માવાની ઘારી, બૂંદીના લાડુ, ઘેબર, મોહનથાળ તથા શીતકાળમાં સૌભાગ્ય સૂંઠ, ઉષ્ણકાળમાં સતવો, કેરી વગેરે જે ઉપસ્થિત હોય, બનાવેલું હોય તે ધરાવી શકાય છે. મંગળ ભોગનો સમય ૧૦ થી ૧૨ મિનિટનો રાખવો. એ દરમિયાન ઠાકોરજીનું જે શૈયા મંદિર-સુખ શૈયા હોય છે ત્યાં શૈયા ઉપરથી ગાદી તકિયા ચાદર ઉઠાવી, ખંખેરી, તે સ્થાન સ્વચ્છ કરી ફરી પાછા વ્યવસ્થિત રીતે બિછાવવા. શીતકાળમાં રજાઈ-ચાદર રંગીન રાખવા તથા ઉષ્ણકામમાં શ્વેત મલમલની ચાદર રાખવી.

હવે મંદિરમાં મંગળા આરતીનો સમય થયો હોવાથી ભક્તજનો મંગળાનું દર્શન કરવા આતુર થાય છે. પૂજારી ટેરો દૂર કરે છે. ભક્તજનો



આનંદ પામે છે. અને ઠાકોરજીનું મુખ નિહાળી આરતી બોલવાનું શરૂ કરે છે,

આરતી ઉમંગ સહિત મંગળા ઉતારુ,

મંગળમય મૂર્તિ પર તન મન ધન વારું ...............

મંગળામાં ઠાકોરજીએ શયન વખતે જે વસ્ત્રો તથા પુષ્પનો હાર પહેરીને દર્શન આપ્યા હોય છે તે જ સ્વરૂપે દર્શન આપે છે.

ઠાકોરજીને શૃંગારનો સમય થાય એટલે શ્રી વિઠ્ઠલનાથજી સ્વયં શ્રીજીને શૃંગાર ધરાવતા. તેમના સાત પુત્રો હતા તે દર્શન કરતા. તથા તેઓ ઠાકોરજીના કીર્તન કરવા અષ્ટ સખા-કીર્તનિયા રાખતા તેઓ કીર્તન બોલતા. આપણા મંદિરોમાં સમય થાય એટલે પૂજારી ટેરો (પડદો) રાખીને ઠાકોરજીના શૃંગાર કાર્યમાં વ્યસ્ત થાય. ઠાકોરજીને સુરવાલ કે ધોતી તથા વાઘા પહેરાવવામાં આવે છે. કેડ પર પટકો બાંધવામાં આવે છે. શિર પર પાઘ, મુગટ કે મોળીયુ ધરવામાં આવે છે. ઠાકોરજીને સોનાના અલંકારો જેમાં કંઠમાં કંઠો, સોનાના હાર, કંદોરા, મોહનમાળા, ચંદનહાર વગેરે પહેરાવે છે. માળા જેમાં મોતીની, સોનાના મણિની ગૂંથેલી માળા, વૈજન્તી માળા એમ વિવિધ માળા ધારણ કરાવે છે. કાનમાં મયુરાકૃત કે મત્સ્યાકૃત કુંડળ ધારણ કરાવે છે. છડી ધરાવવામાં આવે છે. શ્રીકૃષ્ણ સ્વરૂપ હોય તો ખાસ વાંસળી-મોરલી ધરાવવામાં આવે છે. તેમજ બળદેવજી સ્વરૂપ હોય તો હળ ધરાવવામાં આવે છે. તેવી જ રીતે ઠાકોરજી શ્રીરામચન્દ્રજી-લક્ષ્મણજી સ્વરૂપે હોય તો ધનુષ્યબાણ ધરાવવામાં આવે છે. બન્ને ભુજામાં બાજુબંધ હોય છે. હસ્તના કાંડા પર કડા, પહોંચી, હાલના સમય પ્રમાણે ઘડિયાળ તથા જમણા હાથમાં રેશમી રૂમાલ તથા પુષ્પ ગુચ્છ ધરાવવામાં આવે છે. ડાબા હાથની હથેળીમાં અભય ચક્ર હોય છે. હસ્તની આંગળીઓ પર વેઢ, વીંટી હોય છે. પગમાં તોડા તથા ઝાંઝર હોય છે. કંઠમાં ગુલાબ, મોગરો, ચંપો, જૂઈ, ગુલાબી કરેણ વગેરેના ફૂલના હાર તથા ઘણીવાર વનમાળા ધારણ કરાવવામાં આવે છે. ગુલાબ, મોગરો, હિનો પ્રકારનું અત્તર જે ફૂલોમાંથી બનેલું હોય છે તે ઠાકોરજીને ચર્ચવામાં આવે છે - છાંટવામાં આવે છે.

માતાજીને શણગારમાં સાડી તથા શેલા ધરાવવા. મસ્તક પર મુગટ, મોડિયો કે સોના અથવા ચાંદીની મોળી તેમજ ફૂલની નાની માળા કે વેણી

પહેરાવીને મસ્તકના આગળના ભાગે શોભા કરવી, પરંતુ **કૃત્રિમ વાળ અથવા આધુનિક વીગથી મસ્તકની શોભા ક્યારેય ન કરવી.** રાધિકાજી કે લક્ષ્મીજી એ ઠાકોરજીના વિભૂતિરૂપે જ ગણાય છે.

**ઠાકોરજીને પેન્ટ, શર્ટ, બેલ્ટ, પોલીસનો ડ્રેસ વગેરે આધુનિક પોષાક ક્યારેય ન ધરાવવો. ચામડાની કોઈપણ વસ્તુ ન ધરાવાય તથા માતાજીને પણ ચામડાનું પર્સ વગેરે ન ધરાવાય. મહારાજ ઘણીવાર ખુરશી પર બેઠા હોય તેવું દર્શન કરાવવા મૂર્તિના ઓરીજીનલ પગની આગળ કૃત્રિમ પગ ન મૂકવા તથા વર્ણીવેશનું દર્શન કરાવવા મહારાજને મસ્તક પર કૃત્રિમ વાળની જટા ધારણ ન કરાવવી.** તેમ કરવાથી ઠાકોરજીની મર્યાદાનો ભંગ થાય છે. વળી અપવિત્રતાનું દર્શન થાય છે.

ઠાકોરજીના શિર પર પાઘમાં જે કલગી હોય છે તે ઉચ્ચ કવોલીટીની એટલે કે સોના અથવા ચાંદીની બનાવરાવવી જોઈએ. તાંબા ઉપર સોનાનો ગિલેપ કરી દે એ ન ચાલે. પહેલાના સમયમાં ઠાકોરજીને મસ્તક પર સાચી લેશ પટ્ટી વાળા મોળીયા બાંધતા. મોળીયા પર સોનાનો અથવા ચાંદીનો શિરપેચ હોય અને એ શીરપેચના નાકામાં કલગી ભરાવેલી હોય જે પહેલાના સમયમાં રાજા-મહારાજાઓ વાપરતા. હજુ પણ જે પૂજારીને મોળીયું બાંધતા આવડતું હોય તેઓ ઠાકોરજીને મોળીયું ધરાવે છે.

પ્રેમાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી મોળીયું તથા કલંગી તેમજ પાઘના છોગાનું વર્ણન કરતા લખે છે,

સોનેરી મોળીયું સુંદર સોનેરી મોળીયું, (૨) ધર્મકુંવરનું.....
મોળીડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી ......
માવારે મારા નેણા લોભાણા,
તારું મોળીડું જોઈને હું ઘેલી તો થઈ....... તારું,
મોંઘામુલું નૌતમ મોળીડું, નવલ કલંગી શિર ઝૂકી રહી ... તારુ.
ભૂધર તારું મોળીડું ભાળી, ઘાયલ થઈને સૂધ ભૂલી ગઈ..... તારું.
તારુ છોગું આવીને મારા ચિત્તમાં રહ્યું ...... તારું.
જગના જીવન રૂડું છોગું જોઈને, અંતરમાં અજવાળું થયું..... તારું.



**ઠાકોરજીની સેવામાં જ્યારે અત્તરનો ઉપયોગ કરવાનો આવે ત્યારે શુદ્ધ ખાતરીપૂર્વકનું અત્તર હોય તો જ પૂજારીશ્રીએ ઠાકોરજી માટે ઉપયોગ કરવો. અત્તરમાં પણ ઘણીવાર કેમિકલ્સ આવતું હોવાથી ઠાકોરજીની મૂર્તિ પર પોપડી પડે છે.** અત્તરને બદલે ચોખ્ખું સુખડનું તેલ વાપરવું. અગાઉ સુખડ મૈસુરથી આવતું, હાલમાં સુખડના ઝાડ ઘણી જગ્યાએ થાય છે. ઠાકોરજીની શ્યામ આરસની મૂર્તિ પર હાથ વગેરે અંગો પર શુદ્ધ કોપરેલ તેલ ઘસવામાં આવે તો ઠાકોરજીના અંગો તેજસ્વી તો હોય જ છે, તેથી પણ વધુ તેજસ્વી જણાય છે. કોપરેલ તેલ કેવી રીતે ઘસવું ? તો કહે છે કે ટોપરાની છીણ એક કપડામાં રાખીને તેની પોટકી બનાવીને તે પોટકી શ્રીજીના અંગો પર ઘસવી. **અત્તરને બદલે જે સેન્ટ આવે છે તેમાં એવું કહેવાય છે કે તેમાં આલ્કોહોલ (દારૂ)નું મિશ્રણ હોય છે. તેથી જો કદાચ કોઈ હરિભક્તો અજ્ઞાનતાથી ઠાકોરજી માટે સેન્ટની બોટલ લાવ્યા હોય તો તે સેન્ટનો ઉપયોગ ઠાકોરજી માટે કદાપિ ન કરવો તથા તે બોટલને ઠાકોરજી સમક્ષ ધરાવવી પણ નહિ, નહિ તો ઠાકોરજીની સેવાને બદલે ઉલ્ટી કુસેવા થાય છે.**

**તેવી જ રીતે ઠાકોરજીને પ્લાસ્ટીક કે કાગળના સસ્તા ફૂલ કે તેવા જ કૃત્રિમ ફૂલના હાર ક્યારેય ધરાવવા નહિ. ઓરીજીનલ-સાચાં ફૂલ ન મળી શકે તેમ હોય તો ન ધરાવવા, પરંતુ કૃત્રિમ ફૂલનો ઉપયોગ તો ક્યારેય ન કરવો.** ઘણીવાર બદામના હારની અંદર પ્લાસ્ટીકના ફૂલ સુંદરતા લાવવા માટે લગાવેલા હોય છે. **આવા હાર બનાવવામાં સરેસ - ચીકણા પદાર્થનો ઉપયોગ થતો હોય છે, જે અશુદ્ધ-અપવિત્ર ગણાય છે. જેને અડીને પણ પૂજારીએ નહાવું પડે તેવા અપવિત્ર હાર ઠાકોરજીને ન ધરાવવા.**

ગુલાબ પણ બે પ્રકારના આવે છે. ઉચ્ચ ગુણવત્તાવાળા ગુલાબ સુગંધી હોય છે અને લાંબો સમય તાજા રહે છે. નીચી ગુણવત્તા વાળા ગુલાબના ફૂલ સહેજ કાળા અને ઓછા સુગંધીદાર તેમજ જલ્દી મૂરઝાઈ જાય છે. એક કલાકમાં હારમાંથી ગુલાબની પાંદડી ખરી પડે છે. તેવી જ રીતે ઠાકોરજીને રમકડા પણ ન ધરાવવા કારણ કે ઠાકોરજી ઘનશ્યામ સ્વરૂપે - બાળ સ્વરૂપે

દર્શન આપતા હોય તો પણ તેઓ પ્રાકૃત નાના બાળકો લારીમાંથી લાવેલા રમકડાથી રમે તેવા નાના બાળક જેવા નથી. તેઓ તો દિવ્ય દેહધારી બહુ મોટા છે.

ઠાકોરજી અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ અને ઉત્તમ વસ્તુના ભોક્તા છે. સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં એક સુંદર વાત લખી છે. વડોદરામાં બાપુ સરવરિયાએ પટ મૂર્તિની પૂજા કરીને ફૂલના હાર પહેરાવ્યા. તે મૂર્તિઓએ હાર ઉછાળ્યો. ત્યારે કહે હમારા ચડાવેલા હાર તુમકું નહી ગમતા હૈ ? પછી રાત્રિએ મહારાજે તેને કહ્યું જે ડાકોરજીમાં અડધા રૂપિયાનો હાર ચડાવે છે ને મને હલકો હાર ચડાવે છે ? ત્યારે બાપુ બોલ્યો જે હે મહારાજ ! સબ હાર તુમકું ચડાયેગા.

આ પ્રસંગમાં શ્રીહરિ ઉત્તમ વસ્તુના ભોક્તા છે, સર્વોપરિ છે, એ વાતની સાથે સાથે પટમૂર્તિમાં પણ શ્રીહરિ પ્રગટ છે એ બાબતની પુષ્ટિ થાય છે. સેવક ધનથી સુખી હોવા છતાં સેવામાં લોભ કરે અને હલ્કી વસ્તુ સેવા-પૂજામાં વાપરે એ શ્રીહરિને ગમતું નથી.

કોઈક મંદિરમાં કોઈ સમયે શ્રી ઘનશ્યામ મહારાજના લલાટમાં કેસરી તિલક મધ્યે જાંબલી રંગના ચાંદલાનું દર્શન થાય છે. સ્વામિનારાયણ ભગવાન હંમેશા લાલ કંકુનો ચાંદલો કરે છે. તેથી લાલ કલરના આભુષણ-બિંદીનો ચાંદલો અથવા લાલ કુમકુમનો ચાંદલો વધારે ઉત્તમ ગણાય.

શણગાર ધારણ કરાવીને પછી શ્રૃંગાર ભોગ તરીકે ઠાકોરજીને સાકર મિશ્રિત દૂધ ધરાવવામાં આવે છે. શણગારના સમય દરમિયાન સંત હરિભક્તો મંદિરના સભા મંડપમાં બેસીને શ્રીહરિની કથા-વાર્તા કરે. શણગાર આરતી થાય એટલે કથા-વાર્તાને વિરામ આપીને ઠાકોરજીના શણગારનું તથા આરતીનું સર્વે દર્શન કરે. શણગારમાં ત્રણ દીવાની આરતી પ્રગટાવવામાં આવે છે. આરતી બાદ હરિભક્તો ઠાકોરજીની સ્તુતિ પ્રાર્થના કરીને ઠાકોરજી સમક્ષ મંદિરમાં બેસીને ઠાકોરજીના શ્રૃંગારના પદો બોલીને ધન્ય ભાગી બને. પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા જેરામ બ્રહ્મચારી વગેરે નંદ સંતોએ રચેલા શ્રીહરિના શણગારના પદો ગાવાથી શ્રીહરિ તત્કાલ રાજી થાય છે. સમય તથા દર્શનને અનુરૂપ કીર્તનો ગાવા એ પણ એક સેવાની રીતિ ગણાય



છે.

સુંદર વસ્ત્ર, અલંકારો, ફૂલના હાર વગેરે સામાન્યતઃ દરેક મનુષ્યને પ્રિય હોય છે. મનુષ્યને જે વસ્તુ પ્રિય હોય તે ઠાકોરજીને ધરાવવામાં આવે તો તે સેવા-ભક્તિ બની જાય છે. ઠાકોરજીના સ્વરૂપમાં ભક્તનું મન સ્થિર થાય છે. ઠાકોરજીને ધરાવેલી વસ્તુનો ઉપયોગ કરવાથી તે પ્રસાદી બની જાય છે. અંતઃકરણ નિર્મળ થાય છે. બપોરનો સમય થવા જાય એટલે આપણને જેમ ભૂખ લાગે છે તેમ ઠાકોરજીને પણ ક્ષુધા લાગે - એટલે ઠાકોરજી માટે પવિત્ર રીતે થાળ તૈયાર થાય. ટેરા આવે. પૂજારી ઠાકોરજી પાસેથી છડી લઈ લે. જમણા હાથમાંથી રૂમાલ તથા ફૂલની છડી-ગુચ્છ લઈ લે. કૃષ્ણ સ્વરૂપ હોય તો વાંસળી લઈ લે. પછી સોના ચાંદીના બાજોઠ મૂકે, જળની લોટી મૂકે. તુલસી દળ થાળની બાજુમાં મૂકીને પછી રાજભોગનો થાળ નિવેદન કરે. મહારાજને જમવા માટે પ્રાર્થના કરીને પૂજારી ટેરાની બહાર બેસીને ઠાકોરજી જમતા હોય તેવી ભાવના કરે.

હરિભક્તોના ભાવ પ્રમાણે ચુરમાના લાડુ, મગસના લાડુ, બુંદીના લાડુ, મોતીયા, મોહનથાળ, દૂધપાક પુરી, માલપુઆ, ડ્રાયફ્રૂટ હલવો, ગુલાબજાંબુ, અડદીયા, રસપુરી, સાટા, મૈસુબ, શીખંડપુરી, બાસુંદી પુરી, ઘારી, દૂધપાક માલપુઆ એમ અનેક વિધ મુખ્ય એક કે બે આઈટમની સાથે દાળ,ભાત, ભજિયા આદિક ફરસાણ, શાક, રોટલી, અથાણા, પાપડ, રાયતા, કચુંબર વગેરેનો થાળ ઠાકોરજીને જમાડવામાં આવે છે. હરિભક્તો ઠાકોરજી સમક્ષ મંદિરમાં બેસીને ભૂમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ત્યાગાનંદ સ્વામી વગેરે નંદ સંતો રચિત તથા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રચિત થાળ સંગ્રહના પદો બોલીને ઠાકોરજીને જમવામાં રૂચિ વધારે.

જે હરિભક્તોને પદો બોલવાનો સમય ન હોય તો મંદિરમાં પાંચ મિનિટ બેસીને શ્રીહરિના થાળ જમવાના લીલા ચરિત્રો પૈકી કોઈ એક ચરિત્રનું આંખો મીંચીને સ્મરણ કરે, જેમ કે રસોઈ તૈયાર થઈ રહી અને વર્ણી શ્રીજીને તેડવા આવ્યા. ત્યારે પલંગ પર આભૂષણ ઉતારી પીતાંબર પહેરી બીજું પીતાંબર ઓઢીને હાથમાં રૂમાલ લઈ ચાખડીએ ચઢી ભોજન

શાળામાં જમવા પધાર્યા. સુવર્ણની ચોકી ઉપર બેઠા. જયાનંદ વર્ણી રસોઈ કરવામાં ચતુર હતા. જેતલપુરના ગંગામાએ રસોઈનો થાળ મૂક્યો. શ્રીજી કહે તમારામાં રહીને લક્ષ્મીજી રસોઈ બનાવી ગયા છે. એમ પ્રશંસા કરી શ્રીજી દૂધપાક, મોતીચૂર વગેરે પાક જમી ચળુ કર્યા. વગેરે હૃદયમાં સ્મરણ કરે અગર પોતે શ્રીહરિને જમાડવાની માનસી પૂજા કરે, પરંતુ થાળ આવ્યા પછી કોઈ હરિભક્ત ઠાકોરજીની પ્રદક્ષિણા ન કરે એ મર્યાદા છે.

શ્રીહરિને જમતા જમતા પાણી પીવાની ટેવ છે. શ્રીહરિ જમતા જમતા પા શેર પાણી માય તેવા રૂપાના અબખોરાથી બે ત્રણ વાર પાણી પીતા. રૂપાના લોટા ઉપર અબખોરો મૂકી ઉપર ગળણું રાખતા. જળ પીવુ હોય ત્યારે વર્ણી સન્મુખ જુએ કે તરત મરજી સમજનારા વર્ણી જળ આપતા અને જમી રહે ત્યારે હાથમુખ ધોવરાવી રૂમાલથી હાથ લૂછાવતા. આ પ્રમાણે સામાન્ય વિધિ સર્વત્ર સમજી આપણા મંદિરોમાં પૂજારી ઠાકોરજીને ત્રણવાર જળપાન કરાવવાની ભાવના કરે છે. શ્રીહરિ જમતા ત્યારે હાથ અને હોઠ બહુ એંઠા થતા નહિ. જળનો લોટો અધ્ધર મૂકવા રૂપેરી ઘોડી રાખતા. જમતાં જમતાં ભોજનને વખાણતા. ભોજન જમ્યા પછી દહીં, ભાત, સાકર જમતા. પ્રથમ દહીમાં સાકર મેળવીને અંગૂઠા પાસેથી આંગળીથી હલાવતા. ગળ્યું ખાટું ચાખીને કહેતા. ખાટું ક્યારેય ખાતા નહિ. તર સાથેનું દહીં હોય તો પ્રીતિથી જમે. માખણ સાથે સાકર કોઈ ભક્ત લાવે તો પ્રેમથી જમતા. સારી વસ્તુ જમવા માટે જાણીને માગે નહિ. અણ ઈચ્છ્યું આવે ને તે સારા ભક્તનું હોય તો જમે. બીજાનું જમે નહિ. આવો શ્રીહરિનો સહજ સ્વભાવ છે.

અહીં કરેલ વર્ણન મુજબ પૂજારી ઠાકોરજીના થાળમાં તર સાથેનું મોળુ તાજુ દહીં, સાકર સાથે માખણ મૂકે તો મહારાજને ગમશે. જે પદાર્થ વસ્તુ જે સમયે પ્રાપ્ય હોય તેની અહીં વાત છે. બાકી તો શ્રીહરિને પદાર્થ કરતા ભાવના સાથે વધારે સંબંધ છે. ભાવ વિનાની સેવા શ્રીહરિ પરહરે છે. સેવાની યંત્રવત કોઈ એક રીત હોતી નથી. ઠાકોરજી થાળ જમતા હોય ત્યારે પૂજારી ઠાકોરજી પાસે જઈને ડિસ્ટર્બ ન કરે. હાલના સમયમાં સામાન્યતઃ ઈલે. પાવર ૨૪ કલાક ચાલુ રહેતો હોય છે, તેમ છતાં મહારાજને થાળ આવ્યો હોય અને લાઈટ જતી રહે તેવા સમયે અથવા પંખા - એ.સી. ચાલુ ન હોય



અને ગરમીના દિવસો હોય તો પૂજારી ઠાકોરજી પાસે જઈને હાથ પંખાથી પવન નાંખી શકે છે. એક સમયે શ્રીહરિ જમતા હતા ત્યારે જમતી વખતે નરસિંહ અને મોના જોષી વીરણનો પંખો ભિંજાવી પવન નાખતા હતા. તેથી શ્રીહરિ પ્રસન્ન થયા અને બોલ્યા કે કહ્યા વિના અમારી રુચિ જાણે તેવા સેવકો અમને બહુ ગમે છે. **સમય ઉપર સેવા થાય તે સેવા અતિ ઉત્તમ કહેવાય.** તેવા સેવક ઉપર વિના કર્યે ભાવ વધતો અને વધતો જ રહે છે. શ્રીહરિ કહે, મુકુંદ વર્ણી જે અમારા સેવક છે તેમાં બે ગુણ બહુ ભારે છે. એક તો સનકાદિક જેવું નિષ્કામપણું કે બ્રહ્માંડમાં માતા, બહેન અને પુત્રી રૂપે નારી માત્રને જુએ છે. સ્વપ્નમાં પણ તે ભાવના ફરતી નથી. બીજુ અનુવૃતિ જોઈ સેવા કરવી એ તેમને આવડે છે. જયાનંદ વર્ણી પણ ભારે શુધ્ધ છે. જ્યારે શ્રીહરિ પ્રસન્ન હોય ત્યારે એકાંતિક ભક્ત આગળ પોતાની સહજ રુચિ કહી સંભળાવતા. પણ જ્યાં ત્યાં વાત કરતા નહિ.

શ્રીહરિની એવી રીત હતી કે, જ્યારે જ્યારે સેવાની જરૂર પડે ત્યારે સેવકો સામું જુએ, અને સેવક તેમની મરજી સમજી જઈ તે પ્રમાણે સેવા કરે. હરિભક્તોને સેવા બતાવે નહિ. સમય અને મરજી જોઈ સેવા કરે તેટલી ખરી. સેવામાં જેને શુદ્ધ ભાવ હોય તેના પર શ્રીહરિનો ભાવ રહેતો, ભાવ વિનાની સેવા કરતા સેવકને દૂર કરી દેતા. શ્રીહરિ એવા પ્રસંગે વાત કરતા કે ભૂષણ પહેરવું તે શોભાને માટે છે. પણ જો તે અંગમાં દુઃખ કરે તો તજવું જોઈએ. એવી સમયસરની શ્રીજીની વાત સાંભળી બુદ્ધિમાન જનો વાત સમજી જાય. બીજાને તો ગોળ-ખોળ એક જ હોય છે.

હાલમાં આપણા મંદિરોમાં હરિભક્તો શ્રદ્ધા શક્તિ પ્રમાણે, કોઈ સંપૂર્ણ રકમનો પાકો થાળ તો કોઈ નાની-મોટી રકમનો ઠાકોરજીને થાળ લખાવે છે. તે રકમમાંથી ઠાકોરજીનો સવાર-સાંજનો થાળ તૈયાર થાય. શ્રીહરિ દરેક હરિભક્તની ભાવના સ્વીકારીને થાળ જમે છે. શ્રીહરિએ એક સમયે મુકુંદાનંદ વર્ણીને કહેલું કે, હવેથી કોઈ દિવસ હરિભક્તને થાળ કરવો હોય તો અમને પૂછવું. બે વખત થાળ કરવો. કોઈ વસ્તુ મંગાવવી નહિ પણ લોટ, ખીચડી, દાળ જોઈએ તેટલું કહેવું. બાજરી કે ઘઉંનો લોટ, જે હોય તે લાવે પણ તેને અદલ બદલ કરવો નહિ. કારણ કે તે અભ્યાગતની રીત નથી.

તેમ કરવાથી ગૃહસ્થને દુઃખ થાય અને રસોઈ આપવામાં હરખ થાય નહિ. ગોળ, સાકર, ઘી, તેલ, દૂધ, દહીં તે મંગાવવું નહિ પણ પોતાની ઈચ્છાથી હરિભક્ત લાવે તેનાથી ગુજરાન કરવું અને લાવે તેમાં સંતોષ માનવો. મંગાવે તેને દોષ લાગે, એમ કહી નિત્યાનંદ મુનિ પાસે વર્તવા સંબંધી પત્ર લખાવ્યો. આવી અલૌકિક સમજણ અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિની છે, જે આપણા સૌના આચરણ માટે છે.

રાજભોગનો સમય ૩૦ મિનિટથી ૪૫ મિનિટનો હોય છે. અનુકૂળતા મુજબ તેટલો સમય નક્કી કરવો. ઠાકોરજી જમી લે એટલે ઘંટડી વગાડી થાળને ઠાકોરજીના મુખ આગળ લઈ જઈ થોડી ક્ષણ સ્થિર રાખી ઠાકોરજી તૃપ્ત થયા છે એવી ભાવના સાથે થાળ ખસેડી જળપાન કરાવી ઠાકોરજીના હાથ તથા મુખ ધોવરાવવાની ભાવનાથી ભીના વસ્ત્રથી તથા ત્યારબાદ કોરા વસ્ત્ર-રૂમાલથી માર્જન કરી શકાય. ઠાકોરજીને પાનના બીડા ધરાવવા. એ સમયે હરિભક્તો ગાતા હોય છે,

"લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનન કી......" સોના-ચાંદીના બાજોઠ ધોઈ કોરા કરી સ્વચ્છ કરી દેવા. ઠાકોરજીને ફૂલના હાર પહેરાવી દેવા. એક દીવાની આરતી પ્રગટાવીને પૂજારી ટેરો ખસેડે. ઠાકોરજીની રાજભોગ આરતી કરે. હરિભક્તો, જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી; સહજાનંદ દયાળુ.... એ આરતીનું પદ બોલીને ઠાકોરજીની રાજભોગ આરતીનું દર્શન કરે. આરતી પૂરી થયા બાદ ઠાકોરજીની કૃપાથી તથા પૂજારીની પ્રેરણાથી દરેક દર્શનાર્થી હરિભક્તોને પાન-મુખવાસની પ્રસાદી વહેંચવામાં આવે છે. પૂજારીને હવે સોળે પવિત્ર રહેવાનું બંધન નથી.

ઠાકોરજીને ખૂબ વહેલા જાગવાની ટેવ છે. બપોર થાય એટલે થોડા શ્રમિત થાય. વિશ્રામની જરૂર પડે તેથી બપોરના ૧૨ વાગે એટલે પૂજારી ચાંદીના ઢાંકણા વાળી લોટીઓમાં ઠાકોરજીને પવિત્ર શુદ્ધ જળ ધરાવી ટેરા લાવી વિશ્રામ કરાવે. ઉનાળાની ઋતુમાં ગરમીના દિવસોમાં પંખો કે એ.સી. ચાલુ રાખવું.

બપોર પછી સાડા ત્રણ-ચારનો સમય થાય એટલે પૂજારી ફરી સ્નાન કરી પવિત્ર થઈ ઠાકોરજીની સેવામાં આવે. દિવસ દરમિયાન મંદિરમાં



ઠાકોરજી માટે હરિભક્તો જે ફળો લાવ્યા હોય છે તે ધોઈ-સમારીને ઉત્થાપન સમયે ઘંટડી વગાડીને ઠાકોરજીને ધરાવે. મેવો પણ ધરાવી શકાય. જળ ધરાવે. શ્રીકૃષ્ણ પરમાત્મા આ સમયે વનસુંદરીઓ દ્વારા પ્રેમથી અર્પણ કરેલા ઋતુ પ્રમાણેના વિવિધ ફળો વનમાં ગિરિરાજનું સિંહાસન બનાવી ગ્વાલ બાલો સાથે આરોગતા. ઉત્થાપન ભોગ જમી લે એટલે ઠાકોરજીને ફરી છડી ધરાવી દેવી. શ્રીકૃષ્ણ સ્વરૂપ હોય તો વાંસળી ધરાવી દેવી. ઘંટારવ કરી ટેરા ખસેડી હરિભક્તોને ઉત્થાપનનું દર્શન કરાવવું તથા દરેક હરિભક્તોને ફળોની પ્રસાદી મળે તેવો પ્રબંધ કરવો.

સંધ્યાનો સમય થાય એટલે શ્રીકૃષ્ણ પ્રભુ ગોચારણ, વન વિહારાદિ લીલા કરીને વ્રજમાં પધારે. નંદ ભવનના દ્વારે યશોદાજી પ્રભુની આરતી (નિરાંજન) ઉતારે. શ્રીહરિ પણ સત્સંગ વિચરણ તેમજ દિવ્ય લીલાઓ કરી સંધ્યા સમયે સંતો સાથે મંદિરમાં પધારે. સંધ્યા ભોગ તરીકે સંધ્યા આરતી પહેલા પૂજારી ઠાકોરજીને પતાસા, મગસ અથવા શ્રીફળ-સાકર તથા જળ ધરાવે. તે દરમિયાન સંત હરિભક્તો કથા વાર્તાને વિરામ આપી ગોડીના પદો બોલે. ત્યારબાદ પૂજારી ત્રણ દીવાની આરતી પ્રગટાવી ઠાકોરજીની સંધ્યા આરતી કરે. હરિભક્તો દર્શન કરતા કરતા આરતીનું પદ બોલે. આરતી પ્રગટ પ્રભુજીકી કીજે, ચરણ કમળ લખી અંતર લીજે.....

આરતી થઈ રહે એટલે સંત, હરિભક્તો મંદિરમાં નારાયણ ધૂન્ય, શ્રી રાધિકા કૃષ્ણાષ્ટક, ધૂન-કીર્તન, પ્રાર્થના વગેરે કરી સાંજનો થાળ બોલે. ઋતુ અનુસાર ઠાકોરજીને સંધ્યા આરતી પહેલા અથવા પછી સાંજના થાળ થાય છે. સાંજના થાળમાં ઠાકોરજીને રોટલી-દૂધ, દૂધપાક-પુરી, ખીચડી - કઢી, અથાણા, પાપડ, ચટણી, ફુલવડી, ભજિયા, શાક વગેરે ધરાવવામાં આવે છે. દયાનંદ સ્વામી રચિત, રૂડી રાંધી મેં રસિયાજી, ખાતે ખીચડી રે...... સાંજના થાળમાં આ પદ પ્રચલિત છે. સાંજના થાળમાં પણ ઠાકોરજીને હળવો શણગાર રાખવો. સંધ્યા આરતી પછી ઠાકોરજીના શ્રૃંગાર વડા થાય (શૃંગાર ઉતારવો.)

ટેરો લાવીને પૂજારી શણગારના વાઘા વડા કરે. જામો ઉતારીને હીરકોરી ધોતી ધારણ કરાવે. શિયાળામાં ગરમ કામળી, ગરમ ઉનનો ખેસ

તથા ગરમ ટોપી-મફલર ધારણ કરાવે. ગોદડી - રજાઈ ધરાવે. આ સમય દરમિયાન સંત-હરિભક્તો શ્રીહરિના સ્વાભાવિક ચેષ્ટાના પદો બોલીને શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરે. પૂજારી ઠાકોરજીને જળપાન માટે ચાંદીના લોટામાં સ્વચ્છ જળ ભરીને તે જળના લોટા ઠાકોરજી સમક્ષ મૂકીને એક દિવાની આરતી પ્રગટાવીને ટેરો ખસેડીને શયન આરતી કરે. શયન આરતીનું દર્શન કર્યા પછી સંત-હરિભક્તો ઠાકોરજીને પોઢાડવાના પદ બોલે. પદો બોલાય રહે એટલે પૂજારી ઠાકોરજીના મંદિરની લાઈટ ડીમ કરીને શ્રી ઠાકોરજીને પોઢાડે. સંત-હરિભક્તો ઠાકોરજીના શયનનું દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

નરનારાયણ સ્વામી, પોઢે, નરનારાયણ સ્વામી......

મોટા શિખરબધ્ધ મંદિરોમાં બહેનોને સ્વતંત્ર સત્સંગ કરવા માટે અલાયદી હવેલી કે સ્વતંત્ર મંદિર (જ્યાં પુરુષો પ્રવેશી શકતા નથી) માં શ્રીહરિની ઘનશ્યામ કે હરિકૃષ્ણ સ્વરૂપે ધાતુ કે પાષાણની અચલ સ્વરૂપે મૂર્તિ પધરાવેલી હોય છે. તે મંદિરમાં સાંખ્યયોગી ત્યાગી બહેનો વસ્ત્ર-અલંકારો તથા થાળ અને આરતીથી ઠાકોરજીની સેવા કરે છે.

શિખરબંધ મંદિરોમાં નિત્ય પાંચ આરતી થાય છે. મંગળા તથા શયન આરતી બાદ આરતીને શંખોદક જળથી વધાવવામાં આવતી નથી. શણગાર, રાજભોગ તથા સંધ્યા આરતીને આરતી પૂર્ણ થયા બાદ શંખોદક જળથી ત્રણવાર વધાવવામાં આવે છે. આરતી સાથેના ઠાકોરજીના દર્શનથી ભક્તોનું મન સ્થિર થાય છે. મનની વૃતિ ઠાકોરજી સાથે સરળ રીતે જોડાઈ જાય છે. આરતી પૂર્ણ થાય ત્યાં સુધીમાં સાત આંટા ફેરવવામાં આવતા હોય છે. પ્રથમ આંટો ઠાકોરજીના પગ સમક્ષ, બીજો ઢીંચણ, ત્રીજો ઉદર, ચોથો છાતી, પાંચમો નેત્ર તથા છઠ્ઠો મસ્તક સમક્ષ તેમજ સાતમો આંટો આખો મૂર્તિ સમક્ષ ફેરવવામાં આવે છે. આરતી ઠાકોરજીની મૂર્તિથી બહુ નજીક ન કરવી તેમજ બહુ દૂરથી પણ ન કરવી.

ધાર્મિક ઉત્સવોના દિવસોમાં શ્રીહરિની મૂર્તિમાં આપણું મન વિશેષ આકર્ષાય તથા વિવિધ ઋતુને અનુરૂપ ઠંડી-ગરમી વગેરે ધ્યાનમાં રાખીને, ઠાકોરજીની મૂર્તિમાં આપણો હૃદય ભાવ સ્પર્શ થાય તેવા વાઘા તથા



આભૂષણો ધરાવવા જોઈએ. ઉનાળામાં ઠાકોરજીને સુતરાઉ વસ્ત્રોના તથા રેશમી વસ્ત્રના હળવા વાઘા ધરાવવા તેમજ ફૂલના વાઘા તથા ચંદનના વાઘા ધરાવવા. ફૂલના વાઘામાં મુખ્યત્વે મોગરો હોય છે તથા તેમાં ગુલાબના ફૂલોની શોભા કરેલી હોય છે. ગુલાબ-મોગરો ઉપરાતં મહારાજ વખતે નંદ સંતો માલતી, બોલસરી, ચંપો, ચમેલી, ગુલદાવદી, જુઈ, માધવી, કમળ, કેતકી, કેશર, ગુલાબી કરેણ, કુંદ, પોપફૂલ, ડોલરીયો, પારિજાત, પાડલ, ગુલ છડી વગેરે અપાર પ્રકારના ફૂલોમાંથી મોજડી, ચરણ માટેના નેપુર, સુંથણી, પોંચી, કંકણ, બાજુબંધ, ફૂલદડો, છડી, દુપટો, પછેડી, ચાદર, ગજરા, હાર, માળા, તોરા, કાનના કુંડળ, પુષ્પગુચ્છ, મુગટ, પાઘ, અલફી, ટોપી, મોળીડું, કલગી, છોગલીયા વગેરે અનેક પ્રકારનો શણગાર કરી, આ ફૂલોનો શણગાર શ્રીહરિને ધારણ કરાવતા. તેવી જ રીતે હાલમાં પણ પૂજારી ઠાકોરજીને અનેક વિધ પુષ્પોમાંથી વિવિધ શણગાર બનાવી ઠાકોરજીને ધારણ કરાવે છે. એ સમયે દર્શન કરનાર હરિભક્તોના હૃદયમાંથી વાહ ! પ્રભુ વાહ ! કે અહો ! અહો ! આજે તો ઠાકોરજીએ શું અદ્‌ભુત શોભા ધારણ કરી છે ! એવા ઉદ્‌ગારો નીકળી પડે છે અને ફૂલોની જેમ ભક્તોનું મન પણ પ્રફૂલ્લિત થઈ જાય છે. આવા સમયે હરિભક્તોએ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તેમજ પ્રેમાનંદ સ્વામી વગેરે નંદ સંતોએ રચેલા ફૂલોના શણગારના પદોનું ગાન કરીને શ્રીહરિને રાજી કરવા જોઈએ. મુક્તાનંદ સ્વામીને તો પ્રાતઃકાળે જ શ્રીજી મહારાજે ધારણ કરેલો ફૂલોનો શણગાર યાદ આવી જતો. તેથી 'ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું' એ પ્રભાતિયાના પદમાં સ્વામી ગાય છે,

શિર પર પુષ્પનો મુગટ સોહામણો, શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તના મન લોભે....... ધ્યાન.
પચરંગી પુષ્પના કંકણ કર વિષે, બાંયે બાજુ બંધ પુષ્પ કેરા
ચરણમાં શ્યામને નેપુર પુષ્પના, લલિત ત્રિભંગી શોભે ઘણેરા.... ધ્યાન.

અંગો અંગ પુષ્પના આભરણ પહેરીને, દાસ પર મહેરની દ્રષ્ટિ કરતા કહે છે મુક્તાનંદ ભજ દ્રઢ ભાવ શું, સુખ તણા સિંધુ સર્વે કષ્ટ હરતા.... ધ્યાન.

ચંદનના વાઘા કરતી વખતે ચંદનના વાઘા નીચે સુતરાઉ મલમલનું વસ્ત્ર રાખી ઉપર ચંદનનો ઉપયોગ કરી વાઘા કરવા **કારણ કે ચંદનમાં જે રંગ ઉમેરવામાં આવે છે તે રંગમાં કેમિકલ્સ હોવાથી અને કેમિકલ્સમાં ક્ષાર આવવાથી સીધા જ મૂર્તિને સ્પર્શે તેમ ચંદનના વાઘા કરવાથી મૂર્તિ પર ક્ષારની પોપડી પડી જાય છે. જો વધારે ક્ષાર લાગે તો મૂર્તિ ખંડિત થવાનો પણ ભય રહે છે.** તેથી કેસર તથા કપૂર વાપરવું. આપણા શરીર પર તિલક કરવામાં આવે ત્યારે આવા કેમિકલ્સ યુક્ત ચંદનથી તિલકની જગ્યાએ ઘણીવાર બળતરા ઉત્પન્ન થતી હોય છે. ઠાકોરજીને શરીરે આવું થાય તો અજાણતા પણ સેવાને બદલે કુસેવા થઈ જાય છે. પાકુ ચંદન ખાસ કરીને મૈસુરમાં મળે છે, જે પવિત્ર ગણાય છે. **ઓરીજીનલ ચંદન ઠાકોરજીને શીતળતા અર્પી સુખરૂપ થાય છે, કાચું ચંદન ઠાકોરજીને સુખરૂપ ન થાય, કારણ કે તેમાં પર્યાપ્ત માત્રામાં ઠંડક પણ નથી હોતી.** અગાઉના સમયમાં અસલ ચંદનને પથ્થરના ઓરસીયા ઉપર ઘસીને તે ચંદનના વાઘા બનાવવામાં આવતા. હાલમાં હવે યંત્ર યુગ આવતા વાઘા બનાવવા માટેના ચંદનને મશીનમાં જ તૈયાર કરી દેવામાં આવે છે. જે ચંદનમાં ઘણીવાર મશીનના લોખંડની હેમરીની કણી આવી જાય છે. ઠાકોરજીની સેવામાં રહેલા બ્રહ્મચારી સ્વામીના અભિપ્રાય મુજબ હાલમાં ઓરસીયા ઉપર ઘસીને ચંદનને વાઘા માટે ભેગું કરવું તે શક્ય બનતું નથી. કારણ કે દરરોજ એવી સેવા કરવાવાળા હરિભક્તો ન મળે અને આરતીનો સમય થાય એટલે હરિભક્તો પણ ઠાકોરજીનું દર્શન કરવા ઉતાવળા થતાં હોય છે. એટલે હરિભક્તોનો સમય સાચવવા માટે મશીનનો ઉપયોગ કરી ઝડપથી ચંદનના વાઘા તૈયાર કરવામાં આવે છે.

શિયાળામાં ઠાકોરજીને ગરમ વાઘા ધરાવવામાં આવે છે. દરેક એકાદશી તથા પુનમના દિવસે શણગારમાં ઠાકોરજીના મસ્તક પર મુગટ ધરાવવામાં આવે છે. માતાજીના શિર પર મુગટને બદલે સોનાની કે ચાંદીની મોળી ધરાવવામાં આવે છે. અન્ય દિવસોમાં સામાન્યતઃ ઠાકોરજીના મસ્તક પર પાઘ કે ટોપી ધરાવવામાં આવે છે. પુનમના દિવસે ઠાકોરજીને મુકુટ ધરાવવાથી પ્રભુના રાસેશ્વર સ્વરૂપનું દર્શન થાય છે. વલ્લભાચાર્યજીના



સમયમાં માત્ર મુકુટ તથા ચંદ્રિકા સિવાય અન્ય શૃંગાર ન હતા. પરંતુ તેઓશ્રીની આજ્ઞાથી વિઠ્ઠલનાથજીએ પ્રભુ ચરણે એ જ પાઘ અને મુકુટને વિકસાવીને જુદા જુદા શૃંગારોનો પ્રભુને વિનિયોગ કરાવ્યો. જેમાં પાઘ, ફેંટા, દુમાલા, પગા, કુલ્હે, સહેરા, ટિપારા અને મુકુટનો સમાવેશ થાય છે. તેવી જ રીતે વસ્ત્રોમાં પ્રભુ ચરણે ઘેરદાર, ચાકદાર, ખુલ્લે બંધ, પિછોરા, તનિયા, પરદની ,આડબંધ, મલ્લકાછ, કાછની, પીતાંબર, પટુકા, ઉપરણા, ચોલી તથા સૂથન અંગીકાર કરાવ્યા.

હવે સેવા રીતિની થોડી વિશેષ વાતો લખીએ તો, શાલિગ્રામની પૂજામાં જે શાલિગ્રામ ઉપર ચક્ર દેખાતું હોય એ ઉત્તમ કહેવાય છે. આત્મનિવેદી ભક્તોએ પૂજામાં શાલિગ્રામ રાખવા હોય તો એક જ રાખવા, બે ત્રણ નહિ. શાલિગ્રામ શિલાના પૂજનમાં બ્રાહ્મણને જ અધિકાર છે. ક્ષત્રિયાદિ વર્ણને તો જેણે વૈષ્ણવી દીક્ષા લીધી હોય એવા ત્રણેય વર્ણના પુરુષો શાલિગ્રામની પૂજા કરી શકે છે. અહીં શુદ્ર એટલે સત્શૂદ્ર સમજવો. સ્ત્રીઓએ શાલિગ્રામનો સ્પર્શ કરવો નહિ. અચળમૂર્તિ અને શાલિગ્રામ હોય તો આવાહન અને વિસર્જન ન કરવું. વિષમ સંખ્યામાં એક જ શાલિગ્રામ પૂજ્ય છે. ત્રણ-પાંચ સંખ્યામાં ન પૂજે. શાલિગ્રામની શિલા ખંડિત હોય કે ફૂટેલી હોય તો પણ શુભ ફળને આપનારી છે. શાલિગ્રામની કે ભગવાનની પ્રતિમાનું ચંદન વડે પૂજન કરવામાં, ચંદન અર્પણ કરતી વખતે પોતાનો નખ ચંદનમાં અડવો ન જોઈએ. ફક્ત આંગળીના અગ્ર ભાગથી ચંદન લઈ ભગવાનને ચાંદલો કરવો અને ચંદન ચડાવવું.

પરમાત્માને જ્યારે તુલસી અર્પણ કરવાના હોય ત્યારે તુલસી પાસે જઈ પ્રાર્થના પૂર્વક તુલસીના પત્ર ખેંચવા.

तुलश्यामृत जन्मा सि सदा त्वं केशव प्रिय ।
केशवार्थे विचिन्वामि वरदा भव शोभने ॥

''કેશવ પ્રિય હે તુલસી ! તમે સદાય અમૃત છો, અમૃત જન્મા છો, ભગવાન માટે તમને ચૂંટુ છું. મારા પર રાજી થજો.'' માંજર સાથે તુલસીપત્ર ભગવાનના મસ્તકે ચડાવે તો કરોડો સોનાના પુષ્પો કરતાં પણ અધિક ફળ મળે છે.

ભગવાનની સેવા-પૂજામાં સૂકાં ફુલ ન વાપરવા. પૃથ્વી ઉપર પડી ગયેલું તથા અજાણતા પણ આપણે કે બીજા કોઈએ ફૂલ સુંઘેલું હોય કે દુર્ગંધ મારતું હોય એવું કોઈ ફૂલ સેવા-પૂજામાં કામ ન લાગે. સ્મશાનમાં ઉગેલા છોડ પરના ફૂલનો ઉપયોગ ન થાય. ઘરમાં જો કરેણ વાવી હોય તો એ ફૂલ પૂજામાં ન વપરાય, બગીચાની કે મંદિરની કરેણ હોય તો ચાલે. વાસી ફૂલ સેવા-પૂજામાં ન વાપરવા. ફૂલના વેપારીને ત્યાં-માળીને ત્યાં ફૂલ પડ્યા હોય તે વાસી ગણાતા નથી. પોતે જાતે બગીચામાં કે વાડીમાં જઈને ફૂલ લાવીએ એ ઉત્તમ છે. વેચાતાં લેવા એ મધ્યમ છે. તુલસીપત્ર વાસી થતા નથી. સુકાઈ ગયેલા તુલસીપત્રો પણ ચાલે. મહાદેવજીની પૂજામાં સુકાઈ ગયેલા બીલીપત્રોનો પણ નિષેધ નથી કમળનું પુષ્પ સુકાઈ ગયેલું હોય તો પણ ભગવાનને અર્પણ કરી શકાય છે. દેવના માટે તુલસી ચૂંટવી એમાં દોષ લાગતો નથી.

ચોખાથી વિષ્ણુની પૂજા ન કરવી, તુલસીથી ગણપતિની પૂજા ન કરવી. ધરોથી દેવીની પૂજા ન કરવી. બીલીપત્રથી સૂર્યની પૂજા ન કરવી. ધતૂરો અને આકડાના ફૂલથી વિષ્ણુની પૂજા ન કરવી. ચંપો અને કેતકીના ફૂલથી શંકરની પૂજા ન કરવી. માલિકા, માલતી, જાતિ, ચંપો, બોરસલી અને કમળપુષ્પ વગેરે સુગંધીમાન ફૂલોથી વિષ્ણુની પૂજા કરવી. એકલા જ શિવજીની પૂજા કરી હોય તો તેનો પ્રસાદ લેવો નહી. શિવ નિર્માલ્યનું ઉલ્લંધન કરવું નહિ. શિવજીની મૂર્તિ હોય અથવા પંચદેવ સાથે હોય અથવા જ્યોતિર્લિંગ હોય કે ધાતુનું લિંગ હોય તો તેનો પ્રસાદ લેવામાં દોષ નથી. બ્રાહ્મણોએ નવરાત્રિમાં દૂધ પાક આદિ પવિત્ર વસ્તુઓથી દેવીની પૂજા કરવી. મદ્યમાંસથી દેવોની પૂજા ન કરવી. સૂર્યમાં મંત્ર વડે, અગ્નિમાં હવિષ્યાન્ન વડે, જળમાં જળ વડે અને હૃદયમાં માનસિક ઉપચારથી પૂજા કરવી. બ્રાહ્મણમાં ભોજન આદિકથી તથા ભક્તોમાં બંધુ ભાવથી ભગવાનનું પૂજન કરવું.

ગ.પ્ર.પ્ર. ૬૮ મૂજબ, મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે. માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને, જે મૂર્તિ પૂજવા આપી હોય, તે મૂર્તિ અષ્ટપ્રકારની કહી છે તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત



પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખવી જોઈએ. શ્રીજી મહારાજ કહે છે, ‘‘ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિંદ્રા (ભગવદ્ સ્વરૂપમાં એકાગ્રવૃતિ) આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમ પુરીને વિષે જઈને શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ અને મૂર્તિ તો કાષ્ઠની જણાય, પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા, અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા............’’ માટે પૂજારીએ હંમેશા મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ લાવીને મર્યાદા રાખવી જોઈએ.

ઠાકોરજીની સેવામાં જેટલી શ્રધ્ધા હોય અને મૂર્તિનો જેટલો મહિમા સમજ્યા હોઈએ તેટલું સેવા પૂજામાં વધારે સુખ-આનંદ આવે છે. શ્રધ્ધા અને માહાત્મ્ય ન હોય તો સમયાંતરે સેવા-પૂજા શુષ્કરૂપે થવા માંડે છે અને સમય જતા ઘણા ભક્તો સેવા-પૂજાનો ત્યાગ પણ કરી દે છે. માટે પ્રથમ શ્રીહરિનો મહિમા સમજીને પછી ભગવાનને વિષે અતિ પ્રેમે કરીને સેવા કરવી.

**(૨) ઉત્સવ સેવા** : ભક્તિ ચિંતામણી ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે રામાનંદ સ્વામી શ્રીહરિને કહે છે.

કરજ્યો કૃષ્ણની પૂજા તો એવી રે, કરી વિઠ્ઠલેશે વળી જેવી રે ॥
તે તો શ્રીકૃષ્ણ તમારે વિષે રે, વિરાજી રહ્યા છે અહોનિશ રે ॥
તેના વર્ત ઉપરવાસ જેમ રે, કરવા વૈષ્ણવ કરે છે તેમ રે ॥
તમે શાસ્ત્રમાં જાણો છો ઘણું રે, માટે માનો વચન મુજ તણું રે ॥
મારા સ્થાનક ઉપર રહેવા રે, નથી બીજા કોઈ તમ જેવા રે ॥

રામાનંદ સ્વામી શ્રીહરિના ગુરુ છે. શ્રીહરિએ ધર્મધુરા સંભાળવા માટે પોતાનું તેજ, બળ, ઐશ્વર્ય, રૂપ, ગુણ તથા પોતાનો અધિકાર ધર્મવંશી આચાર્ય પદ સ્થાપીને પોતાના બે દત્તપુત્રો, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી તથા શ્રી રઘુવીરજી મહારાજશ્રીમાં વેષ્ટિત કર્યો. સત્સંગિજીવન ગ્રંથના ચતુર્થ પ્રકરણના અ. ૮૯ માં શ્રીહરિ પોતાના તે બન્ને પુત્રો પ્રત્યે બોલ્યા કે, તમારે જે પૂછવું હોય તે તમો મને પૂછો. ત્યારે તે બન્ને ભાઈઓ મહાપ્રભુને પૂછવા લાગ્યા, ‘‘હે સ્વામિન્ ! આપણા આ સંપ્રદાયમાં અમારે જન્માષ્ટમી આદિક વાર્ષિક ઉત્સવો કરવાના હોય તે ઉત્સવોનું વિધાન અમો બન્નેને કહેવા યોગ્ય

છો. હે પ્રભો ! અમારા બન્નેના દેશના ભગવાનના મંદિરોમાં તે મહોત્સવો તમોએ કહેલી રીતિ અનુસાર સમય સમય પ્રમાણે અમો કરીશું.''

અ. ૯૦ માં શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, હે પુત્રો ! સર્વે વ્રતોત્સવોને, ગ્રહણ કરવા યોગ્ય વિધિ તો શ્રી વિઠ્ઠલનાથજીએ કહેલો ઉત્તમ જાણવો. સવિશેષ કહેતા અવાંતર ભેદે સહિત તે સર્વ વિધિ હું તમોને કહું છું. તેમાં શ્રીકૃષ્ણની પ્રાદુર્ભાવ તિથિ શ્રાવણ વદી આઠમની તિથિનો વિધિ પ્રથમ નિરૂપણ કરીએ છીએ. કેમ કે શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે. અત્રે એ નોંધનીય છે કે એક ઈષ્ટદેવ અને એક ગુરુને ધારીને તેમનો સર્વ પ્રકારે આદર કરવાનો, ઈષ્ટદેવને સર્વ કાર્યમાં આગળ રાખીને કાર્ય કરવાની હિંદુ સંસ્કૃતિમાં એક વેદોક્ત પરંપરા છે. ભગવાન જ્યારે પૃથ્વી પર પધારીને મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે આપણા સૌના આચરણ માટે તે જ રીતને અનુસરે છે. સ્વામિનારાયણ ભગવાન સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ સર્વાવતારી સર્વોપરી છે અને એજ ભગવાન આપણા સૌના ઈષ્ટદેવ છે. રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર છે તથા સ્વયં પોતે કહે છે તેમ અમો તો શ્રીહરિની સેવામાં રહ્યા છીએ. તે જ રીતે યશોદાનંદન શ્રીકૃષ્ણ ભગવાન પણ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગાવનના અવતાર છે. તેથી જે અવતારના પ્રાગટ્યનો ઉત્સવ ઉજવતા હોઈએ ત્યારે એવી ભાવના રાખવી કે અવતાર રૂપે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ પ્રગટ થયા છે અને તેથી આ ઉત્સવ પણ આપણાં ઈષ્ટદેવનો જ છે.

સત્સંગિ જીવન ગ્રંથનો મુખ્ય આધાર રાખીને ઉત્સવ ઉત્સવ પ્રત્યે શ્રી ઠાકોરજીની વિધ વિધ રીતે થતી સેવાનું નિરૂપણ કરીએ. શ્રીહરિએ દરેક ઉત્સવોનો તિથિ નિર્ણય વિસ્તારથી કહ્યો છે. પરંતુ વિસ્તારભયથી અત્રે હું તેનું નિરૂપણ કરતો નથી.

**જન્માષ્ટમી (શ્રાવણ વદ-૮)** : શ્રીકૃષ્ણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા તેને હજારો વર્ષ વિત્યાં છતાં આજે પણ જન્માષ્ટમી હિંદુ સંસ્કૃતિમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. દરેક મંદિરોમાં તથા હવે તો શહેરોની દરેક સોસાયટી કે વિસ્તારોમાં પણ આ ઉત્સવ ખૂબ ઉત્સાહભેર ઉજવાય છે.

જન્માષ્ટમીના દિવસે ઠાકોરજીને સોનેરી વસ્ત્રો ધરાવવા અને મોટો મુગટ ધરાવવો. રાત્રે ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવવું અને રાત્રે ૧૨-



૦૦ વાગે ભગવાનની આરતી કરવી અને પંજરી તથા શીરો પુરી તેમજ માખણ ધરાવવા.

શ્રીહરિ કહે છે, જન્માષ્ટમીના દિવસે પ્રાતઃ સમયે પૂજારી દરરોજ પૂજવા યોગ્ય ભગવાનની મૂર્તિનું પૂજન કરીને વાળવા, ધોવા, લીંપવા વડે મંદિરને સારી રીતે શુદ્ધ કરે અને તે સેવક તે મંદિરને નાના પ્રકારના લાલ, પીળા વગેરે રંગો અને નાના પ્રકારના ચિત્રો વડે સુશોભિત કરે તથા તેમાં નવીન ઉલેચ, હાંડી અને તોરણો વગેરે બાંધે. ભગવાનનું સિંહાસન અને પૂજાનાં પાત્રો વગેરેનું સમાર્જન કરે અને દીવીઓ માંજીને સરસ બનાવે તથા નવીન આસન પાથરે. ત્યાર પછી પૂજારી ભક્ત મહાનૈવેદ્ય બનાવવાની સામગ્રી સંપાદન કરે તેમજ પૂજામાં ઉપયોગી વસ્ત્ર, ફૂલ, ચંદન, તુલસી, ધૂપ, અબીલ, ગુલાલ, ઈત્યાદિ સંપાદન કરે અને પૂજારી ભગવાનને પહેરવાના વસ્ત્રો પોતે સીવે અથવા દરજી પાસે સીવડાવે. તે વસ્ત્રો ભગવાનની મૂર્તિઓને ધારણ કરાવવાથી શોભે એવાં અને સોનેરી જરિયાની વગેરેથી શોભાયમાન હોવા જોઈએ. પછી મંદિરના સભામંડપમાં અથવા મંદિરના આંગણામાં કેળના થાંભલા વડે શોભાયમાન, શુભ પુષ્પો અને આંબા, આસોપાલવના પલ્લવો પડે વિરાજિત, સુંદર વસ્ત્રો વડે શણગારેલા તથા માંગલિક એવા અનેકવિધ રંગો વડે તે તે સ્થળે ચિત્રિત કરેલો, તથા શ્વેત, પીળા, લાલ, લીલાં વસ્ત્રો વડે ચારેબાજુ સુશોભિત અને ચોગરદમ નવીન કળશો વડે સમલંકૃત એવો રમણીય મંડપ બનાવે અને તે મંડપને ચંદન અગરુના ધૂપવાળો તથા દીપમાળાઓ વડે શોભાયમાન કરે. તે મંડપની વચ્ચે દેવકીજીના પ્રસૂતિગૃહની રચના કરે અને તેમાં નાલછેદન કરનારી એક ધાત્રી બનાવે. પછી તે પ્રસૂતિગૃહમાં રમણીય પલંગમાં દેવકીજીની સ્થાપના કરે અને દેવકીજીના ખોળામાં સ્તનપાન કરતા બાલકૃષ્ણની સ્થાપના કરે. તે પ્રસૂતિગૃહમાં એક બાજુ ગોકુળની કલ્પના કરીને તેમાં દેવકીજીની પેઠે યશોદાજીની તથા તેણીએ પ્રસવેલી કન્યાની સ્થાપના કરે. તેમા નંદજી, વસુદેવ, ગોપ, ગોપીઓ, ગાયો, વૃષભો, વાછડાઓ, વાછરડીઓ આ સર્વેની યથાયોગ્ય કલ્પના કરવી. તેમજ શ્રીકૃષ્ણ, દેવકી, વસુદેવ, નંદ, યશોદા વગેરેની મૂર્તિઓ સોના-ચાંદી વગેરેની યથાશક્તિ કરાવવી અને તે મૂર્તિઓની રાત્રિમાં ભક્તિપૂર્વક પૂજા કરવી. અષ્ટમી અને નવમીએ સમય સમય પ્રમાણે

દુંદુભિ વાજિંત્રો વગડાવવાં તથા બીજા પણ મંગળકારી તુરી આદિ વાજિંત્રો વગડાવવા. ભગવાનના નૈવેદ્ય માટે ઘીમાં પકવેલાં જલેબી, ખાજાં, મોતૈયા લાડુ વગેરે ભોજન પદાર્થોને તો દિવસે જ બનાવરાવે તથા શાક, દાળ, ભાત વગેરેને રાત્રિએ પવિત્ર સ્થાનમાં બનાવરાવે.

રાત્રિનો પહેલો પ્રહર વીત્યા પછી પડદાની અંદર ભગવાનના પૂજનનો આરંભ કરે અને અચલ પ્રતિમાનું પૂજન તો પ્રથમથી જ કરી લે. જો લક્ષ્મીએ સહિત કૃષ્ણ મૂર્તિનું સ્નાન કરાવવું શક્ય હોય તો તે અચલ મૂર્તિને પંચામૃત વડે તથા ઉષ્ણોદક વડે સ્નાન કરાવે. જો આ રીતે સ્નાન કરાવવાનું શક્ય ન હોય તો મંત્રોચ્ચારણ પૂર્વક ભીના વસ્ત્ર વડે સ્નાન તો શ્રીહરિની નાની બાલકૃષ્ણની મૂર્તિ (ઉત્સવનું શ્રીહરિનું નાનુ ચલ સ્વરૂપ) નું જ કરવું. સર્વ ઉત્સવોમાં પણ આજ રીતિ વિશેષ પણે જાણવી.

જો શ્રીહરિની મૂર્તિ શ્યામવર્ણની હોય તો વસ્ત્રો સફેદ, પીળા, લાલ યથાયોગ્ય જેવાં શોભે તેવા ધારણ કરાવવા. જો મૂર્તિ શ્વેતવર્ણની હોય તો લીલાં, લાલ કે શ્યામ વર્ણ વાળાં વસ્ત્રો ધારણ કરાવે. આ પ્રકારે લક્ષ્મીજીને પણ વસ્ત્રો શોભા પ્રમાણે ધારણ કરાવે. અને સુંદર સોનાના આભૂષણો, મોતીની માળાઓ, મોતીના તોરાઓ તથા રમણીય અનેક રત્નજડિત મુકુટ ધારણ કરાવે. ધનિકો જ પોતાના વૈભવ પ્રમાણે આભૂષણો ધારણ કરાવે અને ધનહીન ભક્તો તો ફૂલના અલંકારો વડે બાલકૃષ્ણની પૂજા કરે. ત્યારબાદ મધરાતે દેવકીજીના પ્રસૂતિગૃહમાં જઈ તેમણે જન્મેલા કૃષ્ણને વસુદેવની પેઠે ટોપલામાં પધરાવી ગોકુળમાં લઈ જાય. તે ગોકુળમાં યશોદાજીના શયનમાં બાલકૃષ્ણને ક્ષણવાર પધરાવી, સ્નાન કરાવી પછી તે બાલકૃષ્ણને પૂજન યોગ્ય પ્રતિમા પાસે લાવે. તે લાવવાના સમયે બહુ વિધ વાજિંત્રો વગડાવે અને શ્રીકૃષ્ણ જન્મનાં મંગળકારી કીર્તનો ગવરાવે. ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પંચામૃત વગેરે વડે વસુદેવ વગેરેની સાથે બાલકૃષ્ણનું પૂજન કરે. પછી તે બાલકૃષ્ણને પારણામાં પધરાવીને વસ્ત્રાભૂષણ વડે શણગારીને પછી નિત્ય પૂજાની લઘુમૂર્તિ અને મોટી અચલ મૂર્તિનું સાથે પૂજન કરે.

પછી તે બાલકૃષ્મને લાંબી અંગરખી, કચ્છની સૂંથણી અને ઊંચા અગ્રભાગવાળી, સોનાના તારથી ગૂંથેલી, માથાની ટોપી પહેરાવે. જે જે અંગમાં જે જે વસ્ત્ર કે આભૂષણો યોગ્ય લાગે અને જે પ્રકારે શોભે તે તે



અંગમાં તે તે વસ્ત્રાભૂષણ ધારણ કરાવે. કેસર કુંકુમે સહિત મલયાગીરી ચંદન અને સુગંધીમાન માલતી, જૂઈ અને મોગરો વગેરે પુષ્પો અર્પણ કરે. પછી ભગવાનના વસ્ત્રો તથા મંદિરને ચોગરદમ પ્રસરતી સુંદર સુગંધી જેની છે એવા પુષ્પવાસિત અત્તરથી તથા ગુલાબજળથી સુવાસિત કરે. પુષ્પમય હારો, તોરાઓ, ગુચ્છો, તુલસીની માળાઓ, દશાંગધૂપ તથા દશદીપો ભક્તિથી અર્પણ કરે. પછી ધોયેલા બાજોઠ ઉપર દૂધપાક, પૂરીઓ, શીરો, જલેબી વગેરે સમગ્ર મહાનૈવેદ્ય અર્પણ કરે. અજમો, સૂંઠ, ધાણા, ગોળ, ઘી વગેરેથી બનાવેલી પંજરી (પંચાજીરી) પાત્રમાં ભરી દેવકીજી અને યશોદાજીની આગળ સ્થાપન કરે. પછી ઘંટડી વગાડી, ભોજન સમયે ગાવાનો થાળ ગવરાવતો થકો મધ્યે જળ અર્પણ કરી લે તે નૈવેદ્ય શ્રીકૃષ્ણને સમર્પણ કરે. નૈવેદ્યને નિવેદન કર્યા પછી તે સર્વ નૈવેદ્ય પાકશાળામાં મૂકીને તે ભોજન સ્થાનને જળ વડે જલદી સારી રીતે શુદ્ધ કરે. પછી પાનબીડાં અર્પણ કરીને તે ઋતુએ થતાં ફળો અને નાળિયેર સમર્પીને શક્તિ અનુસાર દક્ષિણા અર્પણ કરે.

પછી બાલકૃષ્ણનો પડદો ખોલી ઊભો રહી, વાદ્ય, તાળીઓ અને ગીતોના ઘોષ સાથે નિરાજન મંત્રોને બોલતો થકો મહાનિરાજન (આરતી) કરે. ગોકુલમાં નવમી તિથિની સવારે તે સમયે ગોકુલવાસીઓએ જે રીતે શ્રીકૃષ્મ જન્મોત્સવ ઉજવ્યો હતો તે રીતે આજે પણ શહેર તથા ગ્રામવાસીઓ મંદિરોમાં મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણ જન્મની આરતી બાદ તુરત જ આનંદોત્સવ કરે છે. મધુર શરણાઈઓ, નગારાં તથા ડંકાઓ તેમજ ફટાકડાના અવાજોથી વાતાવરણને ગજવી મૂકીને જન્મોત્સવનું લોક સમાજમાં પ્રચલિત પદ ગાય છે.

નંદ ઘેર આનંદ ભયો, જય કન્હૈયા લાલકી,
હાથી દીયે, ઘોડા દીયે, ઔર દીની પાલકી.
જસોદા કે લાલ આયે. છોટે ગોપાલ આયે હમારે પ્રતિપાલ આયે,
ગોકુલ કે ગ્લાવ આયે.... નંદ ઘેર આનંદ ભયો ........

પછી તે પૂજારી સ્તુતિ અને પ્રાર્થના તેમજ નમસ્કાર કરી લોકોએ સારી રીતે દર્શન કરેલ તે બાલકૃષ્ણને પોઢાડી દઈ મંગળકારી શ્રીકૃષ્ણ કથાઓ સાંભળે. લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણના શયન સમયે મોટાં મોટાં અલંકારો અને વસ્ત્રો

ઉતારી તેને પાત્રમાં મૂકે અને સૂક્ષ્મ અને નાનાં વસ્ત્રો પહેરાવે. તે ભક્ત રાત્રિમાં તો કેવળ ચરણામૃતનું જ પાન કરે, બીજું નહિ. તે શ્રીકૃષ્ણના ગુણોનું શ્રવણ કીર્તન વડે જાગરણ કરે તેથી વ્રતના સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.

પ્રાતઃકાળે સ્નાન કરી અંગ દેવે સહિત શ્રીકૃષ્ણની ફરી પૂજા કરી વિશેષપણે દૂધ ભાત અને સાકરનું નૈવેદ્ય કરે. પછી તે ભક્ત આરતી કરી પોતાના સ્વામી શ્રીકૃષ્ણને શયન કરાવે પછી તે ભક્ત અન્ય ભક્તજનોની સાથે ક્રીડાનું આચરણ કરે. પુરુષો દહીં, દૂધ, ઘી, જળ વડે ઉપલેપન-નાખવું, છાંટવું વગેરેથી ભગવાનના મંદિરમાં પરસ્પર ક્રીડા કરે. અને ભગવાનની ભક્ત સ્ત્રીઓ હળદર, તેલ, દહીં, કુંકુમ અને માખણથી લેપન-છાંટવુ, નાખવું વગેરેથી પરસ્પર ક્રીડા કરે. વિધવાઓને અમંગળરૂપ હોવાથી વિધવા સ્ત્રીઓ ક્રીડા કરે નહિ. તેમજ સંન્યાસી, વાનપ્રસ્થ તેમજ નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારીઓ પણ ક્રીડા ન જ કરે.

શ્રીહરિએ કહેલી આ ક્રીડાની જગ્યાએ આજે મંદિરોમાં જન્માષ્ટમીની મધ્યરાત્રીએ જન્મોત્સવની આરતી બાદ તુરત જ ભક્તજનો મટકી ફોડનો કાર્યક્રમ રાખી આનંદોત્સવ કરતા જોવામાં આવે છે.

પૂજક ક્રીડાની સમાપ્તિમાં સ્નાન કરીને પારણા કરે. પ્રાતઃકાળે કે સંધ્યાકાળે પૂજાના અંતે પ્રતિદિન બાલકૃષ્ણ ભગવાનને પારણામાં ઝુલાવવા. જ્યાં સુધી અર્જુન જન્મોત્સવ થાય ત્યાં સુધી (ભાદરવા સુદ-૨ સુધી) પારણામાં પધરાવીને ઝુલાવવા.

આપણા મંદિરોમાં પરંપરાગત સેવા રીતિ મુજબ ઠાકોરજીને શ્રાવણ વદ-૯ થી ૧૩ સુધી પાંચ દિવસ નિત્ય સવારે પારણે ઝુલાવવા. શ્રાવણ વદ-૧૩ ના દિવસે ભગવાનને સવારે પારણે ઝુલાવી નૈવેદ્યમાં શીરોપુરી ધરાવવા તથા રાજભોગ આરતી કરીને પારણેથી ઉતારવા.

ભાદરવા માસમાં ભગવાનના જે ઉત્સવો થાય છે તેનો વિધિ જણાવતા શ્રીહરિ કહે છે, ભાદરવા સુદ બીજને ગુરુવારે બપોરના સમયે અર્યમા છે દેવતા જેના એવા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં અભિજિત નામના મુહૂર્તમાં સાક્ષાત્ પ્રભુ નર મહર્ષિ કુંતાજીને વિષે ઈન્દ્ર થકી અર્જુન નામે હિમાચળના ઉપરી ભાગમાં પ્રાર્દુભાવ પામ્યા ત્યારે ઈન્દ્રાદિ દેવોએ ઉત્સવ કર્યો હતો. શ્રીહરિ કહે છે, અર્જુન જન્મોત્સવ પ્રસંગે પૂજારી રત્ન, મોતી અને સુવર્ણ વડે



અતિ દીપ્યમાન મુગટ ભગવાન શ્રીકૃષ્ણને ધારણ કરાવે. તથા ધનુષબાણ, સોનાની ઢાલ અને તલવાર ધારણ કરાવે. રાજા મહારાજાની શૈલી અનુસાર વસ્ત્રો અને અલંકારો ધરાવે. તેમજ પૂરીઓ તથા ધૃત સાકર સહિત દૂધપાક ભગવાનને નિવેદન કરે. ભગવાનની ચલ મૂર્તિમાં અર્જુન નામક નર પ્રતિમાની ભાવના કરીને વિશેષ પૂજન કરવું.

**ગણેશ ચતુર્થી (ભાદરવા સુદ-૪)** : ભાદરવા માસની સુદી ચતુર્થી એ હસ્ત નક્ષત્રમાં સૂર્ય-ચન્દ્ર કન્યા રાશિને પામતાં, રવિવારે સિધ્ધિ યોગમાં અભિજિત મુહૂર્તમાં શંકરના મંદિરમાં સાક્ષાત્ ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ શંકરના પુત્ર રૂપે ગણપતિ નામથી પ્રગટ થયા હતા. તે સમયે સમગ્ર દેવગણોએ તે તિથિએ તે નિમિત્તનો મહોત્સવ કર્યો હતો. એ હેતુ માટે આ દિવસે શ્રી ગણપતિનું સ્થાપન કરી શ્રી ગણપતિ પૂજા મહોત્સવ કરવો જોઈએ. આ ગણપતિ ઉત્સવમાં શ્રીકૃષ્ણને લાલ વસ્ત્રો ધારણ કરાવે અને નૈવેદ્યમાં લાડુ ધરાવવા. અન્ય વિધિ તો નિત્ય થનારો કરવો.

આ ઉત્સવમાં મૃત્તિકા અથવા સુવર્ણની ગણપતિની ચતુર્ભુજા અને હાથીની સૂંઢ જેવા મુખવાળી એક દાંતવાળી મૂર્તિની મધ્યાહ્ન સમયે યથા શાસ્ત્ર પૂજા કરવી. સવારમાં ધોળા તલના તેલથી સ્નાન કરાવીને બપોરે પોતાની સંપત્તિને અનુસરીને સિંદુર, દુર્વા, શમીપત્ર, કરણ પુષ્પ,શિરીષપુષ્પ, તુલસીદલ, બીલીપત્ર વગેરેથી ગણેશજીની પૂજા કરે અને તેમને વીશ ચુરમાના લાડુનું નૈવેદ્ય ધરાવે. આ દિવસે જ ગણપતિની પૂજામાં તુલસી ઈષ્ટ માનેલ છે, પણ વર્ષમાં અન્ય કોઈ દિવસે ઈષ્ટ માનેલ નથી. આ પ્રમાણે જે પૂજનકરે છે તેનું સમગ્ર કષ્ટ નાશ પામે છે. તેને ક્યારેય વિઘ્ન થતું નથી અને ઈચ્છેલા ફળની પ્રાપ્તિ થાય છે.

ગણપતિ ચોથના દિવસે રાત્રિમાં કોઈપણ પુરુષે ચન્દ્ર દર્શન કરવું નહિ. જો દર્શન થઈ જાય તો મિથ્યાપવાદની પ્રાપ્તિ થાય તેમાં સંશય નથી. જો અજાણતા તે દિવસે રાત્રિમાં ચન્દ્ર દર્શન થઈ જાય તો શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં કહેલી ભગવાન શ્રીકૃષ્ણની સ્યમંતક મણિ હરણ લીલાની કથા સાંભળવાથી દોષ નિવારણ થઈ જાય છે. શ્રવણ યોગ ન હોય તો તે કથાના અધ્યાયનો પાઠ કરવો અને તે પણ અસંભવ હોય તો વિષ્ણુ પુરાણોક્ત મંત્રનો આદર પૂર્વક પાઠ કરવો. '**सिंहः प्रसेनभवधीत्सिंहो जांबवता हतः । सुकुमारकः**

મા રોદીસ્તવહ્યેષ સ્યમન્તકઃ ॥' 'સિંહે પ્રસેનરાજાને માર્યો, જાંબુવાને સિંહને માર્યો. હે સુકુમારક ! તું રુદન કરીશ નહિ. આ સ્યમંતક મણિ તારો જ છે.' જે પુરુષ પવિત્ર થઈ દશ વખત આ મંત્રનો પાઠ કરે તે પુરુષ ચોથના ચંદ્રના દર્શનથી થયેલ મિથ્યાપવાદરૂપ દોષથી તત્કાળ જ મુક્ત થાય છે.

સાંજના થાળમાં આ દિવસે ઠાકોરજીને વિશેષરૂપે ઘી, ગોળ અને ઘઉંની ધાણી જેને ગુડધાણી કહે છે તે નૈવેદ્યમાં ધરાવી શકાય.

**રાધાષ્ટમી (ભાદરવા સુદ-૮)** : આ દિવસે અનુરાધા નક્ષત્રમાં રવિવારે બરસાનામાં શ્રી વૃષભાનુ ગોપના ઘેર સાક્ષાત્ રાધિકાજી પ્રાદુર્ભાવ પામ્યા હતા. માતાનું નામ કીર્તિ મહારાણી હતું. આ દિવસે ઠાકોરજીને લાલ સુરવાળ ધારણ કરાવે. મસ્તકે ફેંટો બાંધે. ફેંટાને તોરાઓની પંક્તિઓથી સુશોભિત કરવો. કેસરથી રંગેલ અને વિચિત્ર રચનાવાળું સૂક્ષ્મ અંગરખું ધારણ કરાવવું. અન્ય વસ્ત્રાલંકારાદિક બધું કૃષ્ણ જન્માષ્ટમીના ઉત્સવની પેઠે જ ધારણ કરાવે. ત્યારબાદ મધ્યાન્હે કૃષ્ણની બાજુમાં રહેલા રાધિકાજીની પૂજા કરે. જો મંદિરમાં રાધિકાજીની પ્રતિમા ન હોય ત્યારે તો પૂજારી લક્ષ્મીજીની પ્રતિમાને રાધિકાજી માનીને ખૂબ પૂજન કરે. કેસરી રંગની પીળી સૂક્ષ્મ અને લાંબી સાડી મૂર્તિને ધારણ કરાવે. કંચુકી અને ચણિયો આ બન્ને વસ્ત્ર લાલ રંગના ધરાવે. બીજા આભૂષણો તો પૂર્વની માફક જ રાખવા. નૈવેદ્યમાં ખાસ કરીને મોતૈયાલાડુ અર્પણ કરવા. જો મદિરમાં લક્ષ્મીજીની મૂર્તિ પણ ના હોય તો સુવર્ણની બે ભૂજાવાળી રાધિકાજીની પ્રતિમા કરી ગોપીઓ સાથે પૂજારી પૂજન કરે. તે રાધિકાજીના પૂજનમાં રાધિકા જન્મના પદો ગવરાવવા અને પૂજનના અંતે પૂજકે શ્રીહરિની પ્રસાદીનું અન્ન જમવું.

**જલઝીલણી એકાદશી (ભાદરવા સુદ-૧૧)** : આ એકાદશીને પરિવર્તિની એકાદશી પણ કહે છે. આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાને દાણ લીલા ઉત્સવ કર્યો હતો. આ ઉત્સવ સદાચાર પ્રાપ્ત છે. નંદરાયજીને કર આપવા મથુરા જવું પડતું. કંસને કર આપવો પડતો. ભગવાન જ્યાં બિરાજતા હોય ત્યાં કંસ જેવા દુષ્ટ રાજાઓને કર આપવો યોગ્ય ન હોવાથી શ્રીકૃષ્ણ ભગવાને કંસને કર આપવાનું બંધ કરાવી પોતે જ કર ગ્રહણ કરશે, એવું સૂચન કરવા દાણ લીલા કરી છે. વેચવાની વસ્તુઓ ઉપર નીતિમાર્ગથી લેવામાં આવતો રાજાનો ભાગ, જેને ગુજરાતીમાં દાણ, વેરો કે જકાત કહેવામાં આવે છે.



વ્રજમાં શ્રી નંદરાયજીનું રાજ્ય હતું, વળી ઠાકોરજી તો રાજાધિરાજ છે. તે હેતુથી શ્રી ઠાકોરજી માલ ઉપર દાણ માંગી શકે છે. શ્રીકૃષ્ણ ગોપ વેષ પડે સમલકૃંત થઈ યમુનાજીમાં ચાલતી નૌકામાં સ્વયં બેસીને દહીં લઈને મથુરા વેચવા જતી ગોપીઓ પાસે રાજાની આજ્ઞાથી ઘાટ આદિકમાં લેવાતું દાણ માગ્યું હતું. ગોકુળમાં ભગવાને આ પ્રકારે દાણ લીલા કરી હતી.

આપણને પણ શિક્ષાપત્રીમાં શ્રીહરિએ દશાંશ - વિશાંશ ધર્માદો શ્રીકૃષ્ણાર્પણ કરવાની આજ્ઞા કરી છે.તે મુજબ દેશવિભાગ પ્રમણે આપણે પણ મુખ્ય મંદિરના કોઠારમાં શ્રી નરનારાયણદેવ કે શ્રી લક્ષ્મીનારાયણદેવના ચરણોમાં નિયમિત રૂપે ધર્માદો જમા કરાવવો જોઈએ.

આ દિવસે પૂજારી ભગવાનના ઉત્સવના ચલ સ્વરૂપની મૂર્તિને ગોપવેશ ધારણ કરાવે. પછી કૃષ્ણને પાલખીમાં બેસાડીને ગીત વાજિંત્રોના ધ્વનિએ સહિત નદીએ લઈજાય. ત્યાં નૌકામાં નંદનંદનને પધરાવી પૂજન કરી બે ઘડી જળક્રીડા કરી સ્વસ્થાને પાછા લાવે. આ દિવસે ઠાકોરજીની સાથે જ ગણપતિજીનો વિસર્જન કરવા વરઘોડો કાઢવો. ગણપતિજીનું પૂજન કરી નદીના ઊંડા પ્રવાહમાં વિસર્જન કરવું. શ્રીકૃષ્ણે રાધિકાજી સાથે કરેલી દાણલીલા ભક્તજન ગાય કે ગવડાવે અને તે દિવસે ઉપવાસ કરે. આ દિવસે નૈવેદ્યમાં મુખ્યત્વે દહીં અને ભાત અર્પણકરે. આ એકાદશીનો આટલો જ વિશેષ પ્રકાર જાણવો. બાકી વસ્ત્ર અલંકાર આદિક ધારણ કરાવવાનો વિધિ તો દરેક એકાદશીની માફક જ જાણવો. દર સુદ તથા વદ એકાદશીના દિવસે ઠાકોરજીને સોનેરી વસ્ત્ર ધરાવવા અને મુગટ ધરાવવા.

**વામન જયંતી (ભાદરવા સુદ-૧૨)** : વામન જયંતીને વામન દ્વાદશી પણ કહેવામાં આવે છે. આ દિવસે શ્રવણ નક્ષત્રમાં બુધવારે મધ્યાહ્ન સમયે માતા અદિતિ થકી વામન ભગવાન અવતર્યા હતા. ઉત્સવ વિધિમાં જે સુંદર પીતાંબર હોય તે ઠાકોરજીને વામનજીના વાઘા ધરાવી વામનજીનું દર્શન કરાવવું. ઠાકોરજીને વામન સ્વરૂપે લાલ ટોપી ધારણ કરાવવી, કંઠમાં માળા પહેરાવીને હાથમાં કમંડળું ધારણ કરાવવું. અન્ય વસ્ત્રાભૂષણ આયુધાદિ પૂર્વની પેઠે જ ધારણ કરાવે.

જો વાસુદેવ ભગવાનની ચલ પ્રતિમા હોય તો તે મૂર્તિમાં વામન ભગવાનની પૂજા કરે. અને જો ચલ પ્રતિમા ન હોય તો બાલ સ્વરૂપ દ્વિભૂજ

છત્ર કમંડળુ દંડધારી વામન ભગવાનની સુવર્ણ પ્રતિમા કરાવે. અને મંડપમાં કરેલા સર્વતો ભદ્ર ઉપચારો વડે ભક્તિભાવથી ચંદન પુષ્પ ધૂપદીપ વગેરે ઉપચારો વડે વામન ભગવાનની સુવર્ણ પ્રતિમાની પૂજા કરે. અને વામન ભગવાનના અદિતિ, કશ્યપ, સ્ત્રીઓ અને ગણોએ સહિત ઈન્દ્રાદિ વગેરે અંગદેવોની પણ પૂજા કરે. ખૂબ ઘી-સાકરવાળા ચૂરમાના લાડુઓનું નૈવેદ્ય ધરાવે અને વામન ભગવાનના અવતાર ચરિત્રોનું ગાન કરાવે. બપોરે ૧૨ કલાકે મંદિરમાં પ્રાગટ્યની આરતી કરે. વામનોત્સવ પ્રસંગે શ્રીહરિ નારાયણના પૂજનમાં આટલો વિશેષ જાણવો. સામાન્ય વિધિ તો સર્વ ઉત્સવોમાં સમાન જ જાણવો.

**વિજ્યા દશમી (આસો સુદ-૧૦)** : વિજ્યા દશમીને દશેરા પણ કહેવામાં આવે છે. સંધ્યાકાળને લગારેક ઉલ્લંઘન કરીને અને થોડા થોડા ઉદય થયા છે તારાઓ જેમાં એવો જે સમય છે તે આ સર્વ કાર્યના અર્થને સિધ્ધ કરનારો તે સમય વિજય નામે પ્રસિદ્ધ છે. જે હેતુ માટે આસો સુદ દશમ શ્રવણ નક્ષત્રમાં શ્રી રામચન્દ્ર ભગવાને રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરવા પ્રયાણ કરેલું તે હેતુ માટે સર્વ નરો તે દિવસે શ્રવણ નક્ષત્રમાં ગામના સીમાડાને ઉલ્લંઘન કરે. ભગવાનને આ દિવસે મખમલના વાઘા ધરાવવા અને આયુધ ધરાવવા અને સાંજે ૪-૦૦ વાગે ઠાકોરજીના ચલ સ્વરૂપને હાથી ઘોડા ઉપર સવારી કરાવવી અને સંધ્યા સમયે આરતી કરીને ઉતારવા. ઉત્સવ સમયે ભગવાનને વસ્ત્રો રાજાની માફક મુલ્યવાન અને નવા ધારણ કરાવવા. સુગંધીમાન પુષ્પોના હારો, પુષ્પોના તોરાઓ અને સુંદર અગરુ ચંદન ધારણ કરાવે. દૂધપાક-ઠોર વગેરે પકવાનો વિશેષપણે નિવેદન કરે. સાયંકાળે શુદ્ધ અને અન્ય દેવોને નહિ ધરેલા યુવાંકુરો (જવારા) શેખરોની પેઠે ધારણ કરાવે. ગીત-વાજિંત્રોના ઉદ્‌ઘોષની સાથે ભક્તિભાવથી મોટો ઉત્સવ કરાવે. અને આ ઉત્સવમાં શ્રી રામન્દ્ર ભગવાનના દિગ્‌વિજયના પદો ગવરાવે.

**શરદ પૂનમ (આસો સુદ-૧૫)** : શરદ પૂનમ એટલે પૂર્ણ ચન્દ્રના પ્રકાશવાળી પૂનમ. આ દિવસ શરદોત્સવ તરીકે મનાય છે. માણેક ઠારી પૂનમ, કોજાગરીવ્રત વગેરે પણ આ ઉત્સવને જ કહેવાય છે.

આજની ચાંદની ઘણી આનંદદાયક હોય છે. પ્રભુએ છ માસની રાત્રિ



કરી રાસોત્સવ કર્યો. વ્રજભક્તોને એક કાલાવિચ્છનમાં છ ૠતુઓનો અનુભવ કરાવી ભક્તિમય બનાવ્યા. શ્રીમદ્‌ ભાગવતના રાસ પંચાધ્યાયીમાં ભગવાન શ્રીકૃષ્ણ તરફ ગોપીઓનો વિશુદ્ધ માધુર્યનો જે ભાવ બતાવવામાં આવ્યો છે તે રાસલીલા છે. તે વિશુદ્ધ પ્રેમના કારણે જ આજે ગોપીઓની આટલી પ્રશંસા કરવામાં આવે છે. પ્રભુની આલ્હાદિની શક્તિ શ્રી રાધિકાજી સહિત દરેક ગોપીઓનું એકજ કાર્ય કે પ્રભુના સુખનો જ વિચાર કરવો. પ્રભુ, પ્રેમ અને આનંદના પૂંજ છે. પ્રભુનો ભક્ત પ્રત્યેનો પ્રેમ પૂર્ણ વિશુદ્ધ હોય છે. રાસલીલામાં જે એમનું નૃત્ય, ગાન, બંસીવાદન વગેરે થતું હતું તે બધું ગોપીઓને સુખ આપવા માટે, એમનો પ્રેમ વધારવા માટે થતું હતું. પ્રભુની રાસલીલા એ પોતાના અનુગ્રહિત ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરવાને અર્થે છે. શરદ પૂનમની રાત્રે વ્રજ ભક્તો સાથે રાસલીલા કરવાની ઈચ્છાથી વ્રજભક્તોને બોલાવવા પ્રભુ વેણુનાદ કરે છે. શ્રીકૃષ્ણ પ્રભુ વેણુનાદ કરી સર્વ ભક્તોના મન હરી લે છે તેથી પતિ, પુત્ર, ગૃહાદિક વગેરે દેહ સંબંધી સર્વ ભૂલી જાય છે. ભગાવનની વેણુના નાદામૃતનું પાન કરીને આનંદ વિભોર થઈ ગોપીજનો અન્ય કથા છોડીને દેહગેહની સુધ ભૂલીને પરસ્પર શ્રીજીના જ સ્વરૂપની, ગુણની ચર્ચાઓ કરે છે. સમસ્ત જડ ચેતન વસ્તુઓમાં મહાન દિવ્ય આનંદ પ્રકટ થાય છે, તેઓના સહજ દૈહિક ધર્મ છૂટી જાય છે. તેઓના મન તથા ક્રિયાઓ ભગવત્પરાયણ થઈ જાય છે અને દિવ્ય સુખની પ્રાપ્તિ થાય છે.

ચન્દ્રના સોળ કળાયુક્ત પ્રકાશવાળી પૂર્ણિમાની રાત્રિમાં હરિભક્તોએ સર્વ પ્રકારે ઉત્સવ કરવો. આ રાસોત્સવમાં રાધિકાજીની મૂર્તિને ગોપીઓની સાથે વસ્ત્રાભૂષણ વગેરે વડે અત્યંત શોભાયુક્ત કરે. શ્રીકૃષ્ણ પ્રતિમાની સમીપે રાધિકાજીની પ્રતિમા ન હોય ત્યારે રાધિકા અને ગોપીઓનું લક્ષ્મીજીની મૂર્તિમાં આવાહન કરી તે લક્ષ્મીજીની મૂર્તિને મહા શૃંગાર ધારણ કરાવે. અંદરનું વસ્ત્ર ચણિયો અને બાહ્ય ઓઢવાનું વસ્ત્ર કસુંબલ ધારણ કરાવે અને કંચુકી પીળા રંગની ધરાવે અને ભાલમાં કુંકુમ પત્રિકા ધરાવે. અને તે પૂજારી ભક્ત શ્રીકૃષ્ણને મોંઘા મૂલી પીતાંબર ધારણ કરાવે તથા અનેક વિધ રત્નોથી જડિત મુગટ અને કુંડલ ધારણ કરાવે. જમણા હાથમાં રત્નોથી સુશોભિત સુવર્ણમયી મોરલી ધારણ કરાવે તથા નૈવેદ્યમાં વિશેષપણે બરફી ને પેંડા

ધરાવવા. સુગંધી પુષ્પથી વાસિત તૈલ (અત્તર) અને ગુલાબજળ વડે ભગવાનના મંદિર અને વસ્ત્રોને સુવાસિત કરે. આ દિવસે મંદિરમાં ભગવાનના અચલ સ્વરૂપને સફેદ જરીવાળા વાઘા ધરાવવા અને મોટો મુગટ ધરાવવો.

પછી રાત્રિએ અગાશીમાં અથવા મંદિરના ચોકમાં કરેલા અતિ સુશોભિત સુંદર સિંહાસનમાં ભગવાનના ચલ સ્વરૂપને સ્થાપન કરીને પૂજક જન ગીતવાદ્યપૂર્વક પૂજન કરે. નવી ડાંગરના પૌંઆ સાકર અને દૂધ (સાકર મિશ્રિત દૂધ પૌંઆ) ભગવાનને નિવેદન કરે. બીજો વિધિ તો પૂર્વ ઉત્સવોની પેઠે જ જાણવો. ભગવાન શ્રીકૃષ્ણે વંદાવનમાં ત્રણ યામ વાળી લાંબી રાત્રિઓમાં ગોપીઓ સાથે કરેલી જે રાસલીલા તેના પદોને ગવડાવે.

શરદોત્સવમાં રાત્રે જે ઠેકાણે ચાંદનીમાં પ્રભુને પધરાવવા હોય તે ઠેકાણે ચંદરવા, પીછવાઈ અને જમીન પર સફેદ વસ્ત્ર બિછાવી બધી સફેદી રાખવી. પીછવાઈ એટલે કે ઠાકોરજીના સિંહાસન પાછળની દિવાલગીરી - દિવાલ પર લટકાવાનો પડદો.

આપણા મંદિરોમાં દર વર્ષે રાત્રે આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. જેમાં કેટલાક મંદિરોમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યનું સુખ પણ હરિભક્તો પ્રાપ્ત કરે છે. ઠાકોરજીના ફરતે સંતો-હરિભક્તો વાંજિત્ર સાથે રાસ રમીને નંદ સંતો રચિત ગરબી રાસના પદો બોલીને, બહેનો સંપ્રદાયની મર્યાદા મુજબ અલગ બહેનોના વિભાગમાં રાસ રમીને ઠાકોરજીની મૂર્તિમાં મનની વૃત્તિ જોડે છે અને ઠાકોરજીને રાજી કરી પોતે પણ દિવ્ય આનંદની અનુભૂતિ કરે છે. ઉત્સવના અંતે દરેક ભક્તોને દૂધ-પૌંઆનો પ્રસાદ આપવામાં આવે છે.

**ધન તેરસ (આસો વદ-૧૩)** : ધન તેરસને ધનત્રયોદશી ઉત્સવ કહેવામાં આવે છે. આ દિવસે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણના અલંકારોને ધોઈ શુદ્ધ કરવા તથા પૂજાના ઉપકરણો કળશ, પાત્ર, આચમની આદિને પણ યથાયોગ્ય માર્જન કરે. ભગવાનના આખા મંદિરને યથાયોગ્ય ધોવા વડે, લીંપવા વડે, જળ છાંટવા વડે શુદ્ધ કરે અને પછી ભગવાનને કુંકુમ વડે સુંદર તિલક કરે. ઠાકોરજીને લીલા મખમલના વાઘા ધરાવે તથા સુવર્ણના તાર વાળો ફેંટો ભગવાનના મસ્તકમાં ધારણ કરે અને લક્ષ્મીજીને લીલી સાડી, તથા કસુંબી સુંદર કંચુકી ધારણ કરાવે. નૈવેદ્યમાં જલેબી તથા ખાજા ભગવાનને સમર્પણ



કરે. આ ઉત્સવમાં આટલો વિશેષ છે.

ધન તેરશથી આરંભીને ભગવાનના ભક્તોએ દીપોત્સવના કીર્તનો ગાવા અને દિવાળી સુધી (ત્રણ દિવસ) દીવાઓની પંક્તિઓ કરવી. આ દિવસે ઠાકોરજીની સાથે વિશેષરૂપે લક્ષ્મીપૂજન પણ કરવામાં આવે છે. વૈષ્ણવરીતિમાં આ દિવસે સાંજે પ્રભુને બંગલામાં બિરાજમાન કરાવીને રોશની કરે છે.

**કાળી ચૌદશ (આસો વદ-૧૪)** : કાળી ચૌદશને રૂપ ચતુર્દશી પણ કહે છે. આ દિવસે શ્રી ઠાકોરજીને અભ્યંગ સ્નાનોત્સવ થાય છે. આસો માસમા જે વદી ચતુર્દશી ચંદ્રોદય સમયે હોય તે જ લક્ષ્મી સહિત ભગવાન શ્રીકૃષ્ણને પરમ જળ વડે અભ્યંગ સ્નાનમાં ગ્રહણ કરવી. ચૌદશના રોજ ચંદ્રોદય સમયે સુગંધી પુષ્પવાસિત તેલ-અત્તર વડે પૂજારી ઠાકોરજીને મર્દન સહિત લેપન કરી પછી શ્રીકૃષ્ણ અને લક્ષ્મીજીને ગરમ જળ વડે સ્નાન કરાવે. અભ્યંગ સ્નાન વિધિમાં ફૂલેલ, પીસેલા આંબળા, સફેદ ચંદન તથા કેસર મિશ્રિત ચંદન એમ બધું મેળવીને પ્રથમ સ્નાન કરાવીને પછી ગરમ જળ વડે સ્નાન કરાવી શકાય છે. ઠાકોરજીને લાલ મખમલના વાઘા ધરાવવા તથા લક્ષ્મીજીને પણ લાલ વર્ણવાળા વસ્ત્રો ધારણ કરાવે. તથા ફુલવડી, ભજિયાં, વડાં અને માલ પુવાનું નૈવેદ્ય ધરે. આ ઉત્સવમાં પૂજારી આરતી કરવાના પાત્રમાં બહુ વાટો મૂકીને વિશેષપણે આરતી કરે.

આ દિવસે સંધ્યા સમયે તેલ, સિંદૂર, આકડાના ફૂલના હાર અને નૈવેદ્યમાં અડદના વડા તથા સુખડી વગેરેથી મહાવીર શ્રીહનુમાનજીનું પૂજન કરવું. આ દિવસે હનુમાનજીના મહાપૂજનથી હનુમાનજી મહારાજ ખૂબ રાજી થાય છે. દર વર્ષે આ દિવસે સંધ્યા સમયે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ મંદિરે પધારીને શ્રી હનુમાનજી મહારાજનું મહાપૂજન કરીને આરતી ઉતારે છે.

**દિવાળી (આસો વદ-૩૦)** : વિક્રમ સંવત વર્ષનો આ છેલ્લો દિવસ 'દિવાળી' અથવા 'દીપાવલી' તરીકે હિંદુ સંસ્કૃતિમાં હજારો વર્ષથી ખૂબ ધામધૂમથી ઉજવાય છે. આ દિવસે ઠાકોરજીને સોનેરી વસ્ત્રો ધરાવવા તથા માથે સોનેરી મોળીયું ધરાવવું.

શ્રીહરિ કહે છે, આ દિવસે દીપોત્સવ અને લક્ષ્મીપૂજનનો મહોત્સવ

કરવો. આ દિવસે ભક્તે ભગવાનને અતિ મૂલ્યવાન આભૂષણો અને સૂક્ષ્મ સુંદર વસ્ત્રો ધારણ કરાવવા. પૂજારીએ પ્રદોષ કાળે રુકિમણી નામના લક્ષ્મીજીનું પૂજન કરવું. જો લક્ષ્મીજીની પ્રતિમા ન હોય તો રાધિકાજીની પ્રતિમામાં લક્ષ્મીજીનું ધ્યાન કરી યથાશાસ્ત્ર સુશોભન ચંદન-પુષ્પાદિક ઉપચારો વડે પૂજન કરવું અને જો રાધિકાજીની પ્રતિમા પણ ન હોય તો લક્ષ્મીજીની સુવર્ણ મૂર્તિ બનાવવી અને તેની જમણી બાજુના ઉપરના હાથમાં બૃહન્નાલ કમળ બનાવવું તથા ડાબી બાજુના ઉપરના હાથમાં અમૃત ભરેલો કળશ બનાવવો. તથા નીચે રહેલા ડાબા અને જમણા હાથમાં અતિ સુંદર બીલું અને શંખ બનાવવો. અને તે લક્ષ્મીજીના બન્ને પડખામાં સૂંઢમાં કુંભ ધારણ કરેલા બે હાથી બનાવવા તથા લક્ષ્મીજીના મસ્તક ઉપર ખૂબ મનોહર કમળ બનાવવું. કેળના સ્તંભો વડે બનાવેલા મંડપમાં સર્વતો ભદ્ર મંડળમાં તે લક્ષ્મીજીની લક્ષ્મીસુક્ત વડે ષોડશોપચાર પૂજા કરવી. તથા મંડપની ચોમેર શક્તિ અનુસાર દીવડાઓની હારો કરાવવી અને લક્ષ્મીજીને અલંકારો અને અમૂલ્ય વસ્ત્રો અર્પણ કરવા. શ્રીહરિની સમીપે રહેલા લક્ષ્મીજીને લાલ રંગના વસ્ત્રો ધારણ કરાવવા અને શ્રીહરિને શુદ્ધ અને પવિત્ર વસ્ત્રો ધારણ કરાવવા.

લક્ષ્મીજીના લલાટમાં અતિ શોભાયમાન ચાંદલો કરે અને તે ચાંદલા ઉપર ધોળા ઝીણા અણિયાળા ચોખા ચોંટાડે. ત્યાર પછી સુગંધી પુષ્પના હારો, પુષ્પના બાજુબંધો, કમળો, ધૂપ અને ઘીના દીપો વડે લક્ષ્મીજીનું પૂજન કરે. લક્ષ્મીજીને નૈવેદ્યમાં જલેબી, ખાજાં, સુતરફેણી, ઘેબર, રેવડી, પતાસાં, બરફી, પેંડા, સાકરના રસ પાયેલા એલચીદાણા, સાકરિયા ચણા અને ભાત વગેરે ભોજનો ભક્તિપૂર્વક નિવેદન કરે. ત્યાર પછી પાનબીડા અર્પણ કરી મોટી આરતી કરે અને પૂજન સમયે લક્ષ્મીપૂજનનાં પદો ગવરાવે.

આ દિવસે હરિભક્તોએ નંદ સંતો રચિત દિવાળી ઉત્સવના પદો ગાવા. દર વર્ષે આ દિવસે અમદાવાદ મંદિરના સભામંડપમાં વેપારી હરિભક્તોના નવા ચોપડાનું સમૂહ પૂજન તથા શારદાપૂજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થતું હોય છે.

**બેસતુ વર્ષ (કારતક સુદ-૧)** : નવું બેસતું વર્ષ જન સમાજમાં આજે ધાર્મિક ઉત્સવની સાથે સાથે એક સામાજિક ઉત્સવ પણ બની ગયો છે.



ધાર્મિક રીતે આ દિવસે અન્નકૂટોત્સવ તથા ગોવર્ધનોત્સવ ઉજવવામાં આવે છે.

ચોમાસાની સમાપ્તિ થાય એટલે આપણા ખેતી પ્રધાન દેશમાં નવા વર્ષે ખેતીનો વિવિધ પાક તૈયાર થઈ જાય. ખેડૂતોને એમ કે આ ઈન્દ્ર સર્વ દેવોમાં મુખ્ય છે. તે વરસાદ વરસાવે છે અને આપણને ખેતીનો પાક મળે છે. ભગવાનનું સર્વપોરિ પણું સમજ્યામાં આવે નહિ, તેથી ઈન્દ્ર પૂજા માટે દર વર્ષે યજ્ઞ કરે. આખા વ્રજનો પણ એજ રિવાજ ! દર વર્ષે જ્યારે કાતરક શુક્લ પક્ષ આવે એટલે બધાય પોત પોતના ઘરમાંથી ઈન્દ્ર પૂજા માટે સામગ્રી ભેગી કરી નંદરાજાની આજ્ઞા લઈ તેમના કહ્યા મુજબ યજ્ઞ કરતા હતા. આ અબોધ ગોપજાતિના યજ્ઞને જોઈ ઈન્દ્ર દેવતા પોતાના મનમાં બહુ ખુશ થતા હતા. આ ખેતી અને ગોચારણનો ધંધો કરનાર અભણ ગોવાળીયાઓ મને ઘણાં સારા મળ્યા છે કે તેમના દ્વારા યજ્ઞ કરી મને આખા જગતનો ઈષ્ટદેવ માની પૂજા કરે છે. તેથી દિવસે દિવસે મારું માન વધશે અને બીજા દેવો ઝાંખા પડી જશે. અને હું જગતનો ખરો ઈષ્ટદેવ ગણાઈશ. હવે ભગવાનનો તો સહજ સ્વભાવ છે કે કોઈ વ્યક્તિ ને કોઈ વાતનું અભિમાન આવે, ગર્વ થાય તે ગમે નહિ. તેમાં પણ પોતાના ભક્તને કે દેવને ગર્વ થાય ત્યારે તો તેનું રૂડું કરવા ભગવાન તુરત જ તેના ગર્વનો નાશ કરે, એટલે જ શ્રીહરિને ગર્વ ગંજન કહ્યા છે. ઈન્દ્રને થયેલ મદનું ખંડન કરવા ભગવાને એક ભૌતિક દ્રષ્ટિથી સ્થુલ રૂપ વાળા (શીલાવાળા) જણાતા પોતાનો સંબંધ પામેલો ગિરિરાજ શ્રેષ્ઠ છે, પોતાના ચરણ સ્પર્શ પામેલો ગોવર્ધન પ્રસાદીનો છે, તેનો આદર ઈન્દ્ર કરતા પણ ઊંચો કરાવવા ઈન્દ્ર પૂજા બંધ કરાવી શ્રી ગિરિરાજની પૂજા ભગવાને કરાવી છે.

ભગવાને ઈન્દ્રનું માન મર્દન કર્યું. તેથી ઈન્દ્ર કોપાયમાન થઈ મેઘના ગણોને મહાપ્રલયનું જળ વરસાવી આખા વ્રજને ડુબાડી દેવા આજ્ઞા કરી, કારણ કે ઈન્દ્રને મનમાં એમ થયું કે એક કૃષ્ણ જેવા ગોવાળિયાના કહ્યાથી નંદાદિક ગોપોએ, હું જે ઈન્દ્રદેવ તેનું અપમાન કર્યું છે, તો તેનો બદલો અવશ્ય આપવો જોઈએ. વ્રજમંડળ ઉપર મુશળધાર વરસાદ પડવા લાગ્યો અને મેઘની ગર્જના થવા લાગી, તે જોઈને નંદાદિક ગોપોને ખાત્રી થઈ કે ઈન્દ્ર દેવનું અપમાન કરવાનું આ ફળ છે. તે વખતે બધા વ્રજવાસીઓ

શ્રીજીના શરણમાં આવ્યા અને પ્રભુએ વ્રજ ભક્તોની રક્ષા કરવા એક જ હસ્તથી જેમ નાનું બાળક છત્રી હાથમાં ઉપાડે તેમ શ્રી ગિરિરાજને ધારણ કરી બધા વ્રજભક્તોને તેની નીચે બોલાવી લીધા. એમ કરતાં સાત દિવસ સુધી મેઘની ગર્જના તથા વિજળીના કડાકા સાથે મુશળધાર વરસાદ વરસ્યો. પણ તે વ્રજભક્તોને શ્રીકૃષ્ણ પ્રભુએ જરાય પણ કષ્ટ પહોંચવા દીધું નહિ. ઈન્દ્રનું માન મર્દન કર્યું. વ્રજભક્તો બધાય દેવી દેવતાઓનું શરણ મુકી એક દ્રઢ આશરો શ્રીકૃષ્ણનો કરી શરણમાં ગયા, ત્યારે ભગવાને તે બધાય વ્રજભક્તોનો સુખ દુઃખનો ભાર પોતાના હાથે ઉપાડી લીધો. વ્રજવાસીઓને અન્યાશ્રયથી છોડાવવા સ્વયં પ્રભુએ જ એ સમયે ગોવર્ધનરૂપ ધર્યું હતું. ત્યારે વ્રજભક્તો નંદ યશોદાએ અનેક ભક્તોના ભાવથી સામગ્રી કરી મહોત્સવ ઉજવ્યો અને પ્રત્યક્ષ તે સામગ્રી પ્રભુએ હજાર હાથ લાંબા કરી આરોગી અને બાકી રહેલા ભક્તોની સામગ્રી માંગી માંગીને આરોગ્યા. ગિરિરાજને ટચલી આંગળી પર સાત દિવસ સુધી સાત વર્ષના આ સાંવરીયાએ ધારણ કરી વ્રજમંડળની રક્ષા કરી. ઈન્દ્રમાન ભંગ કરી ગોવિંદ નામ ધારણ કર્યું.

આ દિવસે ઠાકોરજીને સફેદ જરીના અથવા રૂપેરી વાઘા ધરાવવા અને માથે રૂપેરી મોળીયું ધરાવવું. શ્રીહરિ કહે છે, ગોવર્ધનોત્સવમાં ભગવાન કૃષ્ણને લાલ પાલવવાળું પીતાંબર ધારણ કરાવે. મયૂરનાં પીછાં નો મુકુટ અને કર્ણિકારના પુષ્પના તોરાઓ ધારણ કરાવે. પાંચ વર્ણવાળાં પુષ્પોથી બનાવેલી શુભ્રા વૈજયંતિમાલા, તોરાઓ અને મોરલી ધારણ કરાવે. નાના પ્રકારના અલંકારો, તુલસીની માળા તથા ખભા ઉપર લંબાયમાન ઉત્તરીય વસ્ત્ર ધારણ કરાવે. પોતાના દ્રવ્યાનુસારે અન્નકૂટની રચના કરે. નાના પ્રકારનાં શાકો તથા નાના પ્રકારનાં ભજિયા બનાવે. નાના પ્રકારના ઘીમાં પકવેલા જલેબી, ખાજા વગેરે પકવાનો તથા ભાત દાળ કંસાર અને લાડુ વગેરે ભોજન પદાર્થો શ્રીકૃષ્ણને અર્પણ કરે. પછી પાનબીડા અર્પણ કરી શ્રીહરિની આરતી ઉતારી વૈષ્ણવો, વિપ્રો અને સાધુઓને પ્રીતિપૂર્વક ભોજન કરાવે અને આ અન્નકૂટોત્સવના દિવસે જ પ્રાતઃકાળે હળદર, કુંકુમ, અબીલ, ગુલાલ વગેરે વડે ગાયો, બળદો, વાછરડા, વાછરડીઓની પૂજા કરે. સુગંધી પુષ્પમય હારોથી અને તેમનાં શીંગડાને રંગાવી અલંકૃત કરે. નવીન ઘાસથી તે સર્વને તૃપ્ત કરીને ભગવાનના મંદિરના આગળના ભાગમાં તેમને ખેલાવે. તે પછી



ગાયના છાણ વડે ગોવર્ધન બનાવી તેની પૂજા કરે. પછી મધ્યાહન સમયે ભગવાન આગળ અન્નકૂટ બનાવે. આ ઉત્સવમાં ગોવર્ધનોત્સવ કથાના સુંદર કીર્તનો ગવરાવે અને ગાય તથા વાજિંત્રોનો ઘોષ કરાવે અને વૈષ્ણવોને જમાડ્યા પછી તે સેવક પોતે જમે. આ ઉત્સવમાં આટલો વિશેષ છે. ગાયોની ક્રીડાના દિવસે રાત્રિમાં જ્યારે ચન્દ્રમાં દેખાય ત્યારે સોમરાજા (ચંદ્રમાં) નવાદિ પશુઓને તથા ગાયોની પૂજા કરનારને હણે છે તેથી દીપાવલીના ત્રણે દિવસો ચતુર્દશી, અમાવાસ્યા અને પ્રતિપદા એકીસાથે જ કરવા પરંતુ સાંતરાય ન કરવા એ નિશ્ચય વાત છે.

અન્નકૂટની રચનામાં સૌ પ્રથમ ઉપલી હરોળમાં બરફી, પેંડા, મોહનથાળ, મોતૈયા, ખાજા, જલેબી, મગસના લાડુ, ઘેબર, બૂંદીના લાડુ વગેરે મીઠાઈઓની ગોઠવણી કરવી. તેનાથી નીચે સુખડી, ઠોર, ગજક રેવડી, ગુલાબ કતલી, પાયેલા પીસ્તા, કોપરાના ખમણના લાડુ વગેરે મધ્યમ પ્રકારના ખાદ્ય પદાર્થો ગોઠવવા. તેનાથી નીચે ત્રીજા વિભાગમાં સેવ, ગાંઠીયા, ચેવડો વગેરે સૂકું ફરસાણ તથા ફૂલવડી, મેંદાની પુરી, સકરપારા, પપચી, શીખરનવડી, કાંજીવડા વગેરે ધરવું તથા સૌથી છેલ્લા વિભાગમાં નીચેની બાજુ રોટલી, પુરી, શાક, દાળ, કઠોળ, ભાત વગેરે ધરવું. વચ્ચે વચ્ચે ઋતુ પ્રમાણેના તાજા ફળો તથા ભોલર મરચા, ટમેટા, મૂળા તથા પાનબીડા વગેરે યથાસ્થાને ગોઠવણી કરીને અન્નકૂટની શોભા વધારવી. અન્નકૂટની રચના જેમ વધારેમાં વધારે દર્શનીય બને તે મુજબ સર્વે ખાદ્ય સામગ્રીની ગોઠવણ કરવી. નીચે રોટલી, દાળ, ભાત, શાક, કસુંબર, પાપડ વગેરેની રસોઈના સંપૂર્ણ થાળ સાથે જળના લોટા ધરાવવા. અન્નકૂટ દર્શન ખુલ્લા મુકવાના સમયે આરતી કરવી. અન્કૂટ દર્શનનો સમય ૪ થી ૫ કલાક સુધી રાખવો. આપણા મંદિરોમાં અન્નકૂટ દર્શનના સંપૂર્ણ સમય દરમિયન દર્શનાર્થી ભક્તોની ભારે ભીડ રહે છે. તથા બેસતા વર્ષના આ મંગળ દિવસે આખો દિવસ ઠાકોરજીનું દર્શન કરવા માટે ભક્તોની એટલી જ ભીડ રહે છે. અન્નકૂટોત્સવમાં અગાઉથી જ હરિભક્તો ઠાકોરજીના અન્નકૂટ માટે શ્રદ્ધા-શક્તિ પ્રમાણે ભેટ લખાવે છે. જે દરેક હરિભક્તને ઉત્સવ પછીના દિવસથી અન્નકૂટ પ્રસાદીનું વિતરણ કરવામાં આવે છે. બેસતા વર્ષના દિવસે હરિભક્તો ઠાકોરજીને નવા વર્ષની વિશેષ ભેટ ધરીને દર્શન કરે છે.

ગોવર્ધનની રચનામાં ગોવર્ધનનું મુખ ઉત્તર દિશા તરફ તથા એમનું પુચ્છ દક્ષિણ દિશા તરફ રાખવું. તેના ઉપર કળેટની, મધુમાલતીની તથા અઘેડાની ડાળ, કેળના પત્તા, કનાસ અને ધ્વજા રોપવી. પશ્ચિમ બાજુએ શ્રી ગિરિરાજમાં એક ગોખ ભૂંલો ગિરિરાજજી ને પધરાવવા માટે કરવો. ચારે બાજુ ચાર દીવા પ્રગટાવવા અને ગુલાબ અબીલના ચોક પુરવા. ગિરિરાજજી પાસે શ્રી ઠાકોરજીને પધરાવી પાન બીડી આરોગાવવી અને ગાય બોલાવવી. ગોબરના ગિરિરાજજીમાં બનાવેલ ગોખલામાં લાલ વસ્ત્ર પાથરીને તેની ઉપર શ્રી ગિરિરાજજીને પધરાવીને પૂજન કરવું. દંડવત કરવા. આરતી કરવી. ગાયને બોલાવીને ગાયનું પૂજન કરવું તથા આભૂષણ વસ્ત્રયુક્ત ગાયની પ્રદક્ષિણા કરવી.

કારતક સુદ-૨ ને ભાઈ બીજ અથવા યમદ્વિતીયા કહે છે. આ દિવસે ભગવાને સુભદ્રા બહેનના ઘેર ભોજનના મિષથી પધારીને બહેનનો મનોરથ સિધ્ધ કર્યો હતો. કાર્તિક સુદી દ્વિતીયા કે દિન, હરિ હલધર સહિત સુભદ્રા કે ઘર આયે, તિલક કરાય બૈઠે દોઉ જે વન, વિવિધ ભાંત કે ભોગ લગાયે........ તે જ રીતે પૂર્વે શ્રીયમુનાજીના આગ્રહથી તેમના ભાઈ યમરાજા બેનના ઘેર જમવા પધાર્યા હતા અને ભોજન દક્ષિણામાં રત્નજડિત અલંકારો, ઉત્તમોત્તમ રંગબેરંગી વસ્ત્રો વગેરે નવશત શૃંગાર વડે નખશિખ પર્યંત બેનને શણગારી પ્રસન્ન કર્યા હતા. તેથી યમરાજાના વરદાન મુજબ આ દિવસે જે ભાઈ પોતાની બેનના ઘેર ભોજન કરીને યથાશક્તિ વસ્ત્ર અલંકારોથી બેનને રાજી કરે છે. તેમજ યમુનાજીમાં સ્નાન કરે છે તેને કોઈ દિવસ યમલોકનું દર્શન થતું નથી.

**ગોપાષ્ટમી (કારતક સુદ-૮)** : આ દિવસે પ્રાતઃકાળમાં પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ સખા બાળ ગોપો સાથે વૃંદાવનમાં ગાયો ચારી હતી. જેથી આ દિવસે શ્રીકૃષ્ણને ઉત્તમ ગોપવેશ ધારણ કરાવવો. સુંથણી, મયૂરનાં પીછાં જેના અગ્રભાગમાં છે એવો મુકુટ અને પીતાંબર ધારણ કરાવવું. કેસર યુક્ત ચંદન વડે ભગવાનના શરીરમાં અર્ચા કરવી. ફૂલના ખૂબ અલંકારો ધારણ કરાવવા અને હાથમાં છડી તથા મનોહર મોરલી ધારણ કરાવવી. અને દહીં, ભાત અને દળેલી સાકરનું નૈવેદ્ય અર્પણ કરવું. આ ઉત્સવમાં કૃષ્ણે ગાયો ચારી તે લીલાના પદો ગવરાવવાં અને પૂજાને અંતે પૂજકે ભોજન કરવું.



**પ્રબોધની એકાદશી (કારતક સુદ-૧૧)** : આ દિવસે ચાતુર્માસની સમાપ્તિ થાય છે. આ દિવસે જગત્‌પ્રભુ શેષશાયી યોગેશ્વર ભગવાને યોગ નિંદ્રાનો ત્યાગ કર્યો હતો તેથી આ એકાદશી પ્રબોધિની કહેવાય છે તેમજ દેવ ઉઠી એકાદશી પણ કહેવાય છે.

આ દિવસે ઠાકોરજીને સોનેરી વાઘા ધરાવવા તથા આખા શરીર ઢંકાઈ જાય એટલા દાગીના ધરાવવા, તેમજ માથે મોટો હીરાવાળો મુગટ ધરાવવો. ઠાકોરજીની સંધ્યા આરતી પછી રાત્રે ઓચ્છવ વખતે ઠાકોરજી સમક્ષ ત્રણ વિશેષ આરતી શયન વખતે કરવી. જેમાં પ્રથમ આરતી શુકન માટે મેરૈયા સીંચવાની કહેવામાં આવે છે. આ આરતી માટીના પાત્રમાં અથવા નારીયેલની કાચલીમાં કપાસિયા તથા કોપરેલ તેલ રાખીને તેમાં વાટ મૂકીને પ્રગટાવીને કરવામાં આવે છે. બીજી આરતી શેરડીની તથા શાકભાજીની કરવી, જેમાં શેરડીના ચાર ભાગ થાય તેવી રીતે કાપીને તેમાં વાટ મૂકીને આરતી કરવામાં આવે છે. ત્રીજી આરતી ગોદડીઓ તથા વાઘા વસ્ત્રોની કરવી. જેમાં ઠાકોરજીની ગોદડી તથા ગરમ શાલ ઠાકોરજીના સિંહાસનમાં મૂકીને આરતી કરવામાં આવે છે. કારણ કે આજથી ઠાકોરજીની શીતકાલીન સેવાની શરૂઆત થાય છે. કારતક સુદ-૧૨ થી ઠાકોરજીને ગોદડી તથા ગરમ શાલ, રજાઈ, ડગલી ધરાવવામાં આવે છે.

ઉત્સવ વિધિ માટે શ્રીહરિ કહે છે, આ એકાદશીના દિવસે વૈષ્ણવજન બ્રાહ્મમુહૂર્તમાં તત્કાળ ઉઠી સ્નાન કરી સંધ્યા વિધિ કરી પૂજાના દ્રવ્યોને સંપાદન કરે. પૂજારી પુરુષ યોગેશ્વર નામથી શ્રીકૃષ્ણની પૂજા કરે અથવા સુવર્ણની યોગેશ્વરની પ્રતિમા પોતાની શક્તિ પ્રમાણે કરાવે. પદ્માસન ઉપર બેઠેલી, થોડાંક મીંચેલા નેત્રોવાળી, નાસિકાના અગ્રભાગ ઉપર દ્રષ્ટિવાળી, શ્વેત કમળ ઉપર રહેલી એવી પ્રતિમા બનાવે. ડાબો અને જમણો બન્ને નીચેના હાથ ખોળામાં રહેલા અને તે બન્ને હાથોમાં કમળ અને મહાગદા બનાવરાવે. તે પ્રતિમાના ઉપરના બન્ને હાથોમાં શંખ અને ચક્ર બનાવરાવે તથા તે યોગેશ્વર ભગવાનના ડાબા ભાગમાં બેઠેલા લક્ષ્મીજી બનાવે. આ પ્રમાણે યોગેશ્વર નામ વાળી ભગવાનની પ્રતિમા કરીને મહાપૂજા વડે ગીત વાજિંત્ર સહિત ષોડશોપચાર વડે પૂજા કરાવે. અને તે યોગેશ્વરના નૈવેદ્યમાં સાકર સહિત દૂધ ખૂબ કોમળ ભાત તથા દ્રાક્ષ, બદામ અને અખરોટ વગેરે ફળો અર્પણ કરે.

અને આજ દિવસે મધ્યાહ્ન સમયે ધર્મદેવનો જન્મ હોવાથી તે સમયે ધર્મ પૂજનોત્સવ પણ કરવો.

જો ધર્મદેવની પ્રતિમા ન હોય તો સુવર્ણની ધર્મની મૂર્તિ કરાવરાવે. ભગવાનના મંદિર આગળ પૂર્વની પેઠે શુભ મંડપ બનાવી સર્વતો ભદ્ર મંડળમાં યથા શાસ્ત્ર ધર્મદેવની પૂજા કરે. ચાર મુખ, ચાર હાથ, ચાર પગવાળી અને શ્વેતાંબરો વાળી તથા સર્વ આભ્મરણો વાળી સુંદર ચિહ્નો વાળી શ્વેત સુંદર ધર્મની મૂર્તિ કરાવે. તે ધર્મના જમણા હાથમાં અક્ષમાલા અને ડાબા હાથમાં પુસ્તક ધારણ કરાવવું અને જમણા હાથમાં રહેલો મૂર્તિમાન ઉદ્યોગ (વ્યવસાય) કરાવવો. અને ડાબા ભાગમાં રહેલો પરમરૂપવાન સુખ (આનંદ) બનાવવો અને તે વ્યવસાય અને સુખના હસ્તકમળો મસ્તક ઉપર આરોપેલાં બનાવવાં. અથવા બીજા પક્ષમાં ધર્મ પણ એક મુખવાળા, બે હાથ, બે પગ, સુશોભિત વસ્ત્રોવાળા આ પ્રકારે મનુષ્યાકૃતિ બનાવવાં. ધર્મના ડાબા પડખે અત્યંત સ્વરૂપવાન ભક્તિદેવી બનાવવાં. તે કેવાં તો બે ભૂજાવાળાં, ખૂબ અલંકારવાળાં, કસુંબી રંગના નિર્મળ વસ્ત્રોવાળાં અને ડાબા હાથમાં સુવર્ણમય કમંડલુ ધારી રહેલાં તથા જમણા હાથમાં મોતીની માળાઓ ચંદન, સુગંધી પુષ્પો, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી ભરેલું પૂજપાત્ર ધારી રહેલાં એવા બનાવવાં. આ પ્રકારે ધર્મ અને ભક્તિની સુવર્ણમયી મૂર્તિઓ બનાવી પોતાની શક્તિ અનુસાર કશ્યપાદિ સપ્તર્ષિઓ અને અરુંધતી એ સહિત તે ભક્તિ ધર્મનું પૂજન કરવું. સપ્તર્ષિઓ અને અરૂંધતી દર્ભની પૂળીઓ વડે બનાવવાં અથવા તો તે બધાં ચંદન-ચોખા વગેરે વડે બનાવવાં. તે સમયે શ્રધ્ધા, મૈત્રી, દયા, શાંતિ વગેરે બીજી પણ ધર્મની બાર પત્નીઓની પૂજા કરવી. તે આખો પ્રબોધિનીનો દિવસ દુંદુભિનો ધ્વનિ કરાવે, શ્રીકૃષ્ણનાં નામસંકીર્તન અને ગુણાનુવાદનું ગાન કરાવે.

ત્યારે પ્રતિદિન પુજવાની ભગવાનની મૂર્તિને શણગાર ધારણ કરાવે. મહા મુગટ અને ઉત્તમ પીતાંબર ધારણ કરાવે. વળી પૂજારી લક્ષ્મીજીને ભારે મૂલ્યવાળાં લાલ વસ્ત્રો અને નાના પ્રકારના રત્નમય અલંકારો ધારણ કરાવે. અને તે યોગેશ્વર તેમજ ધર્મદેવને નૈવેદ્યમાં વિશેષપણે ઘી ભરેલા ઘેબર અને જલેબી અર્પણ કરે, અને કપૂર વડે આરતી ઉતારે. અન્ય વિધિ તો રોજની માફક જ કરવો.



સાયંકાળે તે યોગેશ્વર ભગવાન આગળ હાટડીની રચના કરવી. તેમાં ચાંદી વગેરેના પાત્રોમાં પૃથક પૃથક નવું અન્ન સ્થાપન કરવું તથા અનેકવિધ શાકો, પત્ર પુષ્પાદિ તથા બહુવિધ ફળો, શેરડીનાં સાંઠા અને પેંડા, બરફી વગેરે ગોઠવણથી મૂકવું. આ એકાદશીમાં એકાદશીના અધિપતિ રાધા સહિત દામોદર ભગવાનની કુંભી પુષ્પો કે કમળો વડે પૂજા કરવી. દામોદર ભગવાનને નૈવેદ્યમાં મગદળ લાડુ અર્પણ કરવા.

આ એકાદશીના દિવસે ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત એકાદશીવ્રતનિષ્ઠ જનોએ જળ વિના અન્ય કંશુ પણ ક્યારેય ભક્ષણ ન કરવું. તથા રાત્રે આખી રાત ભગવાનના ગુણ-કીર્તન, નામ સંકીર્તન સાથે ઉત્સવ કરી જાગરણ કરવું. સર્વ એકાદશીઓમાં તે એકાદશીને આશ્રિત જે જે કથાઓ હોય તે કથાઓને ભક્ત પુરુષ પ્રીતિપૂર્વક ગવડાવે, સાંભળે અને ગાયન કરે.

આ દિવસે હરિભક્તો આપણા મંદિરોમાં શેરડીના સાંઠા, રીંગણ, મૂળા વગેરે શાકભાજી તથા ઋતુ અનુસારના વિવિધ ફળો લાવી, ઠાકોરજીને ધરાવીને દર્શન કરે છે. ઠાકોરજી સમક્ષ શેરડીના સાંઠાની મોટી હાટડી ભરાય છે. ચાતુર્માસમાં રીંગણ, મૂળા વગેરે નહીં ખાવાનો નિયમ રાખીને આજે તે વસ્તુ પ્રથમ ઠાકોરજીને ધરાવીને પછીથી જ હરિભક્તો તે તે ખાદ્યચીજ ગ્રહણ કરવાનું શરૂ કરે છે. આ દિવસે તુલસી વિવાહ કરવામાં આવે છે. તુલસી વિવાહમાં પણ હરિભક્તો યથા યોગ્ય સેવા આપે છે. તુલસી ભગવત્ ચરણ પ્રિય છે અને ભક્તિરૂપ છે.

તુલસી વિવાહમાં મંડપ શેરડીના ૧૬, ૮ કે ૪ સાંઠાનો કરવામાં આવે છે. શેરડી રસમય છે. તેથી તેનો મંડપ કરવામાં આવે છે. તુલસી વિવાહના ઉત્સવને શ્રીહરિ કહે છે, કારતક સુદી બારસ સાયં વ્યાપિની હોય તે તુલસી વિવાહની ક્રિયામાં ગ્રહણ કરવી. તે બારસના દિવસે કૃષ્ણને કસુંબી રંગની પાઘ અને મનોહર એવાં અનેક મોતીઓ-પુષ્પોના તોરાઓ ધારણ કરાવવા અને સોનાના તાર વાળું લાલ અંગરખું ધારણ કરાવવું અને લક્ષ્મીજીને તો હેમવર્ણ (પીળી) ની સાડી ધારણ કરાવવી. નૈવેદ્યમાં વિશેષપણે ગોળ અને ભાત અર્પણ કરે. સાયંકાળે સુંદર મંડપમાં વિષ્ણુ અને તુલસીની પૂજા કરે. સાયંકાળે ગોધૂલિ સમયે શાલગ્રામ અથવા કૃષ્ણપ્રતિમા અને તુલસીની ષોડશ ઉપચાર વડે પૂજા કરે. પીતાંબર, કંઠસૂત્ર, કંકણો, નથની,

હળદર, કુંકુમ, અબીલ, ગુલાલ વગેરે વૃંદાદેવીને સમર્પણ કરે. તે સમયે ઉત્પન્ન થયેલા ફળો અને શેરડીના સાંઠા અર્પણ કરે. નૈવેદ્યમાં પતાસાં અને ખાજા વિશેષ પણે અર્પણ કરે. પછી આરતી ઉતારીને વૃંદા અને કૃષ્ણના મધ્યે વસ્ત્રનો પડદો રાખીને મંગળ શ્લોક બોલીને સંકલ્પ કરીને તુલસી દામોદર ભગવાનને અર્પણ કરે. અને તે તુલસી વિવાહમાં બ્રાહ્મણોને ભોજન કરાવે. શક્તિ અનુસાર દાનો આપે અને તુલસી વિવાહનાં પદો ગવડાવે.

હિંદુ સંસ્કૃતિમાં આજે પણ એવો રિવાજ છે કે તુલસી વિવાહ થયા બાદ જ પોતાના દીકરા કે દીકરીઓનો વિવાહ પ્રસંગ યોજે છે. જે ચાતુર્માસ સુધી ચાલુ રહે છે. દેવ પોઢી એકાદશી પછી ચાતુર્માસમાં વિવાહ પ્રસંગ યોજાતો નથી. દરેક પ્રસંગમાં ભગવાનને આગળ રાખવાની આ એક સુંદર પરંપરા છે.

**દેવ દિવાળી (કારતક સુદ-૧૫)** : કાર્તિક માસમાં શુકલ પક્ષમાં સૂર્યોદયને પામેલી પૂર્ણિમા તિથિના રોજ રમાપતિ શ્રીકૃષ્ણને હીરાવાળો અતિ સુશોભિત માથે મોટો મુગટ ધારણ કરાવવો. ઠાકોરજીને સફેદ જરીના અથવા રૂપેરી વાઘા ધરાવવા. શીરો, પુરી, ભાત, કઢી, દાળ, સૂરણ અને વૃતાંકનું શાક નૈવૈદ્યમાં વિશેષપણે અર્પણ કરવું. રાત્રિએ મંદિરની ચોતરફ દીવાઓની હારમાળા કરવી અને રાત્રિમાં ભગવાન શ્રીહરિની આગળ શક્તિ પ્રમાણે ઘીના દીપ પ્રગટાવવા. આ ઉત્સવમાં ચંદ્રોદય સમયે ભક્તિ દેવીનું પૂજન ગીત વાજિંત્રના ધ્વનિએ સહિત કરવું. આ દિવસ શ્રી ભક્તિમાતાનો પ્રાગટ્ય દિવસ હોવાથી, જે મંદિરમાં ભક્તિ દેવીની મૂર્તિ ન હોય ત્યાં સેવક યથાશક્તિ સુવર્ણની મૂર્તિ બનાવીને પૂજન કરે. વળી આ ઉત્સવમાં રાત્રિએ બલરામે સહિત કૃષ્ણ ભગવાનને ગોપીજનો સાથે કરેલી ક્રીડા તેના અવલંબન વાળા પદો ભક્તજન સ્વયં ગાય અને ગવરાવે.

આજથી આરંભીને દરરોજ ભગવાનને પીંજેલા રૂથી ભરેલી ડગલી ભક્તિથી ધારણ કરાવે અને લક્ષ્મીજીને પણ પ્રેમથી સૂક્ષ્મ ડગલી પહેરાવે. રાત્રિમાં કૃષ્ણની શય્યામાં પ્રતિદિન શીત નિવૃત્તિ માટે રજાઈ મૂકે. ફાગણ માસની પૂર્ણિમા સુધી ભગવાનને રજાઈ ઓઢાડવી. આ દિવસથી આરંભીને સર્વ વૈષ્ણવજનોએ પણ ઠંડીના નિવારણ માટે ગોદડી કે રજાઈ ઓઢવી. આ વાક્ય લખવા પાછળનો અભિપ્રાય એવો છે કે વૈષ્ણવો ભગવાનને રજાઈ



ઓઢાડ્યા વિના પોતે ગોદડી વગેરેનો ઉપયોગ કરે નહિ.

**ધનુર્માસ ઉત્સવ** : માગશર માસમાં જ્યારે ધન સંક્રાંતિ બેસે ત્યારથી ઉત્તરાયણ પર્યંત એક માસને ધનુર્માસ કહેવામાં આવે છે. જગતના લોકો આ સમયગાળાને કમુરતા કહે છે. ભગવાનના ભક્તો આ માસમાં વિશેષ ભજન કરીને, ઠાકોરજીની વિશેષ સેવા કરીને ધનુર્માસને ઉત્સવનો મહિનો - શુભ કાળમાં પરિવર્તિત કરી દે છે. સૂર્યનો ધનરાશિમાં પ્રવેશ થતાં, પ્રાતઃ ધનુર્લગ્નમાં અભ્યંગપૂર્વક ગરમ જળ વડે રમાપતિ ભગવાનને એક માસ પર્યંત સ્નાન કરાવવું. ઠંડીના દિવસોમાં ભગવાનને ગરમ વસ્ત્રો ધરાવવા. વસ્ત્રો ધારણ કરાવી ભગવાનની પ્રતિમા આગળ ઠંડીના નિવારણ માટે પ્રદીપ્ત સગડી મૂકીને લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનને નિત્ય પ્રાપ્ત શણગાર કરે. સગડી રાજભોગના સમય સુધી રાખવી. આખો ધનુર્માસ ઠાકોરજીના થાળ વહેલા કરવા.

આ મહિનામાં શ્રીકૃષ્ણ સુદામા સાથે સાંદિપની ઋષિના આશ્રમમાં વિદ્યા ભણવા માટે પધાર્યા હતા તે હેતુથી ધનુર્માસમાં ઠાકોરજીની આગળ બાજોઠ-ઘોડી ઉપર પુસ્તક મુકવા. શાસ્ત્રો સાથે પેન પણ ધરવામાં આવે છે નૈવેદ્યમાં ઠાકોરજીને તલ મિશ્રિત ભાત, માણખ, દહીં, ઘી, વૃતાંકનું ભડથું તથા મૂળા અર્પણ કરે. ઉપર અને નીચે શ્વેત તલવાળો સુંદર નવીન બાજરાનો રોટલો નિવેદન કરે. શ્રીકૃષ્ણના ગુણોયુક્ત કીર્તનો ગવરાવે.

રાજભોગનો સમય સવારે વહેલો રાખવામાં આવે છે. એનો ભાવ એવો છે કે શીત કાલની રાત મોટી - લાંબી હોય છે, દિવસ ટૂંકો હોય છે. તેથી ઠાકોરજી પણ સવારમાં વહેલા જાગી જાય છે. જે મુજબ મંગળા, શણગાર તથા રાજભોગનો સમય વહેલો થઈ જાય છે. શીતકાલમાં ગાય, વાછરડાઓ પણ સવારે વહેલા ભૂખ્યા થાય છે. ત્યારે બધા વ્રજવાસી ગ્વાલબાલ કનૈયા સહિત પોતાની ગાયોને ચરાવવા વહેલા વનમાં લઈ જાય છે તથા પ્રભુ સહિત સર્વે ગ્વાલ બાલ સવારના ૮ વાગે પોતાના ઘેર પાછા પધારે છે અને ઘેર આવીને પ્રભુ રાજભોગ આરોગે છે. તે ભાવથી રાજભોગ વહેલા થાય છે.

ધનુર્માસમાં આખો મહિનો આપણા મંદિરોમાં સંત-હરિભક્તો વહેલી સવારે ભેગા મળીને વાજિંત્ર સાથે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન તથા

કીર્તન ભક્તિ તેમજ કથાવાર્તાનું વિશેષ આયોજન કરે છે. ઠાકોરજીને બાળભોગમાં અથવા મંગલ ભોગમાં શીરો, અડદિયા પાક, મગસ તથા મોહનથાળ તેમજ કઢેલું દૂધ વગેરે ધરાવવામાં આવે છે. અમદાવાદ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સહિત ધર્મકુળના સાનિધ્યમાં વહેલી સવારે વાજિંત્ર સાથે જ્યારે ધૂન થાય છે ત્યારે મંદિરનો સભામંડપ ભક્તોની ભીડથી ખીચોખીચ ભરાઈ જાય છે. અન્ય મંદિરોમાં પણ ભક્તોની એટલી જ ભીડ રહે છે.

પોષ માસમાં મકર સંક્રાંતિમાં સૂર્યનારાયણનું સંક્રમણ થવાથી ચાલીશ ઘડી સ્નાન, પૂજા અને પૂણ્યકર્મ વગેરેમાં મહર્ષિઓએ ગ્રહણ કરવા યોગ્ય પુણ્યકાળ માન્યો છે. દર વર્ષે જાન્યુઆરી મહિનાની ૧૪/૧૫ મી તારીખે સૂર્યનારાયણ ઉત્તરાયણના થાય એટલે દેવતાઓનો દિવસ ઉગ્યો જેથી દેવતાઓનું પ્રભાત થયું એવું કહેવાય છે. આ સમય દાન, પૂણ્ય તથા ભગવદ્ નામોચ્ચાર કરવાનો સમય છે. આ સંક્રાંતિને ષટતિલા કહે છે. ઠાકોરજી પણ વેદોક્ત રીતિથી તલની સામગ્રી તથા ખીચડો આરોગે છે. તેથી આ દિવસે ઠાકોરજીને નૈવેદ્યમાં વિશેષપણે તલના લાડુઓ અને ખીચડો નિવેદન કરવો. ઘઉં, ચોખા, જુવાર, મગ, બાજરી, તુવેર અને ચોળા એમ સાત ધાનનો ખીચડો બનાવવો. તથા ગોળ કે ખાંડના તલના લાડુ બનાવવા. અન્ય સામગ્રીમાં માખણ, દહીં, તલ નાખેલા બાજરીના રોટલા અને રીંગણાનો ઓળો અર્પણ કરી શકાય.

ભક્તજનોએ તલ તથા સુવર્ણનું યથાશક્તિ દાન કરવું. આ દિવસે હરિભક્તો મંદિરમાં ધન, ધાન્ય, ઘી, તેલ, ગોળ, ખાંડ, ખજૂર, શેરડી વગેરેનું વિશેષ દાન કરે છે. ગાયોને લીલું ઘાસ ખવડાવે છે.

**વસંત પંચમી (મહા સુદ-૫)** : શ્રીહરિ કહે છે, આ દિવસે દ્વારિકેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ, રૂક્ષ્મણી, સત્યભામા વગેરે પટરાણીઓ સહિત યુયુધાન ઉદ્ધવ વગેરે પોતાના પાર્ષદો સાથે બલરામ સહિત, નારદાદિ મુનિઓ, અને સખા અર્જુન સાથે તથા બીજા યાદવો સાથે પ્રભાત સમયે રથમાં બેસીને રૈવતાચલ (ગિરનાર)ને પામ્યા. ત્યાં તે સર્વની સાથે અબીલ, ગુલાલ, લાલ અને પીળા રંગો અને પિચકારીઓ વડે બહુ રમ્યા હતા અને જળક્રીડા કરી હતી. ક્રીડા કરતા શ્રીકૃષ્ણાદિ સર્વેના બન્ને હાથોથી ફેંકાયેલો ગુલાલ ખૂબ ઊંચે



વ્યાપ્યો હતો તેથી વૃક્ષોએ સહિત રેવતાચલ લાલિમાને પામી ગયો હતો. આ દિવસે ભગવાનને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવા અને ઉલેચ તેમજ આસ્તરણ પણ શ્વેત જ કરાવવા. પછી રૂક્ષ્મણીજી અને શ્રીકૃષ્ણના વસ્ત્રોમાં રંગ નાખવો તથા ગુલાલ નાંખવો અને ગુલાબજળ વારંવાર નાખવું. આંબાના પુષ્પ (મોર)નો તોરો ભગવાનને ધારણ કરાવવો અને વિશેષપણે જલેબી પ્રમુખ પકવાન્નોનું નૈવેદ્ય અર્પણ કરવું.

વસંત પંચમીના દિવસે ઘઉ કે ડાંગરનો રેવતાચળ પર્વત યથાશક્તિ બનાવવો અને પીળા વસ્ત્ર વડે આચ્છાદિત કરવો. તે પર્વતની ચોમેર આંબા-આસોપાલવના નવાંકુરો વડે વૃક્ષો બનાવે. તે રેવતાચળમાં દૂધ કે ઘી વડે ગોમુખ ગંગાનદી બનાવે. પછી રેવતાચળના મધ્ય શિખરમાં સુવર્ણમયી રૂક્ષ્મણી-શ્રીકૃષ્ણની મૂર્તિ સ્થાપન કરે અને તે મૂર્તિની ચારે બાજુ સત્યભામાદિ અંગદેવોનું સ્થાપન કરે. તેમાં શંખ ચક્રધારી દ્વિભૂજ શ્રીકૃષ્ણ બનાવવા અને લક્ષ્મીજી પણ કમળ અને કમંડળુ ધારી બે ભુજા વાળા બનાવવા. સત્યભામા છે પ્રથમ જેમાં એવી સ્ત્રીઓ, બલરામ, અર્જુન, સાત્યકી અને ઉદ્ધવ વગેરે પાર્ષદો તથા નારદાદિ મહર્ષિઓ અને સ્ત્રીઓ સહિત અન્ય યાદવો પણ સોપારી કે ચોખા આદિમાં સ્થાપન કરવા. પછી અંગદેવ સહિત શ્રીકૃષ્ણનું આવાહન કરી પૂજારી યથાવિધિ સ્થાપન કરે. આ ઉત્સવમાં નૈવેદ્યમાં ખજૂર અને ખારેકો આપવી. તથા નાળિયેર, સાકર, શેકેલા ચણા, શેકેલી ડાંગરની ઘાણી, જુવારની ઘાણી, દ્રાક્ષ, પતાસાં અને પેંડા વગેરે અર્પણ કરે પછી આરતી ઉતારી ભગવાન ઉપર ગુલાલ નાંખે. પછી પુરુષ ભક્તજનો પુરુષ વિભાગમાં તથા સ્ત્રી ભક્તજનો સ્ત્રીઓના વિભાગમાં પરસ્પર રંગ અને ગુલાલ વડે રમે. ત્યાગી તથા વિધવા સ્ત્રીઓને નિષેધ છે. સર્વે ભક્તજનો ક્રીડા કર્યા પછી સ્નાન કરી મધ્યાહન પછી ભોજન કરે.

વસંત પંચમીના દિવસે કુંજ ભરવો. પિત્તળના કળશ ઉપર નારંગી કપડું અને કળશમાં આંબાનો મોર, સરસઈના ફૂલ, બોર, ખજુરી, જવ, રાયના ફૂલ, કુંદના ફૂલ એમ સાત જાતના મોર-પુષ્પ મંજરી ધરાય છે. વસંતના કળશ નીચે કોરી હળદરનો અષ્ટદલ કમળ ચોક પૂરી એક લાકડાની ઈંઢોણી ઉપર કળશ મૂકવો અને જળથી ભરવો. કળશને કંકુ લગાવવું,

પુષ્પવાળી લતા, તેમાં ખજૂરીની ડાળ ઉપર બોર તથા ફૂલ લગાવવા. વસંતનું પૂજન કરી નૈવેદ્ય તથા આરતી કરવી.

વસંત પંચમીથી ફાગણ સુદ-૧૦ સુધી ઠાકોરજીને સફેદ વાઘા ધરાવવા. વસંતના દિવસોમાં ઠાકોરજીને ફૂલની છડી અને ફૂલની ગેંદ (દડો) ધરવામાં આવે છે. વૈષ્ણવ સેવારીતિમાં લખે છે કે આ દિવસોમાં પ્રભુને 'ચિબુક' ધરવો નહિ. એની જગ્યાએ ઠાકોરજીનું અબીલ ગુલાલથી પૂજન કરતી વખતે આંગળી વડે પ્રભુને હડપચી ઉપર અબીલ, ગુલાલ ચિબુકના ભાવથી લગાવવું. વસંત પંચમીના દિવસથી આરંભીને હોલિકોત્સવ સુધી દરરોજ ઠાકોરજીને રંગ ગુલાલ નાખવો તથા ફાગણ સુદ-૧૧ થી ફાગણ સુદ-૧૫ સુધી પાંચ દિવસ ઠાકોરજીને કેસરી વાઘા ધરાવવા. દાગીના ધરાવવા નહિ. ખાંડના હારડા ધરાવવા તથા રંગ રમવા પીચકારી ધરાવવી અને પાંચ દિવસ સુધી ભગવાનને ખજૂર, ધાણી, ચણા વગેરે ધરાવવું. વસંત સંબંધી ભગવાનના લીલાપદો માઘ માસની પૂર્ણિમા પર્યંત ગાવા અને પછી એક માસ પર્યંત દરરોજ ફાગણ માસ સંબંધી ભગવાનની લીલાના પદો ગાવા. નંદ સંતો તથા આચાર્યશ્રી અવધપ્રસાદજી મહારાજશ્રીએ વસંતના તથા હોરી ખેલનના ઘણા સુંદર પદોની રચના કરી છે.

શ્રીહરિએ દરેક ઉત્સવમાં ઉત્સવ સમય નક્કી કરવા માટે શુભદિન, ઘડી, નક્ષત્ર જોઈને નિર્ણય કરવાનું કહ્યું છે. તે મુજબ જ સર્વે વ્રત અને ઉત્સવોનો નિર્ણય કરવો. કારણ કે દરેક ઉત્સવમાં શુભ દિન, ઘડી તથા નક્ષત્રનું ખૂબ મહત્વ હોય છે. તેથી શાસ્ત્ર મર્યાદા રાખીને ઠાકોરજીની સેવા થાય તો શ્રીહરિ તે સેવા પ્રેમથી અંગિકાર કરે છે.

**શિવરાત્રી (માઘ વદ-૧૪)** : આ દિવસે વાસુદેવને વિચિત્ર વર્ણના વસ્ત્રો ધરાવવા, અર્થાત્ ઠાકોરજીને વાઘાંબર ધારણ કરાવવા. લક્ષ્મીજીને કાબર ચીતરી સાડી અને સુવર્ણના અલંકારો ધારણ કરાવે. મધ્યરાત્રિમાં પ્રથમ આદિ ગણોએ સહિત શંકરનું રુદ્ર સુક્ત વડે મહાભિષેક વિધિથી બીલીપત્રો વડે પ્રેમપૂર્વક પૂજન કરે. તેમજ મોટો મોગરો, નાનો મોગરો, ધંતૂરો અને કરેણ એ સર્વ પુષ્પો વડે શંકરની પૂજા કરે. નૈવેદ્યમાં ખીર અને અડદના વડા અર્પણ કરે અને પૂજક પોતે ઉપવાસ કરે. અને તે ઉત્સવ સમયે હરિહરનું પરબ્રહ્મ પરમાત્મા સાથે એકાત્મપણું બોધ કરનારાં પદો ગવરાવે.



**ફૂલ દોલોત્સવ** : જ્યારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય ત્યારે નિર્ણય પ્રમાણે ફાગણ વદ-૧ અથવા ફાગણ સુદ-૧૫ ના દિવસે બપોરે ૧૨ કલાકે શ્રી નરનારાયણદેવ જયંતિનો ઉત્સવ કરવામાં આવે છે. જે ફૂલદોલોત્સવ કહેવાય છે. ફૂલ દોલોત્સવ વખતે ચાર આરતી કરવી. પછી ભગવાનને કેસરી વસ્ત્રો બદલાવીને લીલા વાઘા ધરાવવા.

આ દિવસે ઉત્તરા ફાલ્ગુની યોગમાં શ્રી ધર્મપ્રજાપતિ થકી ભગવાનનો નરનારાયણ રૂપે પ્રાદુર્ભાવ થયો હતો. તે સમયે દેવોએ ધર્મના આશ્રમમાં બાંધેલા હિંડોળામાં તે નરનારાયણને પધરાવી પૂજા કરીને ઝુલાવ્યા હતા. શ્રી નરનારાયણદેવ પ્રગટ થયા ત્યારે ૧૬ વર્ષની ઉમરવાળા કિશોર અવસ્થાની મૂર્તિ સ્વરૂપે જ દર્શન આપ્યા હતા. ઉત્સવનો એક હેતુ આ છે અને બીજો હેતુ એવો છે કે ફાગણ માસમાં ઉત્તરા ફાલ્ગુની નામના અર્જુનના જન્મ નક્ષત્રના દિવસે રેવતાચળ પર્વતમાં શ્રીકૃષ્ણે અર્જુન અને યાદવો સાથે પૂર્વે ક્રીડા કરી હતી. તે સમયે ત્યાં યાદવોએ અંતરમાં આનંદ પામીને હિંડોળામાં બિરાજમાન અર્જુન સહિત શ્રીકૃષ્ણની પૂજા કરીને ઝુલાવ્યા હતા અને તેમની આગળ ક્રીડા કરી હતી.

આપણને તો શ્રીજી મહારાજ નરનારાયણદેવ સ્વરૂપે મળ્યા છે. તેથી જેમ શ્રીજી મહારાજ દર વર્ષે ફૂલદોલોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવતા તેમ આપણા મંદિરોમાં પણ આ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ ઉત્સવમાં ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન વસંતોત્સવની માફક જ કરવું. નરનારાયણની પ્રતિમાની પૂજામાં વિશેષ, પ્રાતઃકાળમાં ષોડશોપચારથી અને મહાનીરાજન (આરતી)થી શ્રી નરનારાયણનું પૂજન કરે. સૂક્ષ્મ અને શ્વેત વસ્ત્રો, શ્વેત સુગંધી ચંદન, ધોળા સુગંધીમાન પુષ્પના હારો અને તુલસીના પત્રોથી નરનારાયણનું પૂજન કરવું. નૈવેદ્યમાં દૂધપાક અર્પણ કરે અને બોરડીના ફળો અર્પણ કરે. પછી હિંડોળામાં દક્ષિણ મુખે શ્રી નરનારાયણને સ્થાપન કરીને ભક્તજન હીંચોળે. જો મૂર્તિ અચળ પ્રતિમા હોય તો પૂજારી હિંડોળામાં ગીતવાજિંત્રપૂર્વક બાલકૃષ્ણને પધરાવે. વસંતઋતુમાં થયેલા પુષ્પ ફળાદિ વડે પૂજન કરે. પછી ભગવાનના ભક્તો વસંતોત્સવની માફક જ મર્યાદામાં રહીને પ્રસાદીના રંગ અને ગુલાલ વડે ક્રીડા કરે. અને ધર્મપુત્ર શ્રી નરનારાયણનાં પદો ગવરાવે. નંદ સંતોએ સમય સમયના ઉત્સવોના પદો

બનાવ્યા છે. અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ મંદિરમાં બેસીને વાજિંત્રો સાથે સમય સમયના ઉત્સવોને અનુરૂપ કીર્તનો બોલે છે. જે ઠાકોરજીની સેવા રીતિને પૂર્ણતા બક્ષે છે. વાજિંત્ર સાથેની કીર્તન ભક્તિ તથા ધૂન્ય એ ઉત્સવનો પ્રાણ છે.

પ્રભુની આરતી કરીને હિંડોળાથી ઉતારીને પોઢાડી દે. મુખ્ય પૂજક જન હરિભક્તોને ભોજન કરાવ્યા પછી ભોજન કરે. પછી બીજા દિવસે મંદિરને જળથી ધોઈ નાખે. રંગ કે ગુલાલ આદિનો લેશ પણ કોઈ જગ્યાએ ન રહે તેવી રીતે સાફ કરી નાખે. વસ્ત્રો અને આસ્તરણ વગેરે સર્વેને રંગ ગુલાલ આદિનો લેશ પણ ન રહે તેમ ધોવડાવી નાખે અને બીજા વસ્ત્રો ધારણ કરાવે.

પરમ વૈષણવ ઉજ્જનૈનના રાજા ઈંદ્રદુમ્નને જગન્નાથપુરીમાં પણ શ્રી જગદીશ પ્રભુએ સ્વમૂર્તિથી મેઘગંભીર વચનામૃતથી આજ્ઞા કરી હતી કે, હે રાજેન્દ્ર ! અહીં એક વર્ષમાં ૧૨ મહોત્સવ કરવા. જેમાં હે ભૂપતિ, મારો ફૂલડોલનો ઉત્સવ કરવો. આમ આ ઉત્સવનો પૌરાણિક મહિમા છે.

શ્રી ગુસાંઈજીના સેવક એક વિરક્ત વૈષણવ વ્રજમાં પર્યટન કરતા માગી ને નિર્વાહ ચલાવતા હતા. એક દિવસ કોકિલા વનમાં રસોઈ કરી તે દિવસે ડોલોત્સવ હતો. તે ભૂલી ગયા હતા. જ્યારે રસોઈ કરી લીધી ત્યારે ડોલોત્સવ યાદ આવ્યો. તેથી પશ્ચાતાપ કર્યો, પછી કુંજની લત્તા બાંધીને ડોલ (હિંડોળો) કર્યો અને ઠાકોરજીને ઝુલાવ્યા અને દાળબાટી કરી હતી તે ત્રણે ભોગમાં દાલબાટી સમર્પી. વૈષ્ણવનો આવો ભાવ જોઈને શ્રી ઠાકોરજી બહુજ પ્રસન્ન થયા.

અમદાવાદ મંદિરમાં ફૂલદોલોત્સવમાં સ્વયં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અથવા પ.પૂ. લાલજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવની દોલોત્સવની આરતી ઉતારે છે. પછી પ્રસાદીના ચોકમાં પાટ ઉપર ઉભા રહીને સતત અડધો કલાક પ્રસાદીના કેસુડાના રંગ વડે હરિભક્તોને તરબતર થવાનું સુખ આપે છે. આ દોલોત્સવમાં સંપ્રદાયની સંપૂર્ણ મર્યાદાનું પાલન કરવામાં આવે છે.

**સંવત્સર ઉત્સવ** : ચૈત્ર સુદ-૧ ને સંવત્સર કહે છે. બ્રહ્માજીએ ચૈત્ર માસમાં શુકલ પક્ષના પહેલા દિવસે પૂર્ણ સૂર્યોદય વખતે જગત બનાવ્યું. તેથી નવા વર્ષનો આરંભ થાય છે. ચૈત્ર સુદ-૧ થી ચૈત્ર સુદ-૮ સુધી આખા વર્ષની



કુશળતાના ભાવથી શ્રી ઠાકોરજીને ઉત્થાપન વખતે કડવા લીમડાના મોરનો રસ ધરવામાંઆવે છે. જેમાં સીંધવ, મરી, એલચી તથા મિસરી વગેરે ઉમેરી શકાય છે. કડવા લીમડાના રસની પ્રસાદી સૌ હરિભક્તોને આપવામાં આવે છે.

**મત્સ્ય જયંતિ** : પૂર્વે ચૈત્ર સુદી ત્રીજના દિવસે કૃતમાલા નદીના જળમાં સત્યવ્રત રાજાની આગળ મત્સ્ય નામે ભગવાન પ્રગટ થયા હતા. તે દિવસે મત્સ્યરૂપ શ્રી વાસુદેવ ભગવાનની પૂજા કરે. અને શક્તિ પ્રમાણે મત્સ્ય ભગવાની સુવર્ણમયી મૂર્તિ બનાવે. અર્ધા મનુષ્ય જેવી આકૃતિવાળા અને નીચેના અર્ધા ભાગમાં મત્સ્યના જેવી આકૃતિવાળા મત્સ્ય ભગવાન બનાવી ને પૂજનમાં ભગવાનના ડાબા હાથમાં શંખ અને જમણા હાથમાં ગદા ધારે. નૈવેદ્યમાં દહીં મિશ્રિત ભાત અને દહીંવડા અર્પણ કરે. આ જન્મોત્સવમાં ભક્તજન મત્સ્યજન્મ કહેવડાવે તથા આરતીના અંતે ભોજન કરે.

**રામનવમી અને હરિજયંતિ (ચૈત્ર સુદ-૯)** : ચૈત્ર માસના શુકલ પક્ષમાં નવમીના રોજ પુનર્વસુ નામના નક્ષત્રમાં ઉદય લગ્નમાં બૃહસ્પતિ અને ચંદ્રમાં આ બન્નેનો યોગ હોય. તેમજ ગ્રહ પંચક પોતાના ઉચ્ચ સ્થાનમાં રહ્યે સતે, સૂર્ય મેષ રાશિમાં પ્રાપ્ત થયે સતે કર્કટ નામનું લગ્ન હતું ત્યારે દશરથ થકી કૌશલ્યા દેવીમાં પરમપુરુષ શ્રીરામચન્દ્ર આવિર્ભાવ પામ્યા હતા. આ દિવસે ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતોએ ઉપવાસ કરવો. મંદિરમાં ઠાકોરજીના ચલસ્વરૂપનું રામચન્દ્રજીના ભાવથી પૂજન કરવું. આ ઉત્સવમાં રમાપતિ ભગવાનને સોનેરી વાઘા, પીતાંબર, મોટો મુગટ, ધનુષ બાણ તથા સોનાના તાર વાળું કેડ્યે બાંધવાનું વસ્ત્ર ધારણ કરાવે. નૈવેદ્યમાં કેસરિયો બિરંજ, મોતિયા લાડુ, સાકર, દહીં અને દૂધ અર્પણ કરવું. આ દિવસે મધ્યાહ્ને ઠાકોરજીનું રામનામથી પૂજન કરે અથવા રાજલક્ષણોવાળી શ્રીરામની સુવર્ણમૂર્તિ બનાવરાવે. યુવાન પ્રસન્ન મુખ વાળા, સિંહના સમાન ગરદન વાળા મહા બળવાન અને લાંબા બન્ને હાથવાળા, બાણે સહિત ધનુષ્યને ધારણ કરનારા રામચન્દ્રજી કરાવવા. શ્રીરામચન્દ્રજીની મહાપૂજા ગીત વાજિંત્ર પૂર્વક કરતો સતો ભક્ત રામજન્મના પદો પોતે ગાય અને ગવરાવે. બપોરે ૧૨ વાગ્યે શ્રીરામચન્દ્ર ભગવાનના જન્મોત્સવની આરતી કરવી તથા પંજરીનો પ્રસાદ ધરાવવો.

સંવત્ ૧૮૩૭ ના વિરોધ સંવત્સરમાં, ઉત્તરાયણના સૂર્યમાં, વસંતઋતુમાં રામનવમીની આ શુભ તિથિ, પુષ્પનક્ષત્ર, સોમવાર, કૌલવ કરણ, વૃશ્ચિક લગ્ન અને સુકર્મા યોગ પ્રવર્તતો હતો ત્યારે દશ ઘડી રાત્રિ જતા પૂર્વ દેશમાં સરયૂ નદીના કિનારે અયોધ્યા નગરીની પાસે સરવારદેશના છપૈયા ગામમાં સરવરીયા જ્ઞાતિના બ્રાહ્મણ શ્રી ધર્મદેવ થકી શ્રી ભક્તિદેવીની કુખે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી સર્વોપરિ શ્રીહરિ (શ્રી સ્વામિનારાયણ ભગવાન)નો પ્રાદુર્ભાવ થયો. તે નિમિત્તે આપણા મંદિરોમાં રાત્રે ૧૦-૧૦ વાગે શ્રી સ્વામિનારાયણ ભગવાનની ખૂબ હર્ષોલ્લાસ સાથે જન્મોત્સવ આરતી થાય છે. પંજરીનો પ્રસાદ તથા શીરોપુરી ધરાવવામાં આવે છે. ભક્તો વાજિંત્ર પૂર્વક શ્રી ઘનશ્યામ મહાપ્રભુના પ્રાગટ્યના પદો ગાય છે અને ગવરાવે છે. તેમજ જન્મ પ્રસંગના ઠાકોરજીને થાળ, ભેટ કરે છે. આ દિવસે અન્ય ઉત્સવની માફક શ્રી સ્વામિનારાયણ ભગવાનની વિશેષ મહાપૂજા કરવી.

આવી રીતે ઉત્સવ કરીને નિરાહાર રામનવમી-હરિજયંતિનો ઉપવાસ કરનાર ભક્ત બીજા દિવસે શ્રીહરિની પૂજા કરી સાધુ અને બ્રાહ્મણોને સારી રીતે જમાડીને પારણા કરે. મંદિરમાં નોમથી ચૌદશ સુધી સવારે ભગવાનને પારણે ઝુલાવવા. ચૈત્ર સુદ-૧૪ ની સવારે રાજભોગ આરતી વખતે ભગવાનને પારણેથી ઉતારવાની આરતી કરવી. અને કંકુના નાના ચાર પીંડ વાળીને ઉતારવા તથા ઠાકોરજીને શીરો પુરી ધરાવવા.

**વિમલા એકાદશી (ચૈત્ર સુદ-૧૧)** : શ્રીહરિ કહે છે, આ દિવસે મહાપૂજા કરી પ્રભુ બાલકૃષ્ણને સુગંધીમાન પુષ્પોથી રચેલા હિંડોળામાં પધરાવે. અને તે હિંડોળામાં પ્રભુને બે ઘડી ઝુલાવીને આરતી કરીને હિંડોળામાંથી ઉતારે.

**કૂર્મ પ્રાદૂર્ભવોત્સવ (વૈશાખ સુદ-૧)** : આ દિવસે દેવ અને દૈત્યોએ સમૂદ્ર મંથન કર્યું ત્યારે પ્રાતઃ કાળમાં શ્રીહરિના કૂર્મ અવતારનો પ્રાદુર્ભાવ થયો હતો. કૂર્મ જન્મોત્સવમાં કૂર્મ સ્વરૂપે શ્રી વાસુદેવનું પૂજન કરવું. અથવા પૂજનાર ભક્તે પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણના કૂર્મ ભગવાન કરવા. મૂર્તિનું ઉપરનું અંગ મનુષ્યાકાર અને નીચેનું અંગ કૂર્મ (કાચબા) જેવું કરવું. બે ભુજ બનાવી તેમાં શંખ તથા ગદા ધારણ કરાવે. સર્વતોભદ્ર મંડલમાં યથોલબ્ધ



ઉપચારો વડે કૂર્મ રૂપ શ્રીહરિનું પૂજન કરે. નૈવેદ્યમાં લાડુ અર્પણ કરે.

આ દિવસથી આરંભીને જેઠ સુદ-૧૦ (ગંગા દશહરા) સુધી ઠાકોરજીને દરરોજ સાકર સહિત ગાળેલું આંબલીનું જળ (સરબત) ઠંડક માટે અર્પણ કરવું. વળી નૈવેદ્યમાં સાકર અને ઉત્તમ દહીં ધરાવવું. આ કૂર્મોત્સવમાં કૂર્મ જન્મ કથા ગાવી અને પૂજનના અંતે ભોજન કરવું.

**અખાત્રીજ (વૈશાખ સુદ-૩)** : આ તિથિને અક્ષયતૃતિયા અથવા અખાત્રીજ કહે છે. આ તિથિનો કોઈ દિવસ ક્ષય નથી. ત્રેતાયુગની જન્મતિથિ છે. તેમજ શ્રીપરશુરામ જયંતિ છે. આ દિવસે પુનર્વસુ નક્ષત્રમાં દિવસના આઠમા મુહૂર્તમાં જમદગ્નિની ભાર્યા રેણુકામાં ધરાતલ ઉપર ભગવાન વાસુદેવનો પરશુરામ અવતાર થયો હતો. આ ઉત્સવમાં મધ્યાહન સમયે વાસુદેવ ભગવાનની મહાપૂજા પરશુરામરૂપથી કરાવે. તે પછી ભોજન કરે. અથવા પૂજારી પોતાની શક્તિ અનુસાર ક્રોધથી પહોળા નેત્રોવાળા પરશુરામની સુવર્ણની મૂર્તિ કરાવે. બે ભુજાવાળા, હાથમાં ફરસીવાળા, જટામંડળથી શોભિત એવા પરશુરામની મંડપમાં યથો લબ્ધ ઉપચારો વડે પૂજા કરે તથા તેમની કથાનું ગાન કરાવે.

આજથી ચંદનયાત્રા શરૂ થાય છે. અખાત્રીજથી ઠાકોરજીને ચંદનના વાઘા કરવા, જે જેઠ સુદ-૧૪ સુધી જયેષ્ઠા નક્ષત્રના આગલા દિવસ સુધી ચંદનના વાઘા ધરાવવા. દરરોજ સંધ્યા આરતી પછી ચંદનના વાઘા ઠાડા કરવા (ઉતારી લેવા). પછી ઠાકોરજીને છાતીમાં અત્તર ચર્ચીને શ્વેત વસ્ત્ર ધારણ કરાવવા. શ્વેત વસ્ત્ર શીતલ છે અને ગ્રીષ્મ ઋતુમાં સુખકારી છે. શયન વખતે પીતાંબર પહેરાવેલું રાખી, ખભા પર રૂમાલ ધરાવવો. ઉનાળામાં ફૂલના વાઘા પણ ઠાકોરજીને શીતળતા અર્પે છે. ઉનાળામાં પૂજારી રમણીય દર્શન વાળા નવીન વસ્ત્રો અને વીરણના વાળાયુક્ત વીંઝણાથી દરરોજ સમય સમય પ્રમાણે પોતાના ઈષ્ટદેવ ભગવાનને વાયરો નાખે અને દરરોજ નૈવેદ્યમાં કેરીનો રસ અને સાકર અર્પણ કરે.

પુષ્ટિ સેવા રીતિમાં પણ આ દિવસોમાં ઠાકોરજીને અનેક પ્રકારની શીતલ સામગ્રી, ચંદન, અરગજા, કેસર, કસ્તુરી, બરાસ, ગુલાબ વગેરે સુગંધી, અત્તર, ફૂલેલ આદિ વસ્તુ ઠાકોરજીને અંગીકાર કરાવવાનો ઉલ્લેખ છે. ગ્રીષ્મ ઋતુમાં અધિક તાપ હોવાથી ચંદન તથા શ્વેત વસ્ત્રો ધરાવાય છે.

આ દિવસોમાં ઠાકોરજીને કપાળે પણ ચંદનની અર્ચા કરવી જોઈએ. પુષ્ટિ સેવા રીતિમાં લખે છે કે, ઠાકોરજીને રાજભોગ ધરીને ચંદન ઘસવું. ચંદનને કપડામાં બાંધી પાણી કાઢી નાખી કેસર, કસ્તુરી, બરાસ, ચોવા, ખસ, ગુલાબ અગર કેવડાનું અત્તર અને ગુલાબજળ મેળવી તેની મોટી ગોળી કરી તેને કપડાવતી ઢાંકવી. એક નાનો અને એક મોટો એમ બે માટીના કુંજા જળના ભરવા. ગુલાબજળથી ગુલાબદાની ભરીને સફેદ ઢાંકણ વડે ઢાંકવું. નાના મોટા પંખા તથા ઝાલર વાળો પંખો - આ રીતે તમામ સામગ્રી પાટ ઉપર તૈયાર રાખવી. રાજભોગ સરાવ્યા પછી પ્રભુને માળા ધરી ચંદન પંખા વગેરે બધો સાજ તેના ઠેકાણેસર ધરાવીને કીર્તન સાથે પ્રભુને ચંદન સમર્પવું. સિંહાસન આગળ બધો સાજ માંડી, જળની પરાંત ધરવી. તેમાં નાવ, ખિલોનાં અને ફૂલ તરાવવાં. સાંજે શૃંગાર વડો કરતી વખતે ચંદન વડું કરવું, પરંતુ ચરણારવિંદ પરનું ચંદન તો ઠાકોરજીને પોઢાડવાના સમયે વડુ કરવું. રાજભોગ સમયે કેસરી ચંદનની બંટી જન્માષ્ટમીના આગલા દિવસ સુધી ધરવી. શયનમાં અરગજાની સફેદ બંટી રથયાત્રા સુધી ધરવી. અક્ષયતૃતિયાથી રથયાત્રા સુધી રોજ બે વખત જળનો છંટકાવ થાય. તેમજ ખસના ટેરા (પરદા) પર જળનો છંટકાવ બે વખત કરવો. આ દિવસથી પ્રભુને રંગીન (ઘેરા) વસ્ત્ર ધરવા નહિ. સફેદ, અગરજી, ગુલાબી, ચંદની, ચંપઈ એવા રંગના વસ્ત્રો સ્નાન યાત્રા સુધી ધરવા. કુંજા અષાઢી પુનમ સુધી તથા ફુવારા રથયાત્રા સુધી આવે. અષાઢી પુનમ સુધી સુખ શૈયામાં છીંટની ગાદી ઉપર સફેદ સૂજની (છીંટની બેવડા પડ વાળી ચાદર) અને તેના ઉપર સફેદ બેવડી જગન્નાથીની મલમલની ચાદર લેવી. વલ્લભ માર્ગમાં પ્રભુ સુખનો જ વિચાર થાય છે. જેમાં પ્રભુ સુખનો વિચાર પ્રથમ આવે તેને જ સાચી સેવા કહી છે અને એ જ સેવા પ્રભુ અંગીકાર કરે છે. વૈશાખ સુદ-૯ થી પ્રભુને ઠાડા વસ્ત્ર ધરાવવા નહિ. ઠાડા વસ્ત્ર એટલે સ્વરૂપની બહારનું પીઠિકા પર ધરાવાનું વસ્ત્ર. ગ્રીષ્મઋતુમાં પ્રભુને ફૂલના, ચંદનના, છીપના, ઝીણા મોતીના શ્રૃંગાર ધરાવવા. ગુંજામાલા સફેદ ધરાવવી. વસ્ત્રોમાં હલ્કા સુતરાઉ (મલમલના), ચંદનના છાપાનાં તથા આછા રંગના ધરવા. અત્તરમાં ગુલાબ, કેવડા, ખસ અને ગુલાબજળનો ઉપયોગ કરવો. પ્રભુને ચંદન અંગીકાર કરાવવું. સાચું ચંદન પ્રભુને શીતળતા અર્પે છે.



**નૃસિંહ જયંતિ (વૈશાખ સુદ-૧૪)** : આ દિવસે સોમવારે સ્વાતિ નક્ષત્રમાં પ્રદોષ સમયે નૃસિંહ અવતાર થયો હતો. ભક્ત પ્રહલાદની નિઃસ્વાર્થ ભાવની ભક્તિની ટેકથી નૃસિંહ ભગવાન સ્તંભમાંથી, નહિ રાત કે નહિ દિવસ, પણ સંધ્યા સમયે પ્રગટ થયા અને ભક્તને ચરણ શરણ લીધો. આ નૃસિંહ જન્મોત્સવમાં નૃસિંહ નામ વડે ઠાકોરજીની પ્રતિમાનું મહાપૂજા વડે પૂજન કરે એને પૂજાના અંતે રાત્રિમાં પારણા કરે. વિઠ્ઠલેશે કરેલ વ્રતોત્સવ નિર્ણયમાં ઉપવાસ કરવાનું કહ્યું છે. આ વ્રતના પ્રભાવથી દુષ્ટલોકોને પણ પ્રભુમાં ભક્તિ જાગે છે. ઠાકોરજીની પ્રતિમાના વિકલ્પમાં પૂજારી પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણમય ભયંકર નરસિંહ દેવની મૂર્તિ કરાવે. મજબૂત કંધાઓ કટી અને ગ્રીવાવાળા તથા જેમના શરીરનો મધ્ય ભાગ પાતળો છે, કૃશ ઉદર વાળા અને સર્વ આભરણોથી ભૂષિત, જવાલા માલાઓ વડે આકુળ મુખવાળા, ચલાયમાન જીભ અને ઉગ્ર દાઢો વાળા તથા કઠોર નખો વડે હિરણ્યકશિપુના વક્ષઃ સ્થળને ચીરતા એવા તે નૃસિંહ ભગવાનને ઉત્તમ મંડપમાં પધરાવી પૂજન કરે. ખૂબ ખાજાં અને વડાંનું નૈવેદ્ય ધરે. પૂજન ઉત્સવમાં નૃસિંહ જન્મના પદો ગવરાવે.

આ દિવસે સાંજે ૪-૦૦ વાગે ઠાકોરજીની મૂર્તિમાં નૃસિંહજીનું સ્વરૂપ ધારણ કરાવી ભક્તોને નૃસિંહજીના દર્શન કરાવવા અને સંધ્યા સમયે ભગવાનને થાળ ધરાવવો અને આરતી કરવી.

**ગંગા દશહરા ઉત્સવ (જેઠ સુદ-૧૦)** : આ દિવસે મંગળવારે હસ્ત નક્ષત્રમાં સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગંગા સ્વર્ગથી પૃથ્વીમાં અવતર્યા હતા. મળમાસમાં આ તિથિ પહેલા અધિક જેઠ માસમાં જ કરવી, બીજા જેઠમાં ના કરવી.

આ દિવસે ગંગાને લક્ષ્મીમાં મહા ઉપચારોથી પૂજા કરવી. ચંદન, પુષ્પ, નૈવેદ્ય, દશ સંખ્યામાં ફળો તથા દીપો અને તાંબુલો વડે પૂજારી શ્રધ્ધાપૂર્વક પૂજા કરે. જો લક્ષ્મીજીની પ્રતિમા ન હોય તો સુવર્ણમય ગંગાજીની મૂર્તિ બનાવીને જ ગંગાજીનું મધ્યાહન સમયે પૂજન કરે. ગંગાજીની મૂર્તિ ચાર ભુજાવાળી તથા ચંદ્ર સમાન શ્વેત અને કુંભ તથા કમળને ધારી રહેલી, વરદાન અને અભયદાનને આપતી તથા શ્વેત વસ્ત્રોવાળી, શ્વેત અલંકારો વાળી અને પ્રસન્ન મુખમુદ્રા વાળી બનાવરાવે. આ ઉત્સવમાં ગંગાના અવતરણના કીર્તનો

ગવરાવે અને પૂજારી પૂજનના અંતે ભોજન કરે.

**સ્નાન યાત્રોત્સવ (જેઠ સુદ-૧૫)** : આ દિવસે જયેષ્ઠા નક્ષત્રમાં ઠાકોરજીને સ્નાનયાત્રા કરાવવામાં આવે છે. આ વેદોક્ત ઉત્સવ છે અને શંખથી સ્નાન કરાવાય છે. આ ઉત્સવમાં વૈષ્ણવરીતિમાં એવી ભાવના છે કે આ દિવસે નંદ બાબાએ કુળગુરુ ગર્ગાચાર્યજી દ્વારા શ્રીકૃષ્ણ પ્રભુને પવિત્ર નદીઓના જળ વડે સૂર્યોદય પહેલા અભિષેક કરાવીને વ્રજના રાજા તરીકે રાજ્યાભિષેક કર્યો. પ્રભુએ વ્રજ ભક્તો સાથે જળક્રીડા તથા નાવ ખેલન લીલા કરી અને આ અભિષેક જયેષ્ઠાનક્ષત્રમાં થવાથી તે જયેષ્ઠાભિષેક કહેવાયો.

જેઠ માસમાં જે દિવસે સૂર્યનારાયણના ઉદય સમયે જયેષ્ઠાનક્ષત્ર હોય તે દિવસે રમાપતિ શ્રીકૃષ્ણને અભિષેક વિધિથી સ્નાન કરાવવું. ઉજ્જવલ પાત્રમાં રહેલા નિર્મળ અને ચંદને સહિત કેસરયુક્ત જળ વડે વૈદિક અને પૌરાણિક મંત્રો વડે શંખમાં ભરેલા જળથી ભગવાનને અભિષેક કરવો. પછી રમાપતિ ભગવાનને પીળા હળદર જેવા વસ્ત્રો ધારણ કરાવે. લાલ પાઘડી ધરાવે તેમજ અનેક વિધ અલંકારો ધારણ કરાવે. દાળ, ભાત, પુરીઓ, વડા, કઢી તથા સમય અનુસાર પ્રાપ્ત થયેલા શાકો નૈવેદ્યમાં સમર્પિત કરે. આ સ્નાનયાત્રોત્સવમાં ઠાકોરજીને બપોરના સમયે જળયાત્રા કરાવવી. ભગવાનના જળક્રીડાના પદો ગવરાવે અને પુજારી પૂજનના અંતે ભોજન કરે.

આપણા મંદિરોમાં આ દિવસે ખૂબ ધામધૂમથી વહેલી સવારે ઠાકોરજીને કેસરયુક્ત જળથી સ્નાન કરાવવાનો ઉત્સવ કરવામાં આવે છે તથા બપોરે જળયાત્રાના દર્શન કરાવવામાં આવે છે.

**રથયાત્રા (અષાઢ સુદ-૨)** : આ ઉત્સવ સામાન્ય રીતે અષાઢ સુદ-૨ ના દિવસે મનાવાય છે. પરંતુ આ ઉત્સવમાં તિથિની સાથે નક્ષત્ર પણ જોવાય છે. અષાઢ સુદ-૨ ના રોજ પુષ્પ નક્ષત્ર જોઈને શ્રી ઠાકોરજીને રથમાં પધરાવવામાં આવે છે. રથયાત્રાનો ઉત્સવ શ્રી જગન્નાથરાયના રથમાંથી રચાયો છે. શ્રી જગન્નાથજી રથમાં બિરાજીને જનકપુર (પ્રાકટ્ય સ્થળ) પધારે છે. શ્રી જગદીશનો રથ સોળ પૈડાનો. શ્રી બલદેવજીનો રથ બાર પૈડાનો અને શ્રી સુભદ્રાજીનો રથ આઠ પૈડાનો છે. આ ઉત્સવ શ્રી જગન્નાથપુરીમાં અતિ પ્રાચીન સમયથી ઉજવવામાં આવે છે.



આ દિવસે ઠાકોરજીને લીલા વાઘા ધરાવવા અને આયુધ ધરાવવા અને રાજભોગ આરતી વખતે ભગવાનને રથમાં બેસાડવા અને ચાર આરતી કરવી. ભગવાનને પ્રસાદમાં મગ, ચણા, દાડમ, જાંબુ તથા તોતા કેરી ધરાવવી.

શ્રીહરિ કહે છે, અષાઢ માસના શુક્લ પક્ષની બીજના દિવસે જ્યારે સૂર્યોદય સમયે પુષ્પનક્ષત્ર હોય તે દિવસે ભગવાન શ્રીકૃષ્ણની આગળ અશ્વ સહિત સુઅલંકૃત રથ ઉત્તરાભિમુખ સ્થાપન કરવો. લક્ષ્મીપતિ ભગવાનને પીળાં અને રાતા વસ્ત્રો ધારણ કરાવે અને માપસર કેટલાક અલંકારો ધરાવે તથા સુવર્ણરચિત આયુધો ધારણ કરાવે. નૈવેદ્યમાં દહીં, ભાત, સાકર અને ગોળના લાડુ અર્પણ કરે. ત્યાર પછી આરતી ઉતારી બાલકૃષ્ણને રથમાં સ્થાપન કરે. અને રાજભોગ સમયે આરતી કરી તે બાલકૃષ્ણને રથમાંથી ઉતારે. ભગવાનની રથયાત્રાના પદો ગવરાવે. પૂજનના અંતે ભોજન કરવું.

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ સામેરી મલાર રાગના રથયાત્રાના સુંદર પદ બનાવ્યા છે.

**ગુરૂ પૂર્ણિમા (અષાઢ સુદ-૧૫)** : ગુરૂ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. આજે વ્યાસ ભગવાનનું પૂજન થાય છે. વ્યાસજી જ્ઞાનમાર્ગના આચાર્ય છે. શ્રીહરિ કહેતા કે, ''વ્યાસજીનું વચન હોય તો અમને મનાય.'' શ્રીહરિ તો સર્વાવતારી છે. શ્રીહરિએ પોતાની જગ્યાએ ધર્મવંશી આચાર્યશ્રીની પરંપરા સ્થાપી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગી-ગૃહી તમામના ગુરુ સ્થાને ધર્મવંશી આચાર્યશ્રી છે. તેઓ શ્રીજી મહારાજનું જ અપર સ્વરૂપ છે. તેથી આ દિવસે અમદાવાદ અને વડતાલ એમ બન્ને દેશના સત્સંગીઓએ પોતપોતાના દેશના ધર્મવંશી આચાર્યશ્રીને પ્રત્યક્ષ સ્વરૂપે પૂજવા. પ્રત્યક્ષ સ્વરૂપનો સંયોગ ન હોય તો, શ્રીહરિએ કહેલું જ છે કે,

અમે એમાં એ છે અમ માંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે ॥
એથી અમે અળગા ન રૈયે રે, એમાં રહીને દર્શન દૈયે રે ॥

એ પંક્તિ મુજબ મંદિરમાં ઠાકોરજીના સ્વરૂપમાં આચાર્યશ્રીની ભાવના કરીને ઠાકોરજીને પૂજવા અથવા આચાર્યશ્રીની પ્રતિમાનું પૂજન કરવું. ઠાકોરજીની મૂર્તિમાં વ્યાસજીની ભાવના પણ કરી શકાય છે. ઠાકોરજી

સમસ્ત જગતના ગુરૂ છે. ગુરૂના અનુગ્રહથી જ મોક્ષ સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે. સંપ્રદાયના બંધારણ પ્રમાણે બહેનોએ આચાર્યશ્રીના પત્ની, જેઓ પ.પૂ. ગાદીવાળાશ્રી તરીકે ઓળખાય છે, તેઓનું રાધિકાજી, લક્ષ્મીજીના ભાવથી પૂજન કરવું. સામાન્યતઃ અમદાવાદ અને વડતાલ એ બન્ને પીઠ સ્થાનના મંદિરોના સભામંડપમાં જે તે દેશના આચાર્યશ્રીના સાનિધ્યમાં ગુરૂ પૂર્ણિમાની ઉત્સવ સભાનું આ દિવસે આયોજન થાય છે. સંતો-હરિભક્તોએ આ સભામાં અચૂક ભાગ લેવો.

**હિંડોળા ઉત્સવ** : અષાઢ માસમાં પ્રતિપદા અથવા બીજના રોજ વૃષભ રાશિવાળા બાલમુકુંદ ભગવાનનું ચંદ્રબલ જે દિવસ હોય તે દિવસે શણગારેલો હિંડોળો સ્થાપીને સાયંકાળે તેમાં બાલકૃષ્ણને પધરાવીને તેમાં તેમની આરતી કરે. પૂજારી પ્રતિદિન આ પ્રકારે સંસ્થાપીને બે ઘડી પર્યંત ઝૂલાવીને પછી ઉતારે. શ્રાવણ વદ-૩ ના દિવસે આ પ્રકારે ઝુલાવીને અંતે આરતી ઉતારીને ઉત્સવના અંતે સમાપ્તિ કરે. દરરોજ હિંડોળામાં ઝુલાવવાના પદો ગાવા. આ પ્રમાણે એક મહિનાનો આ દોલોત્સવ કહેવાય છે.

આપણા મંદિરોમાં શ્રાવણ વદ-૨ ના દિવસે ભગવાનને હિંડોળેથી રાજભોગ આરતી કરીને ઉતારે છે. વસંત ડોલ અને વિડોર (હિંડોળા) એ એવી ઋતુમાં આવે છે કે સૃષ્ટિ સૌંદર્ય, તે વખતે પૂર બહારમાં ખીલેલું હોય છે. તે ઋતુમાં હદયોન્મત બની સ્વભાવિક જ પ્રભુ પ્રત્યેનો પ્રેમ હિંડોળ ચડે છે ને કળા શું ચીજ છે તે અવનવા કલાત્મક હિંડોળાનું દર્શન જે ભક્તોએ કર્યું હોય તે ભક્તો જ કળાને સમજી શકે છે. ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય તેવી ઋતુમાં આપણા મંદિરોમાં અવનવા કલાત્મક હિંડોળામાં ઝુલતા ઠાકોરજીનું દર્શન કરવું એ એક અલૌકિક દિવ્ય સુખ હોવાથી આ મહિનામાં આપણા મંદિરોમાં ભક્તોની ખૂબજ ભીડ જોવા મળે છે. આમ હિંડોળા ઉત્સવનો એક અનેરો મહિમા હોવાથી ભક્તજનો પણ વિવિધ હિંડોળાના યજમાન બનીને ધન્ય ભાગી બને છે.

**વરાહોત્સવ (શ્રાવણ સુદ-૪)** : આ દિવસે મંગળવારે મધ્યાહ્ન સમયે બ્રહ્માની નાસિકામાંથી વરાહ નામના ભગવાન પ્રગટ થયા હતા. તે ચતુર્થીમાં પૂજારી વરાહ નામના વાસુદેવ ભગવાનની પૂજા કરે. આ વરાહોત્સવમાં રમાપતિ ભગવાન શ્રીકૃષ્ણને કસુંબી વસ્ત્રો ધારણ કરાવે.



નૈવેદ્યમાં દૂધપાક, વડા વિશેષપણે અર્પણ કરવા. આ ઉત્સવમાં વરાહ જન્મના પદો ગવરાવે અને મહાપૂજા કરે તથા પૂજનને અંતે ભોજન કરે. અથવા તો દરેક ઉત્સવમાં વર્ણન કર્યું છે તે મૂજબ પૂજારી સુવર્ણમય વરાહની પ્રતિમા કરાવીને મધ્યાહ્ને તે પ્રતિમાની પૂજા કરે.

**પવિત્રા ધારણોત્સવ (શ્રાવણ સુદ-૧૧-૧૨)** : સં. ૧૫૪૯ માં આ દિવસે શ્રી ઠાકોરજીએ મધ્યરાત્રિએ યમુના નદીના ગોવિંદઘાટ ઉપર પ્રકટ થઈ શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યજીને દર્શન આપી દૈવી જીવનો બ્રહ્મ સંબંધ કરાવી મોક્ષના માર્ગે વાળવાની આજ્ઞા કરી હતી. તે સમયે શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ઠાકોરજીને સુતરના પવિત્રા ધરાવી, મિશ્રી ભોગ ધરીને મધુરાષ્ટકથી સ્તુતિ કરી હતી.

શ્રીહરિ કહે છે, આ દિવસે પોતાના વ્રતની એકાદશી અથવા દ્વાદશીના રોજ પ્રતિમારૂપે રહેલા ભગવાનને પવિત્રા સમર્પણ કરે. તે પવિત્રુ સુવર્ણના તારથી કરેલું અથવા ચાંદીના તારથી કરેલું અથવા અતસાસૂત્રથી બનેલું હોય કે રેશમના તારથી બનાવેલ હોય અથવા બ્રાહ્મણની સ્ત્રીએ કાંતેલ રૂના સુતર વડે બનાવેલાં હોય તે શુભ કહેલા છે. જો પવિત્રા મધ્ય ત્રણસો સાઠ તંતુઓ વડે બનાવેલું હોય તો તે પવિત્રું ઉત્તમ માનેલું છે. (વરસના તિથિ પ્રમાણે ૩૬૦ દિવસ છે. માટે પ્રભુજી ૩૬૦ દિવસની સેવા જીવની માની લે છે.) ૨૭૦ તંતુઓ વડે બનાવેલું પવિત્રું મધ્યમ માન્યું છે. અને ૧૮૦ તારથી બનાવેલું પવિત્રું કનિષ્ઠ કહેલું છે. અને સાધારણ પવિત્રા ત્રણ ત્રણ સૂત્રો વડે પૂજારી બનાવે છે. ૧૦૦ ગાંઠવાળું મનોહર પવિત્રું ઉત્તમ માનેલું છે. ૫૦ ગાંઠો વાળુ પવિત્રું મધ્યમ કહેવાય તથા ૩૬ ગાંઠવાળું પવિત્રું તો કનિષ્ઠ જાણવું. પ્રતિમાની નાભિ સુધી લાંબુ પવિત્રું કનિષ્ઠ જાણવું અને સાથળ પર્યંત લાબું મધ્યમ જાણવું તથા ગોઠણ પર્યંત લાંબુ પવિત્રું શ્રેષ્ઠ કહેવાય છે. આ દિવસે હરિભક્તોએ પવિત્રા એકાદશીના કીર્તનના પદ ગાવા. સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ માલીગાડો રાગમાં આ ઉત્સવના પદ બનાવ્યા છે.

**રક્ષાબંધન (શ્રાવણ સુદ-૧૫)** : આ દિવસે પ્રભુને હસ્ત પર રાખડી ધરાવવી. બહેન ભાઈને રાખડી બાંધે તેમ સુભદ્રાજી શ્રી ઠાકોરજીને રાખડી બાંધે છે. તેથી ઉત્સવ મનાય છે. શ્રવણ નક્ષત્રમાં રક્ષા બાંધવામાં આવે છે. રાધિકાજી કે લક્ષ્મીજીને પણ રાખડી બાંધવી.

શ્રાવણ માસની કૃષ્ણ પક્ષની અષ્ટમીની રોજ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામીના પ્રાદુર્ભાવનો ઉત્સવ પણ શ્રીહરિએ કરવાનો કહ્યો છે.

શ્રીહરિ કહે છે, આ પ્રમાણે દર વરસે થનારા ભગવાનના ઉત્સવો ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા મનુષ્યોએ અવશ્ય કરવા. આ ઉત્સવોમાં તે તે સમયે અલંકારો, વસ્ત્રો અને નૈવેદ્ય વગેરેનો જુદો જુદો ભેદ કહ્યો છે. તે તો સંપત્તિ અનુસાર જાણવો. જેને દેશ-કાળ વગેરેની અનુકૂળતા ના હોય, તે પુરુષ તો પોતાની શક્તિ અનુસારે અલંકારાદિ અર્પણ કરે. વિત્તની સંપત્તિ હોય તો પૂજક શ્રી વિષ્ણુની પ્રસન્નતા માટે આ કહેલા વિષ્ણુના ઉત્સવોમાં વ્યયની બીકથી ધન ન વાપરવું એમ ક્યારેય ન કરે. તે જ રીતે ભગવાન સંબંધી ઉત્સવ માટે દેવું પણ ક્યારેય ન કરે. કેમ કે, ભક્તિ ભાવ પૂર્વક અર્પણ કરેલા તુલસીપત્રથી પણ ભગવાન પ્રસન્ન થાય છે. જે પુરુષની પાસે અચલ કે ચલ ભગવાનની મૂર્તિ હોય તે પુરુષ કહેલા ધર્મોનું સમાચરણ કરતો થકો પોતાની શક્તિ અનુસારે તેની પૂજા કરે. વિષ્ણુના ઉત્સવોમાં જે પૂજા કહેલી છે તે પૂજામાં મંત્રો તો પોતાના અધિકારને અનુસાર જાણવા. ત્રણ વર્ણના દ્વિજાતિ જનોએ શ્રી લક્ષ્મીપતિની પૂજા વૈદિક અને પૌરાણિક મંત્રો વડે કરવી. શૂદ્ર વર્ણો અને સ્ત્રીઓએ ભગવાનન્નામરૂપ મંત્રો વડે પૂજા કરવી. અહિંસા બ્રહ્મચર્યાદિક વ્રતના અંગભૂત નિયમો સર્વ વ્રતોમાં અને ઉત્સવોમાં પ્રયત્ન પૂર્વક પાલન કરવા. આ પ્રમાણે વ્રતો અને ઉત્સવો કરનાર વૈષ્ણવજનો રમાપતિ ભગવાન શ્રીહરિને અતિ પ્રિય થાય છે તેમજ પરમ ધામને પામે છે.

દર સુદ તથા વદ એકાદશીના દિવસે ઠાકોરજીને સોનેરી વસ્ત્રો અને મુગટ ધરાવવા. દર સુદ તથા વદ બારશના દિવસે કલગી વગરના મુગટ ધરાવવા. દર સુદ તથા વદ ચૌદશના દિવસે ગોપવેશ ધરાવવા. દર પૂનમના દિવસે સફેદ વસ્ત્રો ધરાવવા તથા મુગટ ધરાવવા. આસો વદ-૩૦ (દિવાળી) સિવાય દર અમાસના દિવસે આયુધ ધરાવવા.

જે તે મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ હોય તે દિવસે ઠાકોરજીનું ષોડશોપચાર વડે પૂજન તથા વેદ વિધિસર રીતે મહાઅભિષેક કરી છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવે છે. તથા પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ, મહાવિષ્ણુયાગ તેમજ મહાપૂજાનું પણ અવારનવાર આયોજન થાય છે.



**ગ્રહણ સંબંધી રીતિ** : જ્યારે ગ્રહણનો વેધ થાય ત્યારે તે સમય દરમિયાન ઠાકોરજીના થાળનો તથા આરતીનો સમય થયો હોય તો થાળ તથા આરતી કરવું. તે થાળની કોરી પ્રસાદી પૂજારી કે ભક્ત જમી શકે, પરંતુ શાક, દાળ, રોટલી, ભાત વગેરે જળમાં બનાવેલી પ્રસાદી ગાયને ખવડાવી દેવી. પરંતુ પૂજારી જમે નહિ. ગ્રહણ સ્પર્શ થાય તે પહેલા પૂજારી ઠાકોરજીના વસ્ત્ર-અલંકારો ઉતારીને શ્વેત વસ્ત્રો જે ધોઈ શકાય તેવા વસ્ત્રો હોય તે ધારણ કરાવે. ગ્રહણ સ્પર્શ થયા બાદ પૂજારી વસ્ત્ર સહિત સ્નાન કરી પવિત્ર થઈને ઠાકોરજીના વસ્ત્રો તથા જનોઈ ઉતારીને પોતે ફરી સ્નાન કરે તથા નવી જનોઈ ધારણકરે, પછી ઠાકોરજીને સ્નાન કરાવે. સમયના અભાવમાં ભીના વસ્ત્રથી સારી રીતે માર્જન કરે. પછી ઠાકોરજીને નવા વસ્ત્રો તથા અલંકારો ધારણ કરાવે. ગ્રહણ દરમિયાન સેવા રીતિમાં આટલો વિશેષ જાણવો.

શાસ્ત્રોમાં ઠાકોરજીની ચલ અને અચલ બે પ્રકારની મૂર્તિઓ કહી છે. ચલમૂર્તિ ઉત્સવની મૂર્તિ તરીકે નાની મૂર્તિ હોય છે. જે એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવી શકાય છે. અચલ મૂર્તિમાં પ્રતિષ્ઠા થયા બાદ તે ફેરવી શકાતી નથી. સિંહાસનમાં સ્થિર રહીને જ તે આપણું દર્શન તથા સેવા-પૂજા અંગીકાર કરે છે. મોટા મંદિરોમાં પૂજારી ચલ સ્વરૂપને ઠાકોરજીની જે અચલ સ્વરૂપની મોટી મૂર્તિ હોય છે તેની બાજુમાં જ સિંહાસન પર પધરાવીને નિત્ય સેવા પૂજા કરે છે. ઉત્સવોમાં વિશેષ મહાપૂજાની રીતથી પૂજનમાં તથા હિંડોળે ઝુલાવવામાં તેમજ રથયાત્રામાં અને જળ યાત્રા-નૌકા વિહારમાં ભગવાનનું ચલ સ્વરૂપ પધરાવીને તેનું પૂજન કરવામાં આવે છે. કાષ્ઠમાંથી બનેલી મોટી અચલ મૂર્તિ હોય તો પંચામૃત, જળ વગેરેથી કાષ્ઠને કંઈ વિપરીત અસર ન થાય તે હેતુથી પાટોત્સવ વગેરેમાં ઠાકોરજીને મહાભિષેક સ્નાન વગેરે અચલ મૂર્તિની સમક્ષ ઠાકોરજીની નાની ચલ મૂર્તિ રાખીને તે મૂર્તિમાં સંપૂર્ણ પૂજન-અભિષેક કરવામાં આવે છે. તે સમયે ઠાકોરજી ચલ સ્વરૂપમાં રહીને સેવા અંગીકાર કરે છે. વસ્ત્ર, અલંકાર તથા નૈવેદ્ય બન્ને સ્વરૂપોને ધરાવવામાં આવે છે. શ્રીહરિએ ઉત્સવોમાં બાલકૃષ્ણ કહ્યા છે તે માટે આપણે હરિકૃષ્ણનું નાનું ચલ સ્વરૂપ અર્થાત્, ઉત્સવ માટેનું ઠાકોરજીનું ચલ સ્વરૂપ જાણીએ તથા 'કૃષ્ણ' શબ્દથી ઠાકોરજી જાણીએ જેમાં ઠાકોરજીના વિવિધ નામથી અચલ સ્વરૂપો હોય શકે. ઉદ્ધવ સંપ્રદાયનો ગૃહસ્થ આશ્રિત સમય સમયે જૂદા જુદા

ઉત્સવોમાં યજમાનપદે રહીને ઠાકોરજીની સેવાનો લાભ લઈ શકે છે. અર્થાત્ દરેક ઉત્સવોમાં સમય સંજોગો અનુસાર મોટા મંદિરોમાં ઠાકોરજીનું દર્શન કરીને ઉત્સવમાં યથાશક્તિ સેવા કરી શ્રીહરિને રાજી કરીએ. સત્સંગિજીવન ગ્રંથના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ કહેલા દરેક ઉત્સવો અત્રે લખ્યા છે. તે પૈકી દરેક મોટા મંદિરોમાં જે પરંપરા હોય તે મુજબ તેટલા ઉત્સવો કરવા શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવો કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ, તેમને નાના પ્રકારના દાન દેવા. મહાપૂજા કે ઉત્સવ સેવામાં યજમાન થયા હોઈએ, તો સેવા-પૂજામાં બેસવાનો ટાઈમ કાઢવો, પરંતુ ફક્ત દ્રવ્ય આપીને સંતોષ ન માનવો.

## હરિ મંદિરમાં ઠાકોરજીની સેવા રીતિ :

શિખરબધ્ધ મંદિરની આવશ્યકતા ન હોય તેવા વિસ્તારમાં કે ગામમાં હરિભક્તો નિત્ય દેવ દર્શન કરી શકે તથા સત્સંગ કરી શકે તેવા હેતુથી પ.પૂ. ધર્મવંશી આચાર્યશ્રી હરિ મંદિરમાં પટમૂર્તિ (ચિત્ર પ્રતિમા)માં શ્રી ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા કરી આપે છે. આવા મંદિરમાં ધાતુ, પાષાણ કે કાષ્ઠની મૂર્તિ હોતી નથી. હરિ મંદિરમાં પૂજારી તરીકે ત્યાગી સાધુની જરૂર હોતી નથી. જો સાધુ મંદિરમાં રહેતા હોય તો તેઓ સેવા-પૂજા કરે. જો સાધુ ન હોય તો સ્થાનિક હરિભક્તોનો સમુદાય નક્કી કરીને જે બ્રાહ્મણ અથવા દ્વિજ જાતિમાંથી જે હરિભક્તને સેવા-પૂજા કરવાનું સોંપે તે હરિભક્ત ઠાકોરજીની સેવા-પૂજા કરે. પૂજારી હરિભક્ત ઠાકોરજી પ્રત્યે ખૂબ પ્રેમ વાળા અને સેવા-પૂજામાં રૂચિ તથા ઉમંગવાળા હોવા જોઈએ.

વહેલી સવારે પૂજારી નાહી-ધોઈ પવિત્ર થઈને ઘંટાનો મધુર અવાજ કરીને ઠાકોરજીને જગાડે. મલમલના મુલાયમ વસ્ત્રથી ઠાકોરજીને માર્જન કરે. મગસના લાડુ અથવા મોહનથાળ વગેરે કોરી મીઠાઈ, દૂધ તથા જળ ધરાવે. તેવી સાનુકૂળતા ન હોય તો ફક્ત દૂધ તથા સાકર ધરાવે. પછી ઠાકોરજીની આરતી કરે. ત્યારબાદ સવારમાં નિયત સમયે શણગાર તરીકે ઠાકોરજીને સુગંધી પુષ્પના હાર પહેરાવે. બપોરે થાળનો સમય થાય એટલે



પૂજારી ટેરો લાવી ઠાકોરજીને થાળ તથા જળ ધરાવે. બપોરના સમયની આપણી રીત પ્રમાણે જે કંઈ રસોઈ મંદિરમાં બનાવી હોય તે ઠાકોરજીને ધરાવે. બપોરના ૧૨ વાગે ઠાકોરજીને જળ ધરાવીને ટેરો લાવી વિશ્રામ કરાવે.

બપોર પછી સાડા ત્રણ-ચાર વાગે ઘંટા વગાડી ટેરો ખોલીને ઉત્થાપન કરે. ઉત્થાપન સમયે ઋતુ ઋતુના પ્રાપ્ય તાજા ફળો ધોઈ સમારીને ઠાકોરજીને નિવેદન કરે. તથા પ્રસાદી ભક્તોમાં વહેંચે. શિખરબધ્ધ મંદિર હોય કે હરિ મંદિર હોય પરંતુ મંદિરને ઠાકોરજીનું ઘર માનીને હરિભક્તો સવાર-સાંજ મંદિરમાં કચરો વાળીને તથા સવારમાં પોતા કરીને સ્વચ્છ રાખે. હરિભક્તો સેવાનો મહિમા સમજે છે. તેથી જ આપણા મંદિરો ખૂબ જ ચોખ્ખા હોય છે.

સંધ્યા સમયે પૂજારી ઠાકોરજીની સંધ્યા આરતી કરે. સાંજના મંદિરમાં રસોઈ બનતી હોય તો ઠાકોરજીને સાંજનો થાળ ધરાવે અગર સાનુકૂળતા ન હોય તો મગસના લાડુ વગેરે કોરો થાળ તથા દૂધ અને સાકર ધરાવે. કંઈ ન ધરાવે તો સાકર તથા જળ તો અવશ્ય ધરાવવું. ઠાકોરજીને પાઢોડતી વખતે પણ જળ અવશ્ય ધરાવવું. ઠંડી-ગરમી વગેરે ઋતુ પ્રમાણે ઠાકોરજીને ઘટ્ટ કે આછા પડદા રાખવા. તેમજ ઠંડીમાં ગોદડી કે રજાઈ ઓઢાડીને પછી પડદા લાવવા. શયન પહેલા ફૂલના હાર લઈ લેવા. ભજન-ભક્તિ, કથાવાર્તા, ધૂન્ય - કીર્તન તથા નિયમ-ચેષ્ટા કરવામાં હરિભક્તોએ યથા સમય અવશ્ય હાજરી આપવી. શિખર બધ્ધ કે હરિમંદિર બન્ને પ્રકારના મંદિરોમાં ભજન-ભક્તિના નિયમો સરખા જ હોય છે. ઠાકોરજી તો પ્રત્યક્ષ જ છે પરંતુ સ્વરૂપ પ્રમાણે સેવા રીતિમાં થોડો ફેર છે.

ગ્રહણ સમયે ઠાકોરજીને પડદો લાવીને હરિભક્તો, ઠાકોરજીથી દૂર બેસી ને ધૂન-કીર્તન કરે. ગ્રહણ મૂકાઈ રહ્યા બાદ પૂજારી વસ્ત્ર સહિત સ્નાન કરી પવિત્ર થઈ ઠાકોરજીનો પડદો ખોલે તથા મૂર્તિને પ્રથમ ભીના પછી કોરા વસ્ત્રથી માર્જન કરે. હરિ જયંતિ તથા જન્માષ્ટમી જેવા મોટા ધાર્મિક ઉત્સવો ધામધૂમથી ઉજવે. આ દિવસે શ્રીહરિની ચલ સ્વરૂપની ચિત્ર પ્રતિમામાં આવાહન કરી પારણામાં પધરાવે. પંજરી ધરાવી ધામધૂમથી આરતી ઉતારે. નિયત દિવસે આરતી કરી પારણેથી ઉતારીને વિસર્જન કરે. રામનવમીના દિવસે બપોરે ૧૨ વાગે પંજરી ધરાવીને અચલ સ્વરૂપની આરતી કરવી.

વામન દ્વાદશી તથા નૃસિંહ જયંતિના દિવસે તે તે સ્વરૂપના પ્રાકટ્ય સમયે શ્રીહરિના અચલ સ્વરૂપમાં જ તે સ્વરૂપોની ભાવના કરીને સાકર ધરાવીને આરતી ઉતારવી. પંજરી તથા સાકર વગેરેની પ્રસાદી હરિભક્તોમાં વહેંચવી. નવુ વર્ષ તથા પાટોત્સવના દિવસે ઠાકોરજીને યથા શક્તિ અન્નકૂટ ધરાવવો.

બહેનોના અલાયદા હરિમંદિરોમાં શ્રીહરિની પટ મૂર્તિની સેવા-પૂજા ગૃહસ્થ (કર્મયોગી) બહેનો કરે છે. અને જો સાંખ્યયોગી બહેનોને હરિમંદિરમાં રહેવાની સગવડતા હોય અને ત્યાં રહેતા હોય અથવા જ્યારે બહેનોને સત્સંગ કરાવવા પધાર્યા હોય ત્યારે તો સાંખ્યયોગી બહેનો ઠાકોરજીની સેવા-પૂજા કરે છે. બહેનોના મંદિરમાં પણ ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા તો ધર્મવંશી આચાર્યશ્રી જ કરે છે.

હરિ મંદિરમાં પણ પૂજારીશ્રીએ જ્યારે ઠાકોરજીની સેવા કરવાની હોય ત્યારે નાહી-ધોઈને પવિત્ર રહેવાનો તથા આંતર શૌચ રાખવાનો નિયમ પણ અવશ્ય રાખવો. **નોકરી-ધંધાના સ્થળેથી કે ખેતરથી સાંજના આવીને સ્નાન કર્યા વિના, ધોયેલા વસ્ત્રો પહેર્યા વિના ગૃહસ્થ પૂજારી જો સીધા જ ઠાકોરજીની સેવામાં લાગી જાય, ઠાકોરજીને સ્પર્શ કરે તો અપરાધ થાય છે.** તેથી પૂજારીએ સ્નાન કરવામાં આળસ કરવી નહિ.

ઘણા હરિમંદિરોમાં સત્સંગને ઘસારો પહોંચવાથી સ્થાનિક હરિભક્તો ભેગા થઈને હરિ કથાની સાથે સાથે ગ્રામ્ય વાર્તા પણ કરતા હોય છે. ઘણા ગામડાના હરિમંદિરોમાં ખેડૂત હરિભક્તો ખેતી વગેરે પોતાના વ્યવસાય સબંધી વાતો કરતા જોવા મળે છે, જે પણ ગ્રામ્યવાર્તા જ કહેવાય ! શિખરબધ્ધ મંદિર હોય કે હરિમંદિર, પરંતુ મંદિરમાં ગ્રામ્ય વાર્તા કે વ્યવહાર સબંધી કે રાજકારણ સબંધી વાતો ક્યારેય પણ ન કરવી. કોઈ મહત્વની વાત હોય તો ઠાકોરજીથી દૂર જઈને ધીમેથી ટૂંકમાં વાત કરવી અગર મંદિરની બહાર જઈને વાત કરીએ એજ ઉત્તમ છે. હાલના મોબાઈલ યુગમાં અવશ્ય કામકાજ પ્રસંગે કોઈની સાથે મોબાઈલ પર વાત કરવી પડે તો ઠાકોરજી તથા પ.પૂ. મહારાજશ્રીથી દૂર જઈને અથવા સભામાં હોઈએ તો સભામાંથી બહાર નીકળીને પછી જ વાત કરવી. કારણ કે મંદિરમાં ઠાકોરજી આપણું ભજન-ભક્તિ તથા સેવા અંગીકાર કરીને આપણું કલ્યાણ કરવા બિરાજમાન થયા છે. મંદિરને ગામ-ગપાટા મારવાનો ચોરો બનાવીએ તો દેવ રાજી



થવાને બદલે કુરાજી થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોટા ભાગે હરિભક્તો દેવની મર્યાદા સમજે છે, તેથી દેવની મર્યાદા મહદ અંશે જળવાય છે. પરંતુ આજે પણ ગામડાઓમાં રામજી મંદિરમાં જેનું નામ જ 'ચોરો' હોય છે, તે ચોરામાં ગામ લોકો ભેગા થઈને ગામ ગપાટા મારતા જોવામાંઆવે છે. ઠાકોરજીને પીઠ આપીને મોઢું બજાર તરફ રહે એ રીતે બેઠા હોય છે. છાપું વંચાતુ હોય છે. ચોરે આવીને ઠાકોરજીનું પ્રથમ દર્શન પણ ન કરે અને સીધા જ ગામ કથા (મલકની પંચાત)માં જોડાઈ જાય !

ઠાકોરજીની સેવા રીતિમાં હરિભક્તોએ દેવ સમક્ષ રાખવાની મર્યાદા પણ આવી જાય છે. ભક્તોએ ભગવાનની મૂર્તિ સામે પીઠ કરી બેસવું નહિ. દર્શન કરતી વખતે હાથમાં લાકડી કે છત્રી જેવા સાધન ન રાખવા. મૂર્તિ સામે ફૂલનો હાર ધારણ કરીને જવું નહિ. મળ ત્યાગ કરી કપડાં બદલ્યા સિવાય મંદિરમાં પ્રવેશ કરાય નહિ. બેસણામાં જઈ આવ્યા પછી સ્નાન કરી ભગવાનના દર્શને જવું. પગમાં ચંપલ જેવા મોજા પહેરીને નિજ મંદિરમાં જવાથી દેવનો અપરાધ થાય છે. ભગવાનની મૂર્તિ સામે પગ પર પગ ચઢાવીને કે ઢીંચણ બાંધીને બેસવું નહિ. અદબથી બેસવું. ભગવાનના દર્શન કરતી વખતે પાન ન ખાવું. જોરથી હસવું નહિ. ક્રોધ કે કુચેષ્ઠા ન કરવી, સ્ત્રીઓ સાથે વાતચીત કે સ્પર્શ ન કરવો. ભગવાન પોઢ્યા હોય કે થાળ જમતા હોય ત્યારે પ્રદક્ષિણા કરવી નહિ. ઠાલે હાથે દર્શન ન કરવું. ફળ, ફૂલ, મીઠાઈ કે ધન અર્પણ કરવું. ધન દાન પેટીમાં મુકવું પણ છૂટા ઘા કરી દેવ સમક્ષ ફેંકવું નહિ. દેવ મંદિરમાં માથા પરની ટોપી, પાઘડી, હેટ કે સાફો હાથમાં લઈ દર્શન કરવા. દર્શન કરતી વખતે અન્ય હરિભક્તોને અડચણ રૂપ બની ધક્કામુકી કરીએ તેનાથી દેવ કુરાજી થાય છે. માટે શક્ય તેટલી શિસ્ત રાખીને દર્શન કરવા.

"પરમેશ્વરે પોતાની આજ્ઞા કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને બિરાજમાન રહે છે. તે મૂર્તિને ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખવી જોઈએ. તેમજ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહે છે. તે સંતની પણ મર્યાદા રાખવી જોઈએ. જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો

તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'' (વ.ગ.પ્ર. ૬૮)

અખંડ પૂજા કરનાર પૂજારીએ પ્રત્યક્ષ દેવ બિરાજમાન છે તેવો ભાવ રાખી પૂજા કરવી જોઈએ. શ્રીહરિની આજ્ઞાથી પોતાની ગાદી ઉપર વિરાજતા પોતાના પુત્રો - ધર્મવંશી આચાર્યશ્રીએ સ્થાપિત પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓ કે (પુત્રો - ધર્મવંશી) પૂજવા માટે આપેલ ચિત્ર પ્રતિમાઓમાં પ્રત્યક્ષ દેવ બિરાજે છે, એવો ભાવ રહે ત્યારે દેવની મર્યાદા રાખી શકાય. દેવની મર્યાદા લખવાનો હેતુ એ છે કે સત્સંગી માત્રએ **દેવની દરેક પ્રકારની સેવા કરવી, પરંતુ કુસેવા તો ક્યારેય ન જ કરવી.**

## ઘર મંદિરમાં ઠાકોરજીની સેવા રીતિ :

જે ગૃહસ્થના ઘરમાં ઠાકોરજીનું સિંહાસન ન હોય તે ઘરને શાસ્ત્રોમાં સ્મશાન તુલ્ય કહ્યું છે. હરિભક્તોનું ઘર તો સિંહાસન વિનાનું હોતુ જ નથી. ઠાકોરજીને ઘરે પધરાવવા માટેનું સિહાસન આરસ અથલા લાકડામાંથી, આપણા મંદિરોમાં સિંહાસનની જે ડિઝાઈન તથા આકાર હોય છે તે ડિઝાઈન - આકારનું આઠ થાંભલી વાળુ તથા આગળ અને સાઈડની બન્ને બાજુ ખુલ્લુ - એમ ત્રણ બાજુ ખુલ્લું બનાવવું. સિંહાસનની સાઈઝ પ્રમાણે પોતાને દર્શન કરતા આનંદ આવે તેવું નયનરમ્ય મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય માન્ય ઈષ્ટદેવ શ્રીહરિની મૂર્તિનું એક જ સ્વરૂપ કે શ્રીહરિએ સ્થાપન કરેલ શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપની પ્રતિમા સિંહાસનમાં પધરાવવી - ફીટ કરાવવી. શ્રીહરિના આ સ્વરૂપને પ્રથમ મંદિરમાં ઠાકોરજી સમક્ષ પ્રસાદીનું કરાવી, પછી શિક્ષાપત્રી શ્લોક નં. ૬૨ મુજબ ધર્મવંશી આચાર્યશ્રી પાસે પ્રસાદીનું કરાવવું. બહારગામ કે દૂરના દેશમાં રહેતા હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીનો યોગ ન હોય તો મંદિરમાં બિરાજમાન ઠાકોરજી પાસે પ્રસાદીનું કરાવીને સેવા શરૂ કરી દેવી. પ.પૂ. મહારાજશ્રીનું સત્સંગ વિચરણ અવિરત ચાલુ હોય છે. પોતાના ઘેર પ.પૂ. મહારાજશ્રીની પધરામણીનો યોગ આવે ત્યારે પ.પૂ. મહારાજશ્રી સિંહાસનમાં રહેલા ઠાકોરજીની આરતી ઉતારે છે. ત્યારે એ સિંહાસનમાં બિરાજમાન સ્વરૂપ હરિમંદિરના સ્વરૂપની તુલ્ય થઈ જાય છે. આપણા સૌની તકલીફ એ છે કે આપણે પ.પૂ. મહારાજશ્રીની



આપણા ઘેર જેટલા ઉત્સાહથી પધરામણી કરાવીએ છીએ, તેટલો ઉત્સાહ ત્યાર પછી ઘેર સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજીની નિત્ય સેવામાં રાખતા નથી. કારણ એ છે કે, મંદિરમાં આપણે ઠાકોરજીને જેટલા પ્રત્યક્ષ માનીએ છીએ, તેટલા પ્રત્યક્ષ આપણા ઘેર માનતા નથી. ઘરના સિંહાસનમાં પણ જો ઠાકોરજીને પ્રત્યક્ષ માનીએ, તો ઘેર પણ ઠાકોરજીની નિત્ય નવી શ્રદ્ધાથી સેવા થઈ શકે છે.

બીજી હરિભક્તોની સામાન્ય બીમારી એવી છે કે ઘેર સિંહાસન નાનું અને દેવ ઝાઝાં ! જો કે આ સમસ્યામાંથી સમજણવાળા એકાંતિક હરિભક્તો બાકાત છે. બાકી તો મોટા ભાગે શ્રીહરિની સાથે અન્ય દેવ હોય, કુળદેવી હોય અથવા શ્રીહરિના અવતાર સ્વરૂપ હોય એવું સામાન્યતઃ જોવા મળતું હોય છે. અને જો આવું કંઈ ન હોય તો બીજી વાત એવી બનતી હોય છે કે ઘણાં હરિભક્તો શ્રીહરિની એક મોટી પ્રતિમા સાથે બીજા શ્રીહરિના નાના સ્વરૂપો એટલા બધા રાખતા હોય છે કે તેનાથી પણ સિંહાસન ખીચોખીચ થઈ જાય છે ! ઠાકોરજીના અચલ સ્વરૂપની સામે થાળ મૂકે, જગ્યા ઓછી પડે, થાળીને થોડી સરખી કરવા જાય એટલે શ્રીહરિના બીજા નાના ચલ સ્વરૂપો જે રાખ્યા હોય તેને થાળી અડે એટલે પડે આડા ! ભક્ત બિચારો ક્ષોભમાં મૂકાય અને સાથે ઠાકોરજીને પણ તકલીફમાં મૂકી દે. નાના સ્વરૂપો દૂર તો કરવા છે પરંતુ મનમાં પાછો વિચારે કે આ નાનું સ્વરૂપ તો વર્ષોથી આપણા સિંહાસનમાં છે. મહાપૂજામાં બેઠા હતા ત્યારે આવેલું મહાપૂજાની પ્રસાદીનું છે. અથવા તો અમૂક સંતના આસને ગયા હતા ત્યારે તે સંતે રાજીપાથી આપ્યું છે, તેને તો સિંહાસનમાં રાખવું જ પડે ને ! ભક્તજનો ! ઘેર સિંહાસનમાં ફિકસ કરેલું ઠાકોરજીનું એકજ અચલ સ્વરૂપ રાખવાનું હોય ! બીજા નાના કે મોટા ચલ સ્વરૂપો જ્યાંથી લાવ્યા હોઈએ તે માત્ર સ્મૃતિ તરીકે શોકેચમાં કે દિવાલ પર રાખીએ અથવા જરૂરિયાત વાળા નવા હરિભક્તોને આપીએ. વિસર્જન મંત્રથી રજા આપવી અથવા કહેવું કે હે મહારાજ ! આપના અનેક સ્વરૂપોથી અમોને સેવા કરવાનું સુખ આવતું નથી. માટે આપ સર્વે અમારા સિંહાસનમાં આપના એક જ સ્વરૂપમાં રહીને અમારી સેવા અંગીકાર કરજો. આપને અમે અમારા ઘેર અન્ય જગ્યાએ આપની સ્મૃતિ રહે તે સારું પધરાવીએ છીએ. આવું કરીએ તોજ સિંહાસન

ચોખ્ખુ રહે, નહિં તો પરિસ્થિતિ એવી થાય છે કે સમયાંતરે ઘણા ભક્તો સિંહાસનમાં ભગવાનની મૂર્તિઓ આગળ પાછળ ઉપરા ઉપરી છેવટે જગ્યા ન રહે તો સિંહાસનની ઉપર પણ મૂકવા લાગે છે. ઠાકોરજીનું સિંહાસન આરાધનાનું કેન્દ્ર છે, તેને સુપર મારકેટ જેવું ન બનાવવું. ક્યારેક વિચાર કરવો કે આટલા બધા ભગવાન સિંહાસન પર કેમ બિરાજે ? કેમ થાળ જમશે ? કેમ પોઢશે ?

બીજા કોઈ અવતાર કે દેવ દેવીના ખંડનની વાત અહીં હરગીજ નથી. પરંતુ આત્યંતિક કલ્યાણ માટે સર્વાવતારી આપણા ઈષ્ટદેવ જેવા છે તેવા ઓળખીને સેવા કરીએ તો સિંહાસનની શોભા વધી જશે. વૃક્ષને થડ પાસે મૂળિયામાં પાણી રેડીએ, એટલે આપો આપ ડાળી પાંદડાને પાણી પહોંચી જાય છે, ડાળી પાંદડા પર આપણે અલગથી પાણી રેડવા જતા નથી ! ઘણાં ભક્તો પોતાના કુળદેવીને સિંહાસનમાંથી કાઢી શકતા જ નથી. અને કાઢ્યા પછી કંઈક દુ:ખ આવે એટલે પાછા શંકા-કુશંકા કરીને ફરી પાછા સિંહાસનમાં ઠાકોરજીની સાથે પધરાવી દે. આવા ભક્તોને ઠાકોરજીનો સંપૂર્ણ નિશ્ચય જ નથી. ભક્તજનો ! આપણે જે દિવસથી ભગવાનના ભક્ત બન્યા તે દિવસથી ભગવાનના પરિવારના બન્યા છીએ. કારણ કે ભગવાનને તો પોતાના ભક્તો એટલા વહાલા છે કે સત્સંગી હરિભક્તોને પોતાના પરિવારના જ માને છે એ નાતે આપણે ભગવાનના કુળના થયા તેથી લક્ષ્મીજી તથા રાધિકાજી આપણા કુળદેવી બન્યા. માટે કોઈ પૂછે તો કહી દેવું કે અમારા કુળદેવી લક્ષ્મીજી અને અમારા બાપ સ્વામિનારાયણ ભગવાન. શ્રીહરિની સેવા કરીએ તેથી લક્ષ્મીજી પણ રાજી જ છે. આપણને આધારભૂત માહિતી પણ નથી હોતી કે આપણે ક્યાં દેવીના કુળના છીએ, વડવાઓએ ચલાવ્યે રાખ્યું એટલે આપણે પણ ચલાવ્યે રાખીએ છીએ. તેના કરતા ઉત્તમ એ જ છે કે ઠાકોરજીમાં જ બધું સમજવું અને ઠાકોરજીના સિંહાસનમાં ઠાકોરજીની સાથે જે બિરાજમાન થઈ શકે તેવા દેવી લક્ષ્મીજી આપણા કુળદેવી !

સિંહાસનમાં આચાર્યશ્રી કે સંતોના ફોટા પણ ન રાખવા. ઘર વિશાળ હોય તો સેવા-પૂજાનો રૂમ અલગ રાખવો. શક્ય હોય તો ભગવાનના સિંહાસન પાસે ટી.વી. રેડિયો કે ઘરની અન્ય વસ્તુઓ ન રાખવી. ઘર નાનું હોય તો સિંહાસન રાખવા માટે રસોડાની કે રૂમની જે દિવાલ અનુકુળ હોય,



જ્યાં સેટીંગ થતું હોય ત્યાં રાખી શકાય. ઘર મંદિરમાં ઠાકોરજીનું મુખ કઈ દિશામાં રાખવું એવો કોઈ ચોક્કસ નિયમ હોતો નથી. મર્યાદા વધારે સચવાય અને થાળ-આરતીમાં વધારે સાનુકુળતા રહે તેવી જગ્યાએ સિંહાસન રાખવું. ઘર મંદિરમાં ગણપતિ તથા હનુમાનજી રાખવા હોય તો ઠાકોરજી કરતા પ્રમાણમાં નાની મૂર્તિ ઠાકોરજીની બાજુમાં ઠાકોરજીથી નીચે રહે તે મુજબ પધરાવવી અથવા સિંહાસનની બહાર બન્ને બાજુ - એક બાજુ ગણપતિ અને એક બાજુ હનુમાનજી એ મુજબ બન્ને દેવ પધરાવવા. મર્યાદા એટલી રાખવી કે થાળ તથા જળ પ્રથમ ઠાકોરજીને નિવેદન કરીને પછી જ પ્રસાદી થાળ ગણપતિ તથા હનુમાનજીને ધરાવવો, કારણ કે તે બન્ને દેવો શ્રીહરિ પાસે સેવાની ભાવનાથી રહે છે.

ઘેર સિંહાસનમાં શ્રીજી મહારાજની સાથે કોઈ સ્વરૂપ પધરાવવું હોય તો શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ પધરાવવું. નરનારાયણદેવ ભરત ખંડના ઉપાસ્ય દેવ છે. તેમજ શ્રીજી મહારાજ અને શ્રી નરનારાયણદેવ એ બન્ને સ્વરૂપોમાં લેશમાત્ર ભેદ નથી. માત્ર સ્વતંત્ર શ્રી નરનારાયણદેવ પધરાવ્યા હોય તો પણ ઉપાસનામાં કોઈ ફેર પડતો નથી. કારણ કે નરનારાયણદેવ સ્વરૂપે સ્વયં શ્રીજી મહારાજ સેવા અંગીકાર કરે છે. **સત્સંગીના ઘરનું ઠાકોરજીનું સિંહાસન સત્સંગીની સમજણ, સત્સંગ, શ્રધ્ધા અને ભક્તિભાવની સ્થિતિ તથા નિશ્ચયનું દર્શન કરાવે છે. સિંહાસન હરિભક્તની ઉપાસનાનું પ્રતિબિંબ પાડે છે.**

સિંહાસનમાં શ્રીહરિનું એક જ સ્વરૂપ રાખવાથી ઠાકોરજીની સેવામાં એકાગ્રતા આવે છે. એક જ મૂર્તિમાં મન સ્થિર રહે છે. સેવા વધારે સુંદર રીતે થાય છે. સમયનો થોડો બચાવ થવાથી મંદિરે ઠાકોરજીના દર્શને પણ જલ્દી પહોંચી શકાય છે. તેમજ સેવામાં વધારે સરળતા રહે છે. વ્યવસ્થિત વિવેક પૂર્વકની સેવાથી શ્રીહરિ આપણા ઉપર વધારે રાજી થાય છે. ભગવાનને પ્રગટ-પ્રત્યક્ષ-સાક્ષાત માનીને ઘરમાં રાખવા અને સેવવા તથા મર્યાદા સાચવવી.

આપણા ભક્તિ ભાવનું મુખ્ય પ્રથમ કેન્દ્ર આપણું ઘર મંદિર અને સેવા છે. તેમાં જેટલી આળસ કે કચાશ રહેશે તેટલી સાધનામાં બરકત આવશે નહિ. આપણા સંપ્રદાયમાં એભલ ખાચર જેવા હરિભક્તોના ઘેર ઘર

મંદિરની સેવા અને ઘર સભામાંથી દાદા ખાચર જેવા મુક્તો મળ્યા છે. જે કાર્યની સિધ્ધિ માટે રાત્રિ દિવસનો પરિશ્રમ હોય તે કાર્યની તત્કાલ સિધ્ધિ ઘર મંદિરના ઠાકોરજીની સાચી શ્રધ્ધા ભાવથી સેવાથી અચૂક મળે છે.

ગૃહસ્થને ઠાકોરજીની સેવા માટે શ્રીજી મહારાજે ઘણું સરળ કરી આપ્યું છે. ઘેર સિંહાસનમાં ચિત્ર પ્રતિમા અને સવારની નિત્ય પૂજામાં પણ ચિત્ર પ્રતિમા. ચિત્ર પ્રતિમાને વસ્ત્ર-અલંકારોની કોઈ જરૂર નહિ. અખંડ ધારણ કરેલું જ હોય છે. શ્રીજી મહારાજે આપણને બધુ બેલેન્સ કરીને આપ્યું છે. વસ્ત્ર-અલંકારોની સેવા કરવાનો જ્યારે ભાવ જાગે ત્યારે મંદિરમાં પૈસા જમા કરાવીએ એટલે મંદિરમાં જ આપણા તરફથી બધી વ્યવસ્થા થઈ જાય અને પૂજારી આપણા તરફથી ઠાકોરજીને વસ્ત્ર-અલંકારો પહેરાવી દે.

ઘર મંદિરમાં ઘરના દરેક સભ્યોની સેવા સહિયારી હોય છે. પરંતુ તે સેવામાં સ્ત્રી સભ્યોનો ભાગ વધારે રહે છે, કારણ કે ઠાકોરજીના થાળની સેવા મુખ્યત્વે સ્ત્રીના ભાગે રહેતી હોય છે. હરિ મંદિરની જેમ જ ઘર મંદિરમાં ઠાકોરજીને જગાડવા, બે ટાઈમ આરતી કરવી, થાળ કરવો, પોઢાડવા વગેરે સેવા પવિત્ર રહીને કરવી. દિવસ દરમિયાન આપણે જે કંઈ રસોઈ બનાવીને જમીએ, ફળો જમીએ તે સઘળું પ્રથમ ઠાકોરજીને ધરાવીને પ્રસાદી તરીકે ગ્રહણ કરવું. રસોઈ કરીએ ત્યારે ઠાકોરજી અર્થે થાળ કરીએ છીએ એવી ભાવના સાથે પવિત્રપણે ઠાકોરજીનું નામ સ્મરણ કરતા કરતા કે કીર્તન ગાતા ગાતા રસોઈ કરીએ. ડુંગળી, લસણ, હીંગ જેવી અભક્ષ્ય વસ્તુ ક્યારેય ઘરમાં રાખવી નહિ. ગાળેલા જળ, તેલ, ઘી થી રસોઈ કરવી, દૂધ ગાળવું. શાકભાજી તથા ફળો ચોખ્ખા પાણીથી ધોઈને જ વાપરવા. શાક સમારતી વખતે ઝીણવટપૂર્વક જોવું. અનાજમાં પણ જીવાત ન પડે તેની કાળજી રાખવી. જરૂરી સમય ઠાકોરજી પાસે થાળ તથા જળ રહેવા દેવું. થાળ લઈને પછી થાળની રોટલી બીજી રોટલી ભેગી મૂકવી, દાળનો વાટકો દાળમાં, શાક શાકમાં તથા ભાત ભાતમાં પધરાવી સઘળી રસોઈ પ્રસાદીની કરવી. ભગવાનની પાણીની માટલી જુદી રાખવી. ભગવાનને ધરાવેલું જળ ઘરના સભ્યો માટેના ગોળામાં માટલામાં કે વાસણમાં પધરાવવું. ઠાકોરજીને બહુ જ ગરમ રસોઈ ન ધરાવવી. ઠાકોરજીની જીભ દાઝે તેટલી દાળ કે કઢી ગરમ હોય તો પ્રથમ થોડી ઠરવા દેવી.



પદ્મ પુરાણમાં કહ્યું છે કે ભગવાનને ધરાવ્યા સિવાય જે જમે છે તે સાત જન્મ સુધી નરકમાં પડે છે. જ્યારે ભગવાનને ધરીને પ્રસાદીનું અન્ન જે જમે છે તેને દશ હજાર યજ્ઞનું પુણ્ય થાય છે. શ્રધ્ધાથી આપેલા પત્ર, પુષ્પ કે જળ ભગવાન સ્વીકારે છે. ભક્તિ વિના ધનના ઢગલાને પણ સ્વીકારતા નથી.

શ્રીહરિની અલૌકિક રીત છે. કોઈને જાણ્યામાં સંપૂર્ણ આવે નહિ. શ્રીહરિ જ્યારે પૃથ્વી પર વર્ણીને રૂપે રહ્યા હતા ત્યારે જાતે રસોઈ બનાવતા. પરંતુ ધામમાં જે દિવ્ય મૂર્તિ શ્રીહરિની છે તે તો ચારે વર્ણના ભક્તો જેવા ભાવે થાળ જમાડે તેવા જમે છે. વર્ણી રૂપે ન જમે. બન્ને સ્વરૂપોની રીત જુદી છે. ઘર મંદિરમાં શ્રીહરિના દિવ્ય સ્વરૂપને ચારે વર્ણના ભક્તો પોતાની ભાવનાથી શ્રીહરિને થાળ જમાડી શકે છે. સ્વરૂપ સામર્થ્ય તો બન્ને સ્વરૂપનું એક જ પણ દેહ વહેવાર જુદો છે.

ઘરમાં નવી વસ્તુ લાવીએ, વસ્ત્રો-અલંકારો લાવીએ તે પ્રથમ ઠાકોરજી સમક્ષ લાવીને પ્રસાદીના કરીને પછી જ તે વસ્તુઓ ઉપયોગમાં લઈએ. **સાંજના નિયમ ચેષ્ટા કરીને પછી જ મહારાજને પોઢાડવા.** નિયમ ચેષ્ટા ના પદો બોલવાનો ટાઈમ ન જ હોય તો છેવટે નિયમ ચેષ્ટા (નત્ય નિયમ)ની કેસેટ ચાલુ કરીને સાંભળતા સાંભળતા ઘરનું બીજું કામ કરીએ. અમૂ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી કહે છે કે, નિત્ય નિયમ ચેષ્ટાના પદો જે બોલે છે, તેને સઘળા શાસ્ત્રો ભણ્યા બરાબર ફળ થાય છે. વહેલી સવારે પ્રભાતિયાની કેસેટ પણ ઘરનું વાતાવરણ મંદિર જેવું બનાવે છે. શિયાળાની ઋતુમાં ગરમ ગોદડી ઓઢાડીને ઘાટો પડદો રાખીને મહારાજને પોઢાડીએ. ગ્રીષ્મ ઋતુમાં જાળી વાળો આછો પડદો રાખીને મહારાજને પોઢાડીએ. બહુ ઠંડી પણ ન હોય અને બહુ ગરમી પણ ન હોય ત્યારે ફક્ત ઘાટો પડદો રાખવો.

ગ્રહણ સમયે ગ્રહણના નિયમો પાળીને તથા રજસ્વલાનો ધર્મ પાળીને પવિત્ર રહીને ઠાકોરજીની સેવા કરીએ. સ્નાન કે હાથપગ ધોવા તે જરૂર મુજબ પવિત્રતા રાખીને થાળ કરવો. રજસ્વલા ધર્મમાં પુરુષ રસોઈ કરતો હોય પરંતુ વાસણ ન ઘસતો હોય તથા જાતે કપડા ન ધોતો હોય તો સવાર સાંજ જ્યારે પૂજા પાઠના અલાયદા વસ્ત્રો પહેર્યા હોય તે સમયે ઠાકોરજીને બે ટાઈમ સાકર તથા દૂધ ધરાવવું, પરંતુ થાળ ન ધરાવવો. થાળ ધરાવે તો ઠાકોરજી પુરતા થોડા વાસણો પુરુષ પોતે માંજીને કોરા કરી તે વાસણમાં

થાળ ધરાવે. દિવસ દરમિયાન થાળ ન ધરાવ્યો હોય તેવા સમયે જ્યારે માનસી પૂજા કરવા બેસે ત્યારે ભેગા સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજીનું પણ સ્મરણ કરીને માનસી સંકલ્પથી જમાડી શકાય. પવિત્રા એકાદશીના દિવસે પવિત્રા ધારણ કરાવે. શ્રધ્ધા હોય તો નિત્ય ફૂલના હાર પહેરાવે. દિવાળીના દિવસોમાં આપણે ખાવા માટે જે મીઠાઈઓ વગેરે આઈટમ બનાવી હોય તે પ્રથમ ઠાકોરજીને અન્નકૂટની ભાવનાથી જમાડે.

બહારગામ જવાનું થાય ત્યારે જળ ધરાવી પડદો રાખી પ્રાર્થના કરવી, હે મહારાજ ! અમારે બહાર ગામ જવાનું થયું છે તો એટલા દિવસો આપ અમદાવાદ નરનારાયણદેવ (જે રૂચિ હોય તે મંદિર) ભેગા થાળ વિગેરે જમવા પધારજો. સૂતક યથા શાસ્ત્ર પાળવું. સૂતકના દિવસોમાં ઠાકોરજીને થાળ ન ધરાવવો. ઘીનો દીપ, આરતી કે અગરબત્તીનો ધૂપ અર્પણ ન કરવું. શક્ય તેટલી બધી સેવા સમયસર કરવી. ઠાકોરજીની યથાયોગ્ય મર્યાદા રાખીએ. દા.ત. ઘરના સભ્યો પરસ્પર ઝઘડા ન કરીએ કે ઉંચા અવાજે ન બોલીએ. અપશબ્દો તો ક્યારેય ન બોલાય. જે ઘરમાં સંપ હોય ત્યાં જ ઠાકોરજી તથા લક્ષ્મીજી રહે છે. તેથી સાસુ-વહુ, પતિ-પત્ની, નણંદ-ભોજાઈ વગેરે ઘરના દરેક સભ્યોએ પરસ્પર સંપ રાખીને ઠાકોરજીની સેવા કરવી. ઝઘડા વાળા ઘરમાં ઠાકોરજીને ગમતું નથી અને લક્ષ્મીજીને પણ ફાવતુ નથી. તેથી બન્ને તે ઘર છોડીને ચાલ્યા જાય છે.

સંપ્રદાયમાં મછિયાવના દરબાર સુરસિંહના માતુશ્રી અને એમના પત્ની વચ્ચેના કલેશ-કુસંપના પરિણામની વાત આપણે સૌ જાણીએ છીએ. બન્ને સત્સંગી હતા. કલેશને કારણે સાસુએ પોતાના પુત્રવધુને પિયર મોકલી દીધેલા. પુત્રવધુ શ્રીજી મહારાજનું વચન માનવા તૈયાર થયા. શ્રીજી મહારાજ આજ્ઞા કરે તો પોતાની સાસુનું ખાસડું મોઢામાં લઈને સાત વખત પગે લાગવા તૈયાર થયા. શ્રીજી મહારાજ રાજી થયા. પરંતુ સુરસિંહજીના માતુશ્રી શ્રીજી મહારાજનું વચન માનવા તૈયાર ન થયા. માજી કહે, ''મહારાજ, તમે મારા ઈષ્ટદેવ છો. પરમાત્મા છો. તમે કહો તો મારું માથુ ઉતારી આપું. પણ એ (પુત્રવધુ) મારા ઘરમાં નહી.'' શ્રીજી મહારાજે ફરીથી સમજાવ્યા. પરંતુ માજીથી મહારાજનું વચન મનાયું નહિ. શ્રીહરિએ સંતોને કહ્યું, ''ચાલો, અહીં આપણા અન્નજળનું નિર્માણ નથી.'' સંતોએ બનાવેલી રસોઈ-રાંધેલું



અનાજ એમને એમ પડી રહ્યું. પાંચસો પરમહંસો આગલા દિવસે એકાદશી ઉપવાસના કારણે ભૂખ્યા હતા. ચોકમાં રાંધેલા અનાજનાં મોટાં પાત્રો ભરેલાં હતાં. છતાં મહારાજ અને સંતો ભૂખ્યા ચાલ્યા ગયા. તો પણ માજી એકના બે ન થયા. પરિણામ એ આવ્યું કે સમય જતાં જ્યાં દોમ દોમ સંપત્તિના ઢગલા હતા, ત્યાં દુઃખદ દારિદ્રપૂર્ણ પરિસ્થિતિ આવી ગઈ.

આપણા સિંહાસનમાં હાલમાં પણ ભગવાન તો પ્રગટ જ છે. આપણા ઘરમાં આજે જો આવા કજીયા ચાલતા હોય તો વિચારવાનું કે ઠાકોરજી આપણો થાળ જમશે કે કેમ ? કારણ કે ભગવાનને કુસંપ ગમતો નથી. માટે સંપ રાખીને ઠાકોરજીની સેવા કરીએ તે પણ એક રીતિ છે. ઘર સિંહાસનમાં કે પૂજાની પેટીમાં ઠાકોરજીની ચિત્ર પ્રતિમાને કંકુના ચાંદલા ન કરવા કે ચંદન ન લગાવવું. બહુ ભાવ હોય તો પુષ્પનો હાર પહેરાવવો કે પુષ્પ ધરાવવા.

ઘર મંદિરમાં સુવાસિની બાએ અગિયાર વર્ષ સુધી ઘનશ્યામ મહારાજની જે ઘણીક સેવા કરી હતી તે સેવા રીતિને આદર્શ માનીને ઠાકોરજીની સેવા કરીએ. મંદિરોમાં મંગળા આરતીનો જે સમય હોય છે તે સમય પહેલા આપણે નિત્ય ઉઠીએ. ઠાકોરજીને જમાડીને પછી જ જમીએ, જળપાન કરાવીને પછી આપણે જળ પાન કરીએ, ઘરમાં આવતી નવી ચીજવસ્તુઓ પ્રથમ ઠાકોરજીને ધરાવીને પછી જ ઉપયોગમાં લઈએ અને ઠાકોરજીને પોઢાડીને પછી જ આપણે પોઢીએ, શક્ય તેટલા સમયસર બન્ને ટાઈમ ઘેર આરતી કરીએ અને નિયમ ચેષ્ટા બોલવાનો ખાસ આગ્રહ રાખીએ. બસ, ઘર મંદિરની સેવા રીતિમાં આટલું કરીશું તો ઠાકોરજી ઘણું માની લેશે.

## વ્યક્તિગત પૂજા :

સવારમાં ત્યાગી-ગૃહી તમામ સત્સંગીજનો પૂજાની પેટી લઈને ઠાકોરજીની પૂજા કરવા બેસી જાય એ છે વ્યક્તિગત પૂજા અથવા ઠાકોરજીનું વ્યક્તિદીઠ મંદિર. જેઓ વૈષ્ણવી દીક્ષાને પામ્યા હોય એવા ચારેય વર્ણો તથા ચારેય આશ્રમો તથા ચારેય વર્ણની સ્ત્રીઓ - આ સર્વેને પૂજા વિધિમાં અધિકારી કહ્યા છે. આપણાં સંપ્રદાયમાં શ્રીહરિની આજ્ઞા મુજબ જે પુરુષો

એ ધર્મવંશી આચાર્યશ્રી થકી વૈષ્ણવી દીક્ષા લીધી હોય - ગુરુમંત્ર લીધો હોય તથા જે સ્ત્રીએ ધર્મવંશી આચાર્યશ્રીના પત્ની (પ.પૂ. ગાદીવાળાશ્રી) થકી ગુરુમંત્ર લીધો હોય તે સર્વેને પૂજામાં અધિકારી કહ્યા છે. શ્રીહરિ કહે છે, તત્કાલ વિજ્ઞાનને પ્રકાશ કરે અને મોહનો નાશ કરે તેનું નામ સત્પુરુષે દીક્ષા કહેલી છે. અને તે દીક્ષા વૈષ્ણવી લેવી. દીક્ષા લીધા સિવાય જીવ પ્રભુની સેવાનો અધિકારી થતો નથી. દીક્ષા લેવાથી તરત જ પાપ ધોવાય છે તથા તે જીવાત્માનો ભગવાન સાથે સંબંધ સ્થાપિત થાય છે. તેથી દોષ રહિત થયેલા અને પોતાની સાથે સંબંધ પામેલા તે જીવાત્માની સેવા-પૂજા ભગવાન પ્રેમથી સ્વીકારે છે.

આમ તો, પ્રતિમા પૂજામાં પ્રતિમા આઠ પ્રકારની કહેલી છે : શિલામયી, કાષ્ઠમયી, ધાતુમયી, લેપ્યા એટલે ચંદનમયી, ચિત્રમયી, વેળુમયી, મણિમયી અને મનોમયી. આ આઠ પ્રકારની પ્રતિમા પૈકી જે પ્રતિમામાં જેને શ્રદ્ધા હોય તે નર તે પ્રતિમાનું યથાપ્રાપ્ત ઉપચારો વડે ભક્તિભાવથી નિષ્કપટ પૂજન કરે. પરંતુ ચિત્ર પ્રતિમા પૂજનમાં ખૂબ સરળતા હોવાથી ગૃહસ્થ માટે તેમજ ત્યાગી માટે સવારની પ્રાતઃ પૂજામાં આપણા સંપ્રદાયમાં ચિત્રપ્રતિમા પૂજવાની પરંપરા સ્વયં શ્રીજી મહારાજે જ શરૂ કરાવેલી છે. ચિત્ર પ્રતિમાની સવારે પૂજા થાય ત્યારે આવાહન થાય, એટલે ભગવાન એ પ્રતિમામાં પધારે. પૂજા કરી લઈએ એટલે વિસર્જન થાય, સ્વસ્થાનં ગચ્છ દેવેશ એ મંત્રથી પરમાત્મા એ સ્વરૂપમાંથી વિદાય લે. પછી એ સ્વરૂપને પેટીમાં પધરાવી દઈએ. આખો દિવસ ઠાકોરજી ન પાણી માગે, ન થાળ માગે, આરતી, વાઘા-વસ્ત્રો વગેરે કોઈ ચિંતા નહિ. એટલે શ્રીજી મહારાજ તથા સંતો કહે છે, દોડધામ કરવા વાળા સંસારી ગૃહસ્થ હરિભક્તોએ, ચિત્ર પ્રતિમા જ પૂજામાં રાખવી. ધાતુ પાષણની મૂર્તિ જો ઘરમાં હોય તો તેની પૂજા વ્યવસ્થા, પવિત્રતા આગવી રીતે જળવાવી જોઈએ. જો ન જળવાય તો દેવનો અપરાધ થાય છે. ગૃહસ્થના ઘરની પરિસ્થિતિમાં ચિત્ર પ્રતિમાની પૂજા અનુકુળ રહે છે.

હરિભક્તોએ મૂળ મંદિરમાંથી જ પૂજાની પેટી ખરીદવી જોઈએ. કારણ કે તે પેટીમાં શ્રીહરિના સ્વરૂપો સંપ્રદાયની પરંપરા માન્ય હોય છે. પેટી મૂળ મંદિરમાં પ્રસાદીની કરાવીને તેમજ ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા પ્રસાદીની કરાવીને પછી શ્રીહરિના તે સ્વરૂપોની નિત્ય પ્રાતઃ પૂજા કરવી. શ્રીહરિના



સ્વરૂપને આચાર્યશ્રીના હસ્તનો સ્પર્શ થાય એટલે શ્રીજી પોતાના વચન દ્વારા (શિ.પ. શ્લો. નં. ૬૨) એમાં પ્રકટ રહે છે. એ સત્તાવાર મૂર્તિ સેવ્યસ્વરૂપ ગણાય છે. સામાન્યતઃ પૂજાની પેટીમાં સહજાનંદ સ્વામીની થાળ જમતી મૂર્તિ, સભાની મૂર્તિ, શ્રી નરનારાયણદેવ, શ્રીહરિના ચરણારવિંદ તથા શિક્ષાપત્રી હોય છે. પરંતુ ઘણા મંદિરોમાં પૂજાની પેટીમાં શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ હોતું નથી. પૂજામાં શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ અવશ્ય રાખવું. કારણ કે. ગ.પ્ર.પ્ર.ના ૪૮ માં વચનામૃતમાં શ્રીહરિએ હરિભક્ત માત્રને અમદાવાદ દેશ હોય કે વડતાલ દેશ હોય - બન્ને દેશના હરિભક્તોએ પ્રાતઃકાળની પૂજા માં નરનારાયણદેવને રાખવાની આજ્ઞા કરેલી છે.

અહીં શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં સભામાં હાજર સર્વે મુનિ તથા દેશ દેશના હરિભક્તોએ શ્રીહરિના આ વચન માથે ચઢાવ્યાં છે. આપણે સર્વે પણ તે પરંપરાના જ સંત હરિભક્તો છીએ. અને ધર્મવંશી આચાર્યશ્રી પણ શ્રીહરિએ સ્થાપેલી પરંપરાના જ આચાર્ય છે. તેઓ શ્રીહરિની જગ્યાએ છે. શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્યશ્રીની પણ તે જ આજ્ઞા છે. તેમાં કોઈ દેશ વિભાગ લાગુ પડતો નથી. વળી શ્રીહરિએ શ્રી નરનારાયણદેવને ભરતખંડના ઉપાસ્ય દેવ કહ્યા છે. જેમ શ્રીહરિ સર્વોપરિ છે, તેમ શ્રીહરિના વચનને પણ સર્વોપરિ માનવું.

બીજુ, જેમ ઘર મંદિરની વાત કરી, તેમ પૂજાની પેટીમાં પણ નિયત કરતા વધારે સ્વરૂપો રાખવાથી પૂજા સમયે બહુ સુખ આવતું નથી. પૂજાના ઠાકોરજીના આસન પર ખીચોખીચ મૂર્તિઓ હોય તો માળા ફેરવતી વખતે આપણી દ્રષ્ટિ તથા મન પણ એક મૂર્તિમાં સ્થિર થઈ શકતું નથી. તેથી પૂજાની પેટીમાં જે સ્વરૂપો હોય તેમાં બહુ ઉમેરો ન કરવો.

ભક્તજનોએ બ્રાહ્મમુહૂર્તમાં અથવા રાત્રિના ચોથા પહોરમાં ઉઠીને શ્રીહરિનું હૃદયમાં એક ઘડી પર્યંત ધ્યાન ધરવું. બ્રાહ્મમુહૂર્તમાં કરેલી નિંદ્રા મનુષ્યના પુણ્યનો નાશ કરે છે. શ્રીહરિના ધ્યાનથી કારણ શરીરની જન્મોજન્મની વાસના બળી જાય છે. શ્રીહરિનું સ્મરણ કરતા થકા પથારી છોડીને શૌચ વિધિ તથા દંતશુદ્ધિ બાદ શ્રીહરિના નામ સ્મરણ સાથે તેમજ પવિત્ર પ્રસાદીના નદી સરોવરના સ્મરણ સાથે તેના નામ બોલતા બોલતા પવિત્ર જળથી સ્નાન કરવું. સ્નાન કર્યા પહેલા જ્યાં શ્રીહરિની પૂજા કરવાની છે તે ભૂમિને કચરા પોતું કરીને સ્વચ્છ કરી દેવી.

સ્નાન કર્યા બાદ ધોયેલું એક ધોતિયું પહેરવું, રેશમી હોય તો ઉત્તમ. તથા એક ઉપવસ્ત્ર ઓઢવું જેને પૂજાનો ખેસ કહેવામાં આવે છે. પૂજા સંબંધી જેટલી પણ વસ્તુ આપણા મંદિરોના સ્ટોરમાંથી મળતી હોય તો ત્યાંથી જ ખરીદવાનો આગ્રહ રાખવો. ખેસ નરનારાયણ સ્વામિનારાયણ ......... ભગવાનના નામો લખેલો મંદિરમાંથી મળે છે. જે ખેસ ઉત્તમ ગણાય છે. પૂજાના વસ્ત્રો તથા આસન સમયાંતરે ધોવાની કાળજી રાખવી તેમજ બીજા વસ્ત્રોથી જુદા જ મૂકવાનો આગ્રહ રાખવો. ત્યાગાશ્રમી સાધુપુરુષો હોય એ તો ફક્ત કોપીન પહેરીને પણ પૂજા કરી શકે છે એને દોષ નથી. સાધુજનો માટે તો યજ્ઞોપવિત એ બીજા વસ્ત્રમાં ગણાય છે.

આપણા સંપ્રદાયની પરંપરા પ્રમાણે સવારની નિત્ય પૂજાની રીત ખૂબ જ સરળ છે. પૂજાની શરૂઆત કરતા પહેલા પૂજામાં ઉપયોગી દરેક વસ્તુ પૂજામાં બેસવાની જગ્યાએ ભેગી કરવી. પ્રથમ આસન પાથરી તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ઊનથી બનાવેલું આસન પૂજામાં બેસવા માટે ઉત્તમ છે. ઉનના આસન ઉપર બેસીને પૂજા પાઠ કરવાથી, મંત્ર જપવાથી મનની ઈચ્છાઓ પૂરી થાય છે. વિવિધ પ્રકારના આસનના અલગ અલગ ગુણ હોય છે. પથ્થર કે લાકડાના આસન પર બેસીને પૂજા ન કરવી. આસન પાથર્યા વગર ધરતી ઉપર બેસીને માળા ફેરવીએ કે પૂજા કરીએ તો મંત્ર સિધ્ધિ થતી નથી. મંદિરમાં સ્થાપિત દેવ હોય એ મૂર્તિની સમક્ષ પૂજા કરવા બેસીએ તો દિશા જોવાની કોઈ જરૂર નહી. પૂર્વ દિશા પ્રગતિની દિશા છે. પશ્ચિમ દિશા અધોગતિની દિશા છે. ઉત્તર દિશા દેવની દિશા ગણાય છે. દક્ષિણ દિશા અસુરોની-રાક્ષસોની દિશા ગણાય છે.

આચમન કરવામાં પોતાના જમણા હાથને ગોકર્ણની જેમ બનાવવો એટલે કે મધ્ય આંગળીના મધ્ય ટેરવા પાસે અંગૂઠો લાવવો. હથેળીના ભાગમાં અડદનો દાણો ડૂબે તેટલું ત્રણ વાર જળ લઈ શ્રીહરિના આચમન વિધિના મંત્રો બોલીને આચમન કરવું. ત્રણ વખત જળનું પ્રાશન કરવું જેનાથી આભ્યંતર શુદ્ધિ થાય છે. પછી તિલક ચાંદલાનો વિધિ કરવો. શ્રીહરિની સ્તુતિ સહમંત્રો બોલીને અતિ સુંદર શોભે એવો તિલક અને ચાંદલો લલાટમાં, હૃદયમાં તથા બે બાહુમાં ધારણ કરવો. હૃદયમાં તથા બાહુ પર કંકુનો ચાંદલો ન કરવો, પરંતુ ચંદનનો જ ચાંદલો કરવો. સુવાસિની સ્ત્રીએ



પોતાના ભાલને વિશે કુંકુમનો ચાંદલો કરવો. પરંતુ વિધવા સ્ત્રીએ ન કરવો. ચંદન તથા કંકુ ભગવાનની પ્રસાદીનું હોય તેના વડે જ તિલક ચાંદલો કરવો. તિલક કર્યા વિના મનુષ્યને કોઈપણ સત્કર્મ કરવાનો અધિકાર નથી. નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એમ ત્રણે પ્રકારના કર્મ ઉર્ધ્વ તિલક વિનાના કરે તો તે સર્વ નિષ્ફળ થાય છે. બ્રહ્મચારીઓને કંઠપ્રદેશમાં એક વધારે તિલક કરવાનું હોય છે. તિલક ચાંદલો કરીને ઘર મંદિરમાં સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજીની આરતી જો બાકી હોય તો પ્રથમ તે આરતી કરી લેવી. પછી આસન પર બેસીને સવારની માનસી પૂજા કરવી.

પૂજા સ્વરૂપોને બેવડા આસન પર પધરાવી ઘંટડીનો નાદ કરી મનોમન આવાહ્‌ન મંત્ર બોલી ગદ્‌ગદ્‌ કંઠે પ્રભુનું આવાહન કરવું. ભણેલા ન હોય તેવા ભક્તએ તો પોતાની આગવી રીતે મહારાજને મૂર્તિમાં આવાહ્‌ન કરવા પ્રાર્થના કરવી. મહારાજને ચરણ સ્પર્શ કરી, રેશમી અથવા મખમલના વસ્ત્રના ટૂકડાથી માર્જન કરવું. ધૂપ-દીપ, સુગંધી પુષ્પ યથા શક્તિ તથા શ્રધ્ધા પ્રમાણે અર્પણ કરી સાકર તથા જળ ધરાવવું. શાસ્ત્રોમાં સાકરને સંપૂર્ણ ભોજન તુલ્ય નૈવેદ્ય કહ્યું છે. સાકરને બદલે ખાંડ ન ધરાવવી. સાકરમાં યથાશક્તિ સુકોમેવો ઉમેરી શકાય. ચિત્રપ્રતિમાને કોઈ દિવસ ચંદન કે કંકુ લગાડવું નહિ. ચિત્ર પ્રતિમાને ફૂલ તથા ચોખા સિવાય કોઈ ઉપચાર અર્પણ કરાય નહિ. ચિત્ર પ્રતિમાની ષોડશોપચાર પૂજામાં પણ ચંદન, કંકુ, અબીલ, ગુલાલના નામ આવે ત્યારે એના બદલે ચોખા અથવા ફૂલ અર્પણ કરવાના હોય છે. શ્રીહરિનું આદર થકી દર્શન કરીને ‘સ્વામિનારાયણ’ નામ મંત્રની એકાગ્ર મને કરીને પાંચ માળા ફેરવવી. સમય શ્રદ્ધા હોય તો પાંચથી વધુ પણ ફેરવી શકાય. માળા કરવાથી શ્રીહરિનું નામ મંત્ર વડે પૂજન થાય છે. તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી માળા અથવા શ્રીહરિના પ્રસાદીના વૃક્ષના લાકડામાંથી બનાવેલી માળા સર્વોત્તમ ગણાય છે. માળા શાંતિથી, સ્વસ્થતાથી તથા શ્રીહરિની મૂર્તિમાં ચિત્ત રાખીને ફેરવવી. માનસિક જપ ઉત્તમ છે. માળા હમેશા ગૌમુખી અથવા ઉત્તરીય વસ્ત્રમાં રાખીને ફેરવવી. માળા ફેરવતા મેરુ આવે ત્યારે માળા ઉલટાવી નાખવી, મેરુનું ઉલ્લંઘન કરવું નહિ. મધ્ય આંગળીના મધ્ય પર્વ ઉપર અંગૂઠાના અગ્રભાગથી એક એક મણકો ફેરવતા જઈને પ્રથમ આંગળીને માળાનો સ્પર્શ ન થાય એ રીતે માળા ફેરવવી. માળા

ફેરવી લીધા પછી શ્રીહરિને દંડવત્ કરવા. પછી આસન પર બેસીને પ.પૂ. ધર્મવંશી આચાર્યશ્રીએ કાનમાં કહેલા ગુરુમંત્ર, શ્રીકૃષ્ણ અષ્ટાક્ષર મંત્રની ઓછામાં ઓછી એક માળા ફેરવવી. ત્યારબાદ પૂજામાં કોઈ અપરાધ થયો હોય તો તેની ક્ષમાયાચના માટે શ્રીહરિને ઉચ્ચ સ્વરે પ્રાર્થના કરવી. પછી ગ.પ્ર.પ્ર. ૪૮ માં શ્રીહરિએ આપણને શીખવાડ્યા મુજબ શ્રીહરિ તથા નરનારાયણદેવ પાસે માંગણી કરવી. પછી શ્રીહરિના ચરણાર્વિંદનો સ્પર્શ કરી વિસર્જન મંત્ર બોલવો. પછી શિક્ષાપત્રીના ઓછામાં ઓછા ૧૦ શ્લોક દરરોજ વાંચવા. પૂજા દરમિયાન કોઈની સાથે વાતચીત કરવી નહી.

પરમાત્મા સર્વવ્યાપી છે. શ્રીહરિના ચલ અને અચલ બન્ને સ્વરૂપ શાસ્ત્ર પ્રમાણ છે. ચલ સ્વરૂપમાં આપણે આવાહ્ન કરીએ એટલે પરમાત્મા પોતાની યોગ કળાથી ક્ષણવારમાં મૂર્તિમાં પધારે છે. અને વિસર્જન મંત્ર બોલીએ એટલે ક્ષણવારમાં સ્વસ્થાને પધારે છે. શ્રીહરિ એક સાથે અગણિત ભક્તોની સેવા અંગીકાર કરે છે. પૂજા કર્યા વિના કંઈ ખાવુ-પીવું નહિ તેમજ પૂજા કર્યા પહેલા છાપું વાંચવું નહિ તથા ટી.વી. જોવું નહિ. જગતની જંજાળમાં ગયા પછી પૂજામાં મન સ્થિર રહેતું નથી. શક્ય તેટલી વહેલી સવારે પૂજા કરી લેવી.

સૂતક દરમિયાન શાસ્ત્રના નિયમ મુજબ પ્રત્યક્ષ પૂજા ન કરવી, થાળ ન કરવો. દીવો આગરબત્તી ન કરવું. તિલક-ચાંદલો, માનસી પૂજા તથા માળા કરવી. માનસી સંકલ્પ ભાવ વડે કરીને પૂજાની પેટીમાં રહેલા શ્રીહરિને સાકરનો થાળ તથા જળ ધરાવવું અથવા તેટલા દિવસ અન્ય ભક્તને પૂજાની પેટી નિત્ય પૂજન માટે આપવી. આપણે માળા કરતી વખતે હૃદયમાં શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરવું.

સ્ત્રી રજસ્વલા હોય ત્યારે ચાર દિવસ પ્રત્યક્ષ પૂજા તથા માળા પણ ન કરે. તે સ્ત્રીની પૂજા પેટીમાં રહેલા શ્રીહરિની પૂજા ઘરના અન્ય સભ્ય કરે. આચમન કરતાં બાકી રહેલા જળથી કે પગથી ઓળંગેલા જળ વડે શ્રીહરિની પૂજા ન કરવી. પૂજાના ઉપહારો ન મળે તો મંત્ર માત્રથી પૂજન કરવું. પૂજા કરતી વખતે આમ તેમ જોવું નહિ તથા ક્રોધ કરવો નહિ. સવારના નિત્યકર્મમાં શ્રીહરિની આવી રીતે પ્રત્યક્ષ પૂજા કર્યા પછી જ વ્યવહારિક કામકાજ કરવું તે મનુષ્ય માત્રનો વેદોક્ત ધર્મ છે.



અંબરીષ રાજાની પેઠે જે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય, જેમણે પોતાનું આખુંય જીવન પરમાત્મામય કરી નાંખ્યું હોય તેવા ભક્તો ધાતુની કે પાષણની મૂર્તિ રાખી શકે છે. તે મૂર્તિ પણ ઘરની અંદર પૂજામાં રાખવી હોય તો નાનામાં નાની અંગૂઠા જેવડી અને મોટામાં મોટી વેંત જેવડી રાખવી. આવો ભક્ત હોય તે અંબરિષ રાજાની પેઠે ઠાકોરજીની પ્રતિમાની સેવા-પૂજા જાતે કરે, પૂજાના ઉપચારો તૈયાર કરવામાં પણ નોકરની મદદ ન લે તે ઉત્તમ છે. આવો ભક્ત શાંતિથી પોતાની ભાવના પ્રમાણે ભગવાનની રત્ન, આભૂષણ આદિ ષોડશોપચાર વડે વિધિસર પૂજા કરે. પૂજા કરી રહ્યા પછી સ્તોત્ર અથવા ગ્રંથ તેનો યથાશક્તિ પાઠ કરી અથવા નામ કીર્તન કરી શ્રીહરિને નૈવેદ્ય ધરીને પછી પ્રસાદી અન્ન જમે.

પૂજાની પેટી અપૂજ રહેવા દેવી નહિ. બહારગામ જઈએ તો પૂજાની પેટી પ્રથમ ! જેવી રીતે પ્રત્યક્ષ પૂજામાં ભાવ છે તેવી રીતે દિવસમાં પાંચ વાર ઠાકોરજીની શ્રદ્ધા અને ભાવથી માનસી પૂજા પણ કરીએ. દિવસમાં ઠાકોરજીની પાંચ વાર માનસી પૂજા કરનાર ભક્ત શ્રેષ્ઠ છે. માનસી પૂજામાં કોઈપણ પદાર્થની જરૂર પડતી નથી. માત્ર ભાવપૂર્વક સંકલ્પ કરીએ એટલે એ ભાવ પરમાત્મા પ્રત્યક્ષ પદાર્થની ભાવનાથી સ્વીકારે છે. અગત્રાઈના પર્વતભાઈની બપોરની માનસીપૂજા આપણા સંપ્રદાયમાં આદર્શરૂપ છે. માનસીપૂજા માનસિક સંકલ્પથી જ થતી હોવા છતા ભક્તની ભાવના સાચી હોય તો પરમાત્મા તે સાચી રીતે સ્વીકારી લે છે. માનસીપૂજામાં મન વડે કલ્પેલા વિવિધ સ્નાનાદિ ઉપચારો વડે પ્રત્યક્ષ શ્રીહરિ કે તેમની પ્રતિમાની પૂજા કર્યાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. સત્સંગિભૂષણ ગ્રંથમાં તૃતીય અંશના ૪૭ માં અધ્યાયમાં તથા ગ. અંત્યના ૨૩ માં વચનામૃતમાં શ્રીહરિએ શિયાળો, ઉનાળો અને ચોમાસું એમ ત્રણે ઋતુમાં માનસી પૂજા કરવાની રીત શીખવાડી છે. તેવી રીતે ઋતુ પ્રમાણે વિવેક રાખીને ઠાકોરજીની સેવા-પૂજા કરવી.

ઠાકોરજીની સેવા શ્રીહરિની ઈચ્છા પ્રમાણે-શ્રીહરિના કહેવા પ્રમાણે, તેમની રૂચી પ્રમાણે તેમજ ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી. ઠાકોરજીની ઈચ્છા તેમના જ અપર સ્વરૂપ અને આપણા સૌના ગુરૂ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્યશ્રી ખૂબ સારી રીતે જાણતા હોય છે. તેથી તેઓશ્રી દ્વારા પ્રતિષ્ઠિત ઠાકોરજીની તેઓશ્રીની આજ્ઞા મુજબ સેવા કરવી. તેઓશ્રીની આજ્ઞામાં

રહીને ઠાકોરજીની સેવા કરવી કે સત્સંગની સેવા કરવી તે જ આપણા સૌનું મુખ્ય કર્તવ્ય છે. સત્સંગમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર એમ ચાર સ્વરૂપે શ્રીહરિ પ્રગટ રહ્યા છે. તેથી જેમ દેવની સેવા મહિમાથી કરીએ તેમ આચાર્યશ્રી, સંતો અને શાસ્ત્રોની પણ સેવા-પૂજા સંપ્રદાયની પ્રણાલિકા અને રીતિ મુજબ કરીએ.

શિક્ષાપત્રીની આજ્ઞાનુ પાલન એટલે શ્રીહરિની આજ્ઞાનું પાલન અને શ્રીહરિની આજ્ઞાનું પાલન એટલે શ્રીહરિની સેવા કર્યા બરાબર ગણાય. કોઈ માણસના ગમતામાં રહીએ તો તે માણસની સેવા કર્યા જેવું ગણાય. તેથી શિક્ષાપત્રીમાં શ્રીહરિએ કરેલી આજ્ઞા મુજબ માતા, પિતા, ગુરુ અને રોગીની યથેચ્છ સેવા કરવી. માતા, પિતા તથા આચાર્યશ્રી એ ત્રણની સેવાને મોટું તપ કહેલું છે. એ ત્રણે જો રાજી રહે તો સર્વે તપ સમાપ્ત થઈ જાય છે. વૃદ્ધ માતા પિતા, સતી સ્ત્રી, નાનો પુત્ર, ગુરૂ, બ્રાહ્મણ તથા શરણે આવેલાનું જે મનુષ્ય બળવાન છતાં પોષણ નથી કરતો તે જીવતા સતા જ મુએલો છે. રોગ, અગ્નિ તથા શસ્ત્ર વગેરેથી પીડાએલા મનુષ્યોની દરરોજ દયા વડે, શક્તિ મુજબ ઔષધ, અન્ન તથા જળ વગેરેથી સેવા કરવી. થાકેલાને ઉંચકી જવો, રોગીની સેવા કરવી, દેવનું પૂજન કરવું, બ્રાહ્મણના પગ ધોવા તથા ઉચ્છિષ્ટને સાફ કરવું એટલા વાના ગૌદાનની બરાબર છે.

પૈસાથી સેવા કરવી તેના કરતા પણ પ્રત્યક્ષ શરીરથી અને મનથી સેવા કરવી તે ઉત્તમ ગણાય છે. મંદિરમાં ઠાકોરજીને થાળ લખાવનાર કરતા પણ તે પૈસામાંથી થાળ બનાવીને પરમાત્માને પ્રેમથી જમાડનાર પોતાના પૂજારી પર ઠાકોરજી વિશેષ રાજી થાય છે. બીજા પાસે સેવા કરાવવી એટલે કે પોતાની સત્તાથી કે માન મોટાઈથી બીજાને સેવા કરવાનો હુકમ કરવો તેના કરતા સ્વયં પોતે સેવામાં જોડાવું તે ઉત્તમ છે.

નારદજી દાસીના પુત્ર હતા. તેઓ જે શેઠના ઘેર રહેતા હતા ત્યાં ચાર સાધુઓ ચાતુર્માસ પર્યંત રોકાયા હતા. તે સાધુઓને ભોજન આદિકની સંભાવના શેઠ તરફથી થતી હતી. નારદજીને તેની માતાએ સાધુઓની પ્રેમથી સેવા કરવાની આજ્ઞા કરી હતી. તેથી તે સાધુઓની પ્રત્યક્ષ સેવા નારદજી પોતાના શરીરથી તથા મનથી ખૂબ પ્રેમથી કરતા હતા. સાધુઓને કોઈ જાતની તકલીફ પડવા દેતા નહોતા. સાધુઓની પ્રસન્નતાથી નારદજીને મંત્ર



મળ્યો, તેઓના આશીર્વાદથી નારદજીને ભગવાન સાથે ખૂબ પ્રેમ થયો, અખંડ ભગવાન ભજ્યા અને ભગવાન સાથે પોતે કરેલી એકતાથી નારદજી ભગવાનનું મન કહેવાયા. બીજી બાજુ જે શેઠના ઘેર સંતો રોકાયા હતા તે શેઠને તો આજે કોઈ જાણતું પણ નથી. તેથી ઠાકોરજીની, આચાર્યશ્રીની સંતોની, માતા-પિતા કે રોગીની પ્રત્યક્ષ પોતાના હાથે જેટલી સેવા થાય તેટલી સેવા ઉત્તમ ગણાય છે.

સેવામાં આપણું મન ન લાગતું હોય તો સમજવું કે આપણે હજુ સુધી શ્રીહરિનો મહિમા પૂરો સમજ્યા નથી, તેમને સંપૂર્ણ ઓળખ્યા નથી. શ્રધ્ધા ઓછી પડે છે, શ્રીહરિની મૂર્તિને વિષે સાચો પ્રેમ પ્રગટ થયો નથી, શ્રીહરિનો નિશ્ચય પુરો થયો નથી. શ્રીહરિની મૂર્તિને વિષે પ્રગટ કે પ્રત્યક્ષ ભાવ ન રહેતા પાષાણ - ધાતુ કે ચિત્રની બુદ્ધિ રહે છે. લૌકિક ભોગો ભોગવવાની તૃષ્ણા રહે છે વગેરે અનેક કારણોથી ઠાકોરજીની સેવામાં મન લાગતુ નથી. જે તે દોષને અભ્યાસથી તથા શ્રીહરિના બળથી દૂર કરીને શ્રીહરિની સેવા પ્રીતિ પૂર્વક કરવી એ જ જીવનની સાર્થકતા છે.

શ્રી ઠાકોરજીની સેવા રીતિમાં શ્રીહરિના છઠ્ઠા વંશજ શ્રીનરનારાયણદેવ પીઠ સ્થાનના છઠ્ઠા આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઘણી **High Light** આપેલી છે, જે આ ગ્રંથમાં ખાસ કરીને ઘાટા અક્ષરે લખેલ છે. તે વચનોનું ચિંતન કરી સેવા-પૂજામાં તે વચનનો ત્વરિત અમલ કરી શ્રીહરિ તથા આચાર્યશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

## ગ્રંથ માહાત્મ્ય નિરૂપણ :

શ્રી ઠાકોરજીની સેવા રીતિનો આ ગ્રથ જે ભક્તજનો પ્રેમથી વાંચશે, તેનું મનન કરશે તેને ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ઠાકોરજી પ્રત્યે ખૂબ પ્રીતિ થશે. પ્રીતિથી ઠાકોરજીની સેવા-પૂજામાં પ્રેમ તથા ભાવની વૃદ્ધિ થશે. સેવા-પૂજામાં વિવેક આવશે તથા મન એકાગ્ર થશે. તેમજ સેવા-પૂજાના ફળ સ્વરૂપે આ લોકના દુઃખો શમી જશે અને અંતે શ્રીહરિના અક્ષરધામને પામીને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અખંડ દિવ્ય સેવામાં રહેશે.